માર્ચ, ૨૦૨૦/પૃષ્ઠ ૫૨/કિંમત ₹ ૧૦

# લોકરાજ્ય



## સ્ત્રીથી
## સુપર વુમન

# શિવજન્મોત્સવ



શહેનાઈના સૂર, તૂતારીની ગગનભેદી ગર્જના, ઢોલ-તાશાના તાલ, લહેરાતા પતાકા, 'જય ભવાની, જય શિવાજી, છત્રપતિ શિવાજી મહારાજ કી જય'ના ઘોષ અને આનંદદાયી વાતાવરણ વચ્ચે મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની ઉપસ્થિતિમાં શિવજન્મોત્સવ સમારોહ શિવનેરી કિલ્લા પર ભારે ઉત્સાહ સાથે ઊજવવામાં આવ્યો હતો.

# અનુક્રમ

## ‘તેનું’ સક્ષમીકરણ .........૬

સમાજને સક્ષમ બનાવવો હશે તો સમાજની મહિલાઓનું સશક્તિકરણ થવું આવશ્યક છે. રાજ્ય સરકાર મહિલાઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ છે. મહિલાઓમાંની સાહસિકતાને પ્રોત્સાહન આપી એમની ઉન્નતિ સાધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મહિલાઓની સમસ્યાઓ ઉકેલવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.





## પ્રેરણાનો આદર્શ! .........૧૫

મહિલાઓએ દરેક ક્ષેત્રે ઊંચી ઉડાણ ભરવી એ માટે સરકાર પ્રયત્ન કરે જ છે, પરંતુ ઉડાણ ભરવાની ઈચ્છા કેટલીક મહિલાઓમાં જન્મજાત જ હોય છે. કેટલીક જીદ અને મહેનતના જોર પર પોતાની ઓળખ ઊભી કરી સામાન્ય મહિલાઓ સામે એક આદર્શ નિર્માણ કરે છે.

## હક્ક અને અધિકાર .........૨૪

મહિલાઓને કાયદા વિશેની જાણકારી મળે તથા એમની જાગૃતિ માટે સરકાર, વિવિધ સામાજિક સંગઠનો અથાગ કાર્ય કરે છે, છતાં મહિલાઓને એમના હક્ક અને અધિકાર મેળવી આપવા માટે સમાજે પોતે આગળ આવવાની જરૂર છે.



## ઈન્ટરનેટ પર રહો સાવચેત ......... ૨૮

ઈન્ટરનેટ અર્થાત્ મહાજાળ પર અસામાજિક તત્ત્વો પોતાની વિકૃતિઓ સાથે વિચરતાં હોય છે. આ માધ્યમનો ઉપયોગ કરી મહિલાઓનું શોષણ કરનારા સાઈબર ગુનાઓનો વધેલો વ્યાપ ગભરાવી મૂકે એવો વ્યાપિ ગયો છે. આથી વધુ ને વધુ જાગરૂકતા સાથે આ માધ્યમનો ઉપયોગ કરવાનું આવશ્યક બન્યું છે.



## મહારાષ્ટ્રનું અભિમાન–રાયગઢ ......... ૪૮

છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકનો સાક્ષીદાર રાયગઢ આજે પણ મહારાષ્ટ્રના દૈદીપ્યમાન ઈતિહાસની જુબાની આપે છે. રાયગઢ કેવળ ગઢ નહીં તો એ મહારાષ્ટ્રની અસ્મિતા અને અભિમાનનું પ્રતીક છે. શિવાજીના સમયમાં અનેક ચડતી-પડતી અનુભવનારો, બાંધકામનો સુંદર નમૂનાવાળો આ ગઢ શિવપ્રેમી, ડુંગરપ્રેમી માટે તીર્થસ્થળ જ છે.




| | |
|---|---|
| ‘તેનું’ સક્ષમીકરણ | ૬ |
| શિક્ષણ, સંસ્કૃતિ અને સંસ્કાર | ૧૦ |
| નિરાધારને આધાર | ૧૨ |
| સક્ષમ માતા, તંદુરસ્ત બાળક | ૧૩ |
| અલ્પસંખ્યાંક મહિલાઓની ઉન્નતિ | ૧૪ |
| પ્રેરણાનો આદર્શ! | ૧૫ |
| મહિલાઓના વિકાસમાં અગ્રેસર | ૧૮ |
| કૌશલ્યને મળી નવી પાંખ | ૨૨ |
| હક્ક અને અધિકાર | ૨૪ |
| ઈન્ટરનેટ પર રહો સાવચેત | ૨૮ |
| દિલ્હીમાં મરાઠી નારીશક્તિ | ૩૦ |
| જિદ્દને યશ મળ્યો | ૩૨ |
| ખેડૂતોના હિત માટે | ૩૪ |
| પ્રધાનમંડળમાં નક્કી થયું | ૩૬ |
| એક નજર | ૩૯ |
| કુટુંબ પ્રમુખનું સુખદ દર્શન | ૪૪ |
| કોંકણ સહિત નવું મહારાષ્ટ્ર ઘડીએ | ૪૬ |
| મહારાષ્ટ્રનું અભિમાનઃ રાયગઢ | ૪૮ |
| કરજ પૂરું થયું, હવે દીકરીનાં લગ્નમાં પધારો | ૫૦ |

વર્ષ-૩ | અંક-૮ | માર્ચ, ૨૦૨૦

માહિતી અને જનસંપર્ક
મહાસંચાલનાલય મહારાષ્ટ્ર સરકાર

લોકરાજ્ય

સંપાદન

■ મુખ્ય સંપાદક — ડૉ. દિલીપ પાંઢરપટ્ટે
■ સંપાદક મંડળ — અજય અંબેકર, સુરેશ વાંદિલે
■ સંપાદક — અનિલ આલૂરકર
■ ઉપ સંપાદક — પ્રવીણ કુલકર્ણી, ગજાનન પાટીલ, રાજારામ દેવકર

વિતરણ અને ડિઝાઈન

■ વિતરણ — મંગેશ વરકડ, અશ્વિની પૂજારી
■ સહાય — ભારતી વાઘ
■ મુખપૃષ્ઠ — સીમા રનાળકર, સુશિમ કાંબળે
■ મુદ્રક — વૃષાલી પ્રિન્ટર્સ, જ્યોતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નૂરીબાબા દરગાહ રોડ, થાણે (પ.) 400601

ગુલ બુટે ટીમ

સંપાદક — ફારુક સય્યદ
સહાયક સંપાદક — રમેશ કુમાર મિશ્ર

સરનામું

માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય,
ન્યુ ઍડ્મિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગ, ૧૭મા માળે, મંત્રાલયની
સામે, હુતાત્મા રાજગુરુ ચોક, મુંબઈ - ૪૦૦૦૩૨.
email:lokrajya.dgipr@maharashtra.gov.in

લવાજમ અને ફરિયાદ

લવાજમદાર અને ફરિયાદ નિવારણ: ૯૩૭૨૨૩૦૩૨૦
(સવારે ૧૦.૩૦થી ૫.૩૦ ઑફિસ ટાઈમ દરમિયાન)

www.twitter.com/MahaDGIPR
www.facebook.com/dgipr
Youtube/MaharashtraDGIPR
Visit us on ww.mahanews.gov.in
Blog/maharashtradgpr

Please visit the website
http://dgipr.maharashtra.gov.in
Directorate General of Information and
Public Relations A Government of
Maharashtra Production.

આ અંકમાં વ્યક્ત કરવામાં આવેલા મત સાથે સરકાર સહમત હોય એવું નથી.

# 'ગો ગર્લ ગો'

**ક્રીડા** સંસ્કૃતિ જળવાઈ રહે, સ્પર્ધાને પ્રોત્સાહન મળે અને વ્યાયામ થાય તથા સ્વસ્થ રહે એ ઉદ્દેશથી કેન્દ્ર સરકારે 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ' ઉપક્રમની શરૂઆત ૨૯ ઓગસ્ટ, ૨૦૧૯થી કરી. એ અંતર્ગત રાજ્ય સરકારે 'ગો ગર્લ ગો' ઉપક્રમનો પ્રારંભ કર્યો. 'બેટી બચાઓ, બેટી પઢાઓ, બેટી ખિલાવો' એ સૂત્ર અપનાવી રાજ્ય સરકારે છોકરીઓનાં સ્વાસ્થ્ય માટે જનજાગૃતિ કાર્યક્રમ શરૂ કર્યો. છોકરીઓને વધુમાં વધુ રમતગમતની સગવડ, ખુલ્લું વાતાવરણ અને કૌશલ્ય વિકસિત કરવાની તક આપવાનો આ ઉપક્રમનો હેતુ છે. આમાં ૬થી ૧૮ વર્ષની વયની છોકરીઓને સ્વચ્છતા, પોષણ, યોગ્ય આદતો અને આરોગ્ય બાબત માહિતી આપવામાં આવે છે. આમ નીરોગી કુટુંબનો પાયો નાખવાનું લક્ષ્ય પૂરું થશે.

રાજ્યની ક્રીડા સંસ્કૃતિ સમૃદ્ધ કરવા અને એમાંથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડી તૈયાર થાય એ માટે રાજ્ય સરકાર યોજના તૈયાર કરે છે. તાજેતરમાં જ ગુવાહાટીમાં યોજાયેલા 'ખેલો ઈન્ડિયા' સ્પર્ધામાં મહારાષ્ટ્રના યુવા ખેલાડીઓએ અનેક સ્પર્ધામાં જીત મેળવી સરકારની આ યોજના સફળ થઈ હોવાનું પુરવાર કર્યું. આનો હવે પછીના તબક્કામાં છોકરીઓની તંદુરસ્તી વધે, એમની રમતગમત પ્રત્યેની રુચિ વધે અને એમાંથી ભવિષ્યમાં નવા ખેલાડી તૈયાર થાય એ માટે 'ગો ગર્લ ગો'નો અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજનાનો અમલ રાજ્યભરમાં કરવામાં



આવી રહ્યો હોવા છતાં એ મુખ્ય રીતે ગ્રામીણ અને રાજ્યના દુર્ગમથી દુર્ગમ ભાગની છોકરીઓ સુધી ક્રીડા સંસ્કૃતિ પહોંચે અને એમાંથી નવા ખેલાડી નિર્માણ થાય એ ઉદ્દેશ છે. આને લીધે રાજ્યમાં એક નવી ક્રીડા સંસ્કૃતિનુ નિર્માણ થવાને યશ મળશે. રાજ્ય સરકાર છોકરીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ છે. એમની માનસિક અને શારીરિક વૃદ્ધિ યોગ્ય રીતે થાય એ માટે વિવિધ ક્રીડા સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ નિમિત્તે રાજ્યની એક કરોડ ચાર લાખ છોકરીઓ આ સ્પર્ધામાં ભાગ લેવાની છે. આમ એક નવી ક્રીડા સંસ્કૃતિનો ઉદય થશે.

# સન્માન, તક અને અધિકારોનું રક્ષણ



**ઍડ. યશોમતી ઠાકુર (સોનાવણે)**
પ્રધાન, મહિલા અને બાલવિકાસ

**જે સમાજમાં** મહિલાઓનું સન્માન થાય છે એ સમાજને સબળ અને સ્વસ્થ જ માનવો જોઈએ. ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણ દ્વારા જ મહિલાઓને સમાન હક્ક અને અધિકાર પ્રદાન કર્યા છે. ભારતીય મહિલાઓના હક્કોના રક્ષણ હેતુ અને એમની સુરક્ષા કાજે વખતોવખત ધારાસભાએ કાયદાઓ ઘડ્યા હોવા છતાંય એક સમાજ તરીકે મહિલાઓના હક્કોનું અને અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી તમામ પર છે. રાજ્યના મહિલા અને બાલવિકાસપ્રધાન તરીકે મહિલાનું સક્ષમીકરણ તરફ મારું ધ્યાન છે. આ વિભાગની વિવિધ યોજના સમાજના છેલ્લા વર્ગ સુધી પહોંચાડીને એ દ્વારા મહિલાનો સર્વાંગી વિકાસ સાધવાની અમારી પ્રાથમિકતા છે. આમ મહિલા દરેક મોરચે આગળ છે. દસમા અને બારમાનું પરિણામ જોશો તો સૌથી વધુ ગુણ મેળવીને છોકરીઓ આગળ આવતી હોય છે. સર્વોચ્ચ ન્યાયાલયના હાલના ચુકાદા પ્રમાણે હવે સૈન્યદળમાં મહિલા અધિકારીઓને કાયમી કમિશન મળવાનો માર્ગ ખૂલી ગયો છે.



તક મળતાં જ રાજકારણ, શિક્ષણ, વિજ્ઞાન, આરોગ્ય, ક્રીડા જેવાં વિવિધ ક્ષેત્રોમાં સર્વોત્તમ કામગીરી કરી મહિલાઓએ પોતાનું શ્રેષ્ઠત્વ સિદ્ધ કર્યું છે. એક બાજુ, પ્રગતિનાં નવાં શિખરો સર કરતી સ્ત્રીઓ દેખાય છે તો બીજી બાજુ, એમની દશા અતિ ચિંતા કરવા જેવી છે. મહિલાઓ પર થતા અત્યાચારો, એમને એમના હક્કોથી વંચિત રાખવાની મનોવૃત્તિ અને એમની લૈંગિક અને શારીરિક હેરાનગતિ અતિ કમનસીબી છે. સરકાર અનેક સ્તરે મહિલાઓની સુરક્ષાનું ધ્યાન રાખે છે. મહિલાઓના કામના સ્થળે કોઈ પણ લૈંગિક હેરાનગતિ ન થાય એથી કડક કાયદા કરી એનો અમલ થાય છે કે નહીં એ તરફ ધ્યાન આપે જ છે ઉપરાંત છોકરીઓનાં શિક્ષણ માટે એમને સ્વયં રોજગાર ઉપલબ્ધ કરી આપવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકાય છે. મહિલાઓના સાર્વત્રિક વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં મહારાષ્ટ્ર અગ્રેસર રાજ્ય છે.

મહાત્મા જાતિરાવ ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, ન્યા. મહાદેવ ગોવિંદ રાનડે, ગોપાળ ગણેશ આગરકર, કર્મવીર ભાઉરાવ પાટીલ, મહર્ષિ ધોંડો કેશવ કર્વે જેવા સમાજ સુધારકોનો વારસો મેળવેલા મહારાષ્ટ્રએ છોકરીઓનાં શિક્ષણ તરફ વિશેષ ધ્યાન આપ્યું છે. કોઈ પણ પ્રકારનો ભેદભાવ ન રાખતાં છોકરીઓને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મફત આપવામાં આવે છે. છોકરીઓનાં શિક્ષણ સાથે એમની સાહસિકતાને પ્રોત્સાહન આપવામાં આવે છે. રાજ્ય સરકારના આ પ્રયત્નોમાંથી જ ગ્રામીણ મહારાષ્ટ્રમાં બચતજૂથની મોટી ચળવળ ઊભી થઈ છે. આજે ગ્રામીણ અર્થવ્યવસ્થામાં એક મહત્ત્વના ઘટક તરીકે આ ચળવળને જોવી જોઈએ. આ ચળવળના માધ્યમથી મહિલાઓ સ્વાવલંબી બની છે.

સમાજરથનાં મહિલા અને પુરુષ બે પૈડાં છે. એમાંથી એકનું પણ નબળું પડવું આપણને પોષાય એમ નથી. પરંપરાનો ભાર મહિલાઓના માથા પર રાખી સમાજ વિકાસ માર્ગે જઈ શકશે નહીં. એથી એક સમાજ તરીકે આપણે મહિલાઓનું સન્માન કરવું જ જોઈએ. એમને સમાન તક મળવી જોઈએ. સન્માનથી જીવવાના એમના અધિકારનું રક્ષણ થવું જોઈએ. મહિલાઓમાં પ્રચંડ સર્જનશિલ ઉર્જા હોય છે. એને યોગ્ય દિશા આપવાની જરૂર છે.

૮ માર્ચના 'વિશ્વ મહિલા દિવસ' નિમિત્તે 'લોકરાજ્ય'નો આ મહિલા વિશેષાંક પ્રકાશિત થઈ રહ્યો છે. આ અંકમાં નારી સશક્તિકરણ સંદર્ભના વિવિધ પ્રધાનોના વિચાર ને સરકારની નારી સશક્તિકરણ સંદર્ભ વિશેનાં ધોરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાથે સાથે મહિલાઓને એમના હક્કો વિશે જાગૃત કરી આપનારા કાયદાઓ અને અન્ય લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિશેષાંક આપને જરૂર ગમશે એવો વિશ્વાસ છે.

**ઍડ. યશોમતી ઠાકુર (સોનાવણે)**
(અતિથિ સંપાદક)

**ઍડ. યશોમતી ઠાકુર (સોનાવણે)**
પ્રધાન, મહિલા અને બાલવિકાસ

# 'તેનું' સક્ષમીકરણ

**સમાજને સક્ષમ બનાવવો હશે તો સમાજમાંની મહિલાઓનું સશક્તિકરણ થવું આવશ્યક છે. રાજ્ય સરકાર મહિલાઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ છે. મહિલાઓમાંની સાહસિકતાને પ્રોત્સાહન આપી એમની ઉન્નતિ સાધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મહિલાઓની સમસ્યાઓ ઉકેલવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.**

**મહિલા** મૂળમાં સંવેદનશીલ હોય છે. ગમે એવી પરિસ્થિતિનો સામનો ધીરજપૂર્વક કરવાની અનંત શક્તિ એમનામાં હોય છે. એક મહિલા તરીકે સ્વાનુભવમાંથી હું આ અધિકારપૂર્વક કહી શકું છું. મુશ્કેલ પરિસ્થિતિમાં પોતાને તથા પરિવારને એકજૂટ રાખવાની મહિલાની શક્તિ સામાજિક સંરચનાનું મહત્ત્વનું અંગ છે.

સ્ત્રી પછી એ નોકરી કરતી હોય, વ્યવસાયમાં હોય કે ગૃહિણી હોય, શહેરી ક્ષેત્રની હોય કે ગામડાંમાં રહેનારી હોય, પરિવારની પ્રગતિ માટે એ સતત પ્રયાસરત હોય છે. શહેરી સ્ત્રીઓ અને ગ્રામીણ સ્ત્રીઓની પરિસ્થિતિમાં ફરક હોવા છતાં કેટલીક બાબતોમાં એમની સામેની સમસ્યાઓ એકસમાન જોવા મળે છે. નોકરી કરનારી સ્ત્રીઓને નાનાં બાળકોને પારણાઘરમાં મૂકીને કામ પર જવું પડે છે અને ગ્રામીણ વિસ્તારમાં પરિવારમાં મોટી વયની સ્ત્રી ન હોય તો મહિલાએ ખેતરમાં કામ કરવા જતી વખતે બાળકોને સાથે લઈ જવાં પડે છે. આમ ગ્રામીણ તથા શહેરી સ્ત્રીઓની સમસ્યાઓમાં કેટલાક અંશે સામ્ય જોવા મળે છે.

મહિલાઓની સામાજિક, આર્થિક ઉન્નતિ માટે



તેમ જ સંરક્ષણ માટે યોજના હાલ અમલમાં મૂકવી એ અમારું કામ છે. આ જવાબદારી અમે આગળના સમયમાં ગંભીરતાપૂર્વક પાર પાડશું. અસામાજિકતાને કારણે મહિલા સંરક્ષણની સમસ્યા છેલ્લા ઘણા સમયથી સામે આવી રહી છે. સ્ત્રી પાસે સૌથી પહેલાં માતા, બહેનની દૃષ્ટિએ જોવાનો આદર્શ આપણી સામે છત્રપતિ શિવાજી મહારાજે મૂક્યો છે અને આજના કાળમાં એને અમલમાં મૂકવાની તાતી જરૂર છે. શાળા, કૉલેજમાં એ દૃષ્ટિએ મૂલ્ય શિક્ષણ અંતર્ગત મહિલાઓનો આદર કરવાની શીખ આપવાનો પ્રયત્ન કરવામાં આવશે.

## આર્થિક સક્ષમીકરણ

મહિલાઓનું આર્થિક સક્ષમીકરણ એ સરકારનું સર્વકાલીન ધ્યેય છે. નોકરી, વ્યવસાય કરતી સ્ત્રી પોતાના પગ પર ઊભી હોય છે. ગ્રામીણ મહિલા તેમ જ ગૃહિણીઓને આ આર્થિક સમસ્યા સતાવતી હોય છે. આવા સમયે એમને ટેકો આપવાની જરૂર હોય છે. 'મહિલા આર્થિક વિકાસ મહામંડળ (માવિમ)'ના માધ્યમથી ઊભી થયેલી બચતજૂથની ચળવળ ચોક્કસ જ મહિલાઓને સંગઠિત થઈને એકમેકની આર્થિક સમસ્યા ઉકેલવામાં ઉપયોગી સાબિત થઈ રહી છે. આ માધ્યમથી મહિલાઓની ક્ષમતાબાંધણી કરીને એમને નાના-મોટા વ્યવસાય ઊભા કરવા માટે આત્મવિશ્વાસ અને પ્રેરણા આપવાનું કામ કરવામાં આવે છે. ગ્રામીણ મહિલાઓ હવે આત્મવિશ્વાસપૂર્વક આગળ આવીને પોતાના બચતજૂથના સ્ટૉલ ઠેકઠેકાણે લગાડે છે અને ઉત્પાદનોનું વેચાણ કરી રહી છે તેમ જ એમનાં ઉત્પાદનોને યોગ્ય બજાર પણ ઉપલબ્ધ થઈ રહ્યું છે.

## મારી કન્યા ભાગ્યશ્રી

વંશવેલો આગળ વધારવા માટે 'દીકરો જ જોઈએ' એવી જીદ પડતી મૂકવાની જરૂર છે. તક આપવામાં આવે તો છોકરાની બરાબરીમાં નહીં, પણ એના કરતાંય સારું શિક્ષણ લઈ છોકરીઓ નોકરી-વ્યવસાયમાં આગળ વધી રહી હોવાનું ચિત્ર જોવા મળે છે. છોકરીઓનો જન્મદર વધારવો તથા સ્ત્રી-ભ્રૂણહત્યા રોકવા માટે રાજ્યમાં 'મારી કન્યા ભાગ્યશ્રી' યોજના ચલાવવામાં આવે છે. આ યોજનાનો લાભ માત્ર એક છોકરી કે બે છોકરીઓના જન્મ બાદ નસબંદીનું ઑપરેશન કરાવનારા પરિવારને મળે છે. છોકરીના નામે સરકાર દ્વારા ફિક્સ્ડ ડિપોઝિટ રાખવામાં આવે છે.

બાળકોમાંનું લિંગ ગુણોત્તરનું પ્રમાણ ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકારનું 'બેટી બચાઓ, બેટી પઢાઓ' અભિયાન રાજ્યના દરેક જિલ્લામાં ચલાવવામાં આવે છે. મહિલા તથા બાળવિકાસ, આરોગ્ય તથા કુટુંબ કલ્યાણ, શિક્ષણ, ગ્રામવિકાસ, પોલીસ તેમ જ અન્ય વિભાગો સાથે સમન્વય દ્વારા આ યોજના ચલાવવામાં આવે છે. સ્ત્રી-ભ્રૂણહત્યા રોકવા માટે ગર્ભધારણા પહેલાં અને પ્રસૂતિ પહેલાં નિદાનતંત્ર (લિંગ પસંદગી પર પ્રતિબંધ) કાયદાની પ્રભાવશાળી અમલબજાવણી કરવી એ આ અભિયાનનો ઉદ્દેશ છે. બાળકોમાં લિંગ ગુણોત્તર ઓછું હોય એવા જિલ્લા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. પડોશી રાજ્યમાં જઈ ગર્ભના લિંગની ચકાસણી કરવાના પ્રયાસ રોકવા માટે આરોગ્ય તથા ગૃહખાતાના સમન્વય દ્વારા કઠોર કાર્યવાહી કરવાના નિર્દેશો આપવામાં આવ્યા હોઈ ગર્ભલિંગ તપાસણીના પ્રકાર ચલાવવામાં આવશે નહીં.

### બચતજૂથ



**મહિલા** બચતજૂથ ચળવળને કારણે મહિલાઓનાં અનેક જાળાં (નેટવર્ક) નિર્માણ થઈ રહ્યાં છે અને એમાંથી અનેક વિધાયક કાર્યો થઈ રહ્યાં છે. એમના વધેલા આત્મવિશ્વાસને કારણે પરિવારમાં એમના મતને માન આપવામાં આવે છે. બચતજૂથમાં સક્રિય હોય એવી મહિલાઓ પોતાની સમસ્યાઓ ઉકેલવા માટે સરકારી કાર્યાલયોમાં વિના સંકોચે જઈ શકે છે તેમ જ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં મહિલા નેતૃત્વ આગળ આવે છે. આ બચતજૂથને વધુ સક્ષમ બનાવવા માટે પ્રોત્સાહન આપવા માટે હું મહત્ત્વના નિર્ણયો લઈ રહી છું. એ અંતર્ગત 'ઘરપહોંચ આહાર' અને 'ગરમ તાજા આહાર' પહોંચાડવા માટે વધુ ને વધુ મહિલા બચતજૂથ અને સંસ્થાઓ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકે એ માટે વાર્ષિક સરેરાશ ફી મર્યાદા પચ્ચીસ હજાર રૂપિયાથી ઘટાડીને દસ હજાર રૂપિયા જેટલી કરવામાં આવી છે. આને કારણે વધુમાં વધુ મહિલા બચતજૂથ માટે ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવાનું શક્ય બનશે.

## શિક્ષણ, આરોગ્ય પર ધ્યાન

છોકરીના જન્મનું સ્વાગત કરવું એટલી જ આપણી જવાબદારી નથી. છોકરીને છોકરાની બરાબરીનું શિક્ષણ તથા સુવિધાઓ પૂરી પાડવા તરફ ધ્યાન આપવું જોઈએ, જેથી છોકરીઓ પોતાના પગ પર ઊભી રહી પરિવારનું નામ ઊંચું કરી શકે. છોકરીઓને 'વણજોઈતી'ને બદલે 'જોઈતી' ગણવામાં આવશે ત્યારે ખરા અર્થમાં સામાજિક પરિવર્તન આવશે. આ બાબતે શરૂઆત થઈ છે અને સક્ષમ તથા સશક્ત સમાજના નિર્માણ તરફ આપણો પ્રવાસ ચાલી રહ્યો હોવાનું મને લાગે છે.

## સૂચનોનું સ્વાગત

સમાજમાં સકારાત્મક બાબતો આકાર લેતી હોય ત્યારે કેટલીક વિકૃતિઓ પણ દેખાઈ આવે છે. બળાત્કાર, જાતીય સતામણી, માનસિક કનડગત, ઍસિડ

હુમલા, પેટ્રોલ નાખી બાળી નાખવી, બાળકોનું જાતીય શોષણ જેવી ક્રૂર ઘટનાઓ વીતેલા સમયમાં મોટા પ્રમાણમાં બની રહી હોવાનું જોવા મળ્યું છે. આવી ઘટનાઓને રોકવા માટે પોલીસખાતું હંમેશાં તત્પર હોય છે. સાથે જ સમાજ તરીકે પણ આપણે સૌએ આવી ઘટનાઓ બાબતે ચિંતન કરવું જોઈએ. આ વિકૃત મનોવૃત્તિને રોકવાની દૃષ્ટિએ સરકાર સદાય પ્રયત્નશીલ છે જ, પરંતુ આ બાબતે સામૂહિક રીતે શું ઉપાયયોજના કરી શકાય એ માટેનાં સૂચનોનું પણ અમે સ્વાગત કરીએ છીએ.

## માતૃત્વનું જતન

જેમને બે ટંકના ભોજન માટે રોજના પગાર પર કામ કરવું પડે છે એવી મહિલાઓને ગર્ભાવસ્થાના કાળમાં તેમ જ સ્તનપાનના ગાળામાં રોજગાર પર ન જઈ શકતાં એમના માટે મુશ્કેલ પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. આ બાબત ધ્યાનમાં લઈ અમરાવતી તથા બુલઢાણા જિલ્લામાં 'ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના' અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનામાં ગર્ભવતી તથા સ્તનપાન કરાવતી મહિલાઓને વેતન નુકસાન ભરપાઈ તરીકે રોકડ રકમ આપવા ઉપરાંત એમને પોષક આહાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આવી મહિલાઓને પ્રથમ પ્રસૂતિ વખતે ત્રણ હજાર અને બાળક છ મહિનાનું થાય ત્યારે ત્રણ હજાર એમ કુલ છ હજાર રૂપિયા આપવામાં આવે છે.



ખરેખરા વંચિતો, પીડિતો સુધી આ યોજનાઓના માધ્યમથી મદદ પહોંચાડવી એ અમારો ઉદ્દેશ છે અને એના માટે કેટલાંક મહત્ત્વનાં પગલાં લેવામાં આવી રહ્યાં છે. આ યોજનાની અમલબજાવણીમાં પારદર્શિતા લાવવાના આશયે કેટલાક આવશ્યક નિર્ણયો આવનારા સમયમાં લેવામાં આવશે.

પોલીસખાતાએ શહેરમાં મોટા પ્રમાણમાં સીસીટીવી યોજના હાથ ધરી છે. એને કારણે છેડતીની ઘટનાઓના આરોપીઓની ઓળખ સાબિત થવાનું સરળ બન્યું છે. આ પ્રકારની ઘટનાઓના આરોપીઓને કઠોરમાં કઠોર સજા થાય એ માટે કાયદામાં ફેરફાર, જરૂરી સુધારા કરવા માટે મુખ્ય પ્રધાનશ્રી ઉદ્ધવ ઠાકરે પણ પહેલ કરે છે.

## મનોધૈર્ય

અત્યાચારનો ભોગ બનેલી મહિલાઓ તથા બાળકોને માનસિક આઘાતમાંથી બહાર લાવવા તથા એમનું પુનર્વસન કરવું એ અત્યંત મહત્ત્વની બાબત સાબિત થાય છે. એ માટે સરકાર 'મનોધૈર્ય યોજના' ચલાવે છે. આ યોજના દ્વારા પીડિતોને એક લાખથી દસ લાખ રૂપિયા સુધીની મદદ કરવામાં આવે છે. પીડિતોને માનસિક આઘાતમાંથી બહાર લાવવા માટે કાઉન્સેલિંગ, તબીબી મદદ, કાયદાકીય મદદ, આશ્રય, શિક્ષણ, વ્યાવસાયિક પ્રશિક્ષણ આપવામાં આવે છે. પીડિતોને માત્ર આર્થિક મદદ ન કરતાં એ સન્માનપૂર્વક જીવી શકે એ માટેના પ્રયાસ કરવાનું સરકારનું ધ્યેય છે.

## કલ્યાણકારી યોજના

વંચિત, પીડિત મહિલાઓની મદદ માટે મહિલા અને બાળવિકાસ ખાતા દ્વારા વિવિધ યોજનાઓ ચલાવવામાં આવે છે. આમાં વિવિધ પ્રકારની આશ્રય યોજનાઓ, રાજ્ય મહિલાગૃહો, આધારગૃહો, અનાથાલય, મહિલા સ્વીકૃતિ કેન્દ્રો તથા સંરક્ષિત ગૃહોમાંના નિરાધાર તથા પરિત્યક્તા વિધવાઓના વિવાહ માટે અનુદાન, દેવદાસીઓના નિર્વાહ માટે અને એમના તથા એમની દીકરીઓના વિવાહ માટે અનુદાન આપવાની 'દેવદાસી કલ્યાણ યોજના', મહિલા કાઉન્સેલિંગ કેન્દ્ર, અત્યાચારગ્રસ્ત પીડિત મહિલાઓ માટે 'સાવિત્રીબાઈ ફૂલે બહુઉદ્દેશીય મહિલા કેન્દ્ર', વગેરે યોજનાઓ ચલાવવામાં આવે છે.

## કિશોરી શક્તિ

કિશોર વયની છોકરીઓમાં બાળવિવાહ તથા વારંવાર સંતાનને જન્મ આપવાને કારણે સ્વાસ્થ્ય પર થનારું ખરાબ પરિણામ, સક્ષમ માતૃત્વનું મહત્ત્વ, વગેરે બાબતે જાગરૂકતા લાવવા માટે ૨૩ જિલ્લામાં 'કિશોરી શક્તિ યોજના' ચલાવવામાં આવે છે. આ છોકરીઓને સંતુલિત આહાર, યોગ્ય પોષક આહાર, આરોગ્ય તેમ જ વ્યક્તિગત સ્વચ્છતા, પરિસર સ્વચ્છતા, વગેરે બાબતોનું શિક્ષણ તેમ જ પ્રશિક્ષણ આપવામાં આવે છે.

## સુરક્ષિત ઘોડિયાઘર

કામ કરનારી મહિલાઓને પોતાનાં સંતાનો ઘોડિયાઘરમાં મૂકીને કામ પર જતી વખતે કાળજું કઠણ કરવું પડે છે. આવા વખતે સુરક્ષિત ઘોડિયાઘરની જરૂર ધ્યાનમાં આવે છે. આમાંથી ભારત સરકારના માર્ગદર્શક મુદ્દાઓ અનુસાર 'રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજના' રાજ્યમાં પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી છે. હાલ થાણે, નાસિક, નંદુરબાર, અમરાવતી, ગઢચિરોલી તથા ચંદ્રપુર જેવા જિલ્લામાં ૬૦૦ ઘોડિયાઘર શરૂ કરવામાં આવ્યાં છે. આ ઘોડિયાઘર નોકરી કરતી મહિલાઓ માટે બહુ મોટો આધાર સાબિત થઈ રહ્યાં છે.

## સક્ષમ આંગણવાડી

આંગણવાડી સેવિકા, મદદનીશ તથા મિની આંગણવાડી સેવિકાઓ કુપોષણ મુક્તિ માટે અત્યંત મહત્ત્વનું કાર્ય કરે છે. એમને સમયસર માનધન મળે એ બાબતની તકેદારી સરકાર લેશે. આંગણવાડી સેવિકા અને મદદનીશોનાં સાડા પાંચ હજાર ખાલી પદ ભરવાને અમે મંજૂરી આપી છે. રાજ્યમાં ખાનગી ઈમારતોમાં ભરાતી આંગણવાડીઓની જગ્યાના ભાડામાં ખાસ્સો વધારો કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપવામાં આવી છે. ગ્રામીણ તથા આદિવાસી ક્ષેત્રો માટે એક હજાર રૂપિયા, નાગરી ક્ષેત્ર માટે ચાર હજાર રૂપિયા તથા મહાનગર ક્ષેત્ર માટે છ હજાર રૂપિયા જેટલું નવું ભાડું હશે. આને કારણે ભાડાની જગ્યામાં ભરાતી આંગણવાડીને વધુ સારી સુવિધાયુક્ત ઈમારતો ઉપલબ્ધ થઈ શકશે.

આગામી આર્થિક વર્ષમાં આંગણવાડીઓ માટે આશરે ચાર હજાર નવા ઓરડા બાંધવાનું ધ્યેય અમે રાખ્યું છે. એ માટે જિલ્લા વાર્ષિક યોજનામાંથી, 'મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગૅરન્ટી યોજના' તેમ જ ગ્રામપંચાયત વિકાસ પ્લાનમાંથી નાણાં ઉપલબ્ધ કરવામાં આવનારાં છે. કૉર્પોરેટ કંપનીઓની સીએસઆર ફંડનું યોગદાન, વિવિધ બિનસરકારી સ્વયંસેવી સંસ્થાઓ (એનજીઓ) સામાજિક જવાબદારી તરીકે યોગદાન આપે એ આવશ્યક છે.

બાળસંસ્થાઓનાં બાળકોનું શિક્ષણ, આરોગ્ય, વગેરે પ્રત્યે રાજ્ય સરકાર સંવેદનશીલ છે. આ બાળકોના પુનર્વસન માટે 'બાળ ન્યાયનિધિ' માટે રૂપિયા બે કરોડની જોગવાઈ કરવાનો નિર્ણય લેતાં એ દૃષ્ટિએ મક્કમ પગલાં ઉપાડવામાં આવ્યાં છે. 'બાળ ન્યાયનિધિ'માંથી બાળકોના કલ્યાણ તથા પુનર્વસન માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારની અન્ય કોઈ યોજનામાં સમાવિષ્ટ ન હોય એવા કાર્યક્રમોની અમલબજાવણી કરવામાં આવનારી છે તેમ જ બાળકોની મોટી બીમારી માટે તબીબી સહાય અથવા સર્જરી માટે જોગવાઈ કરવામાં આવશે. બાળકોને કૌશલ્યવિકાસ પ્રશિક્ષણ, ઉદ્યોજકતા વિશે સહાય, વ્યાવસાયિક પ્રશિક્ષણ માટે પણ આ નિધિમાંથી જોગવાઈ કરવામાં આવી છે.

માતા તથા બાળકને પૌષ્ટિક આહાર પુરવઠો, મહિલાઓને સીવણકળા, હસ્તકળા, વગેરે વિવિધ કૌશલ્યનું પ્રશિક્ષણ, મહિલા તથા બાળકોની આરોગ્ય તપાસણી, માનસિક આરોગ્ય જેવાં ક્ષેત્રોમાં રાજ્યમાં કેટલાંક સારાં કામ કરનારી એનજીઓ છે. ટાટા ટ્રસ્ટ, રિલાયન્સ ફાઉન્ડેશન, ઈન્ડિયન લૉ સોસાયટી, વિલેજ સોશિયલ ટ્રાન્સફોર્મેશન ફાઉન્ડેશન, સ્નેહા, યુનાઈટેડ નૅશન્સ ફાઉન્ડેશન, રેમન્ડ, વગેરે ટ્રસ્ટ અને સામાજિક સંસ્થાઓ સાથે મહિલા, બાળકો, યૂથ ફૉર જૉબ્સ તેમ જ અન્ય ઘટકોના કલ્યાણ માટે વિવિધ ઉપક્રમો ચલાવવામાં આવે છે.

## સમાજની પહેલ

મહિલાઓના સક્ષમીકરણ માટે સરકાર પોતાના તરફથી અનેક સ્તરે પ્રયત્ન કરે છે, પણ સાથે જ સમાજ તરીકે યોગદાન આપવામાં આપણી સૌની જવાબદારી છે. સ્ત્રી-ભ્રૂણહત્યા જેવી નિંદનીય પ્રથાઓ સામાજિક સંતુલન માટે ઘાતક સાબિત થવાની છે. આ રોકવા માટે સરકાર કાયદાની અમલબજાવણી કરે છે. આમ છતાં સમાજે પણ આ બાબત વિશે ગંભીરતાપૂર્વક વિચાર કરવાની જરૂર છે. રાજ્યમાં એક હજાર છોકરાઓ સામે ઓછો છોકરીઓનો જન્મદર ચિંતાનો વિષય છે. ૨૦૧૭માં દર એક હજાર છોકરાએ છોકરીનું પ્રમાણ ૯૦૦ કરતાં ઓછું હોય એવા નવ જિલ્લા હતા. પીસીપીએનડીટી કાયદાની પ્રભાવશાળી અમલબજાવણી માટે તમામ યંત્રણા વચ્ચે સમન્વય સાધવો તથા 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજનાના માધ્યમથી આ પડકારને પહોંચી વળવાના તમામ પ્રયત્ન ચાલી રહ્યા છે.

દીકરો એટલે વંશ વધારનારો આ પારંપારિક સમજમાંથી બહાર આવવું આવશ્યક છે. આમાંથી અનેક પરિવારો માત્ર છોકરીઓ હોવા છતાં પરિવાર નિયોજન સર્જરી કરાવે છે એ આશાની બાબત છે. છોકરીઓ અને મહિલાઓ શિક્ષણ, રમતગમત, સાહિત્ય, કળા, અભિનય, ઉદ્યોગ, વગેરે ક્ષેત્રોમાં નામ કમાઈ રહી છે. પરિવાર તથા દેશનું નામ રોશન કરવામાં પણ અનેક મહિલાની મહત્ત્વની ભૂમિકા છે. આથી છોકરીઓને ઊતરતી કક્ષાની ન ગણતાં એમની સાથે સમાન રીતે વર્તવું એ આપણા સૌનું કર્તવ્ય છે.

**શબ્દાંકન: સચીન ગાઢવે**
વિભાગીય સંપર્ક અધિકારી



**શાળા માત્ર ઔપચારિક શિક્ષણ આપતી નથી તો ભવિષ્યનો સમાજ રચવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે. આજના જમાનામાં સારો સમાજ ઘડવા માટે યોગ્ય શિક્ષણ સહિત સંસ્કૃતિ અને સંસ્કારના પાઠ ભણાવવા પણ જરૂરી છે. મુખ્યત્વે દીકરીઓનાં શિક્ષણથી જ સમાજ મજબૂત બનવાનો છે, એ તરફ શાસનનું વિશેષ ધ્યાન છે.**

# શિક્ષણ, સંસ્કૃતિ અને સંસ્કાર

**પ્રા. વર્ષા ગાયકવાડ**
પ્રધાન, શાળાકીય શિક્ષણ



**ગ્રામીણ** ભાગમાં છોકરીઓનું શિક્ષણ હોય કે મહિલાઓનું સશક્તિકરણ આ બાબતમાં શાસન સાથે આપણે તમામે આગેવાની લેવી આવશ્યક છે. મહાત્મા જોતિરાવ ફૂલે અને એમણે દીકરીઓનાં શિક્ષણ માટે વેઠેલા સંઘર્ષ યાદ રાખી છોકરીઓનાં શિક્ષણ પરત્વે વિશેષ પ્રયત્ન કરવા જરૂરી છે. અતિ દુર્ગમ અને ગ્રામીણ ભાગોમાં રહેનારી દીકરીઓને પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે એ માટે સરકાર વિશેષ પ્રયત્નો કરે જ છે, પરંતુ સમાજે પણ એને પોતાની જવાબદારી માનવી જોઈએ. શાળા શિક્ષણપ્રધાન તરીકે હું જ્યારે ગ્રામીણ ભાગના પ્રવાસે જાઉં છું ત્યારે ત્યાંની છોકરીઓને સારું શિક્ષણ મળે છે કે નહીં એની તપાસ કરું છું, કંઈ ઘટતું હોય તો એ પૂર્ણ કરવા પર ભાર આપું છું. દીકરીઓનાં શિક્ષણ પરત્વે વાલીઓમાં જાગૃતિ વધારવાની જરૂર છે. એ માટે તમામ જરૂરી ઉપાયો કરવામાં આવશે.

હિંગણઘટ ખાતે બનેલી બીના બાદ મહારાષ્ટ્ર પૂરેપૂરો ખળભળી ઊઠ્યો છે. આવી બીના ભવિષ્યમાં બને નહીં એ માટે વિદ્યાર્થીઓને મૂળભૂત શિક્ષણ સહિત એમની અંદર સજાગ નાગરિક ઘડાય એ માટે શિક્ષણ આપવું જરૂરી છે. છોકરીઓમાં શિક્ષણ લેતી વખતે સુરક્ષિતતાની ભાવના નિર્માણ થવી જરૂરી છે. એ માટે છોકરીઓને 'ગુડ ટચ, બૅડ ટચ' વિશે કહેવું જરૂરી છે તો છોકરાઓને પણ એ વિશે કહેવાની જરૂર છે.

## સંસ્કૃતિ અને સંસ્કાર

વિદ્યાર્થીઓ સમાજ અને રાષ્ટ્રનું ભાવિ હોવાથી માત્ર શિક્ષણપ્રધાન તરીકે નહીં તો શિક્ષિકા તરીકે વિદ્યાર્થીઓને તમામ આધુનિક સુવિધાઓ પ્રાપ્ત કરી આપવાનો મારો પ્રયત્ન છે. બાળકોનાં શિક્ષણ સાથે જ એમની અંદર રહેલા કળાગુણને માર્ગ મોકળો કરી આપવો જરૂરી છે, પરંતુ માત્ર પુસ્તકિયું શિક્ષણ ન આપતાં કૃતિશીલ પદ્ધતિ વડે વિદ્યાર્થીઓને ભણાવતાં આવડવું જોઈએ. આવનારી પેઢી ઘડવા માટે પ્રાથમિક શિક્ષણ આપતી વખતે સુસંસ્કાર આપવા જરૂરી છે. આર્થિક સ્થિતિને કારણે કોઈ પણ શાળાથી વંચિત રહેવું ન જોઈએ. આ તરફ વિશેષ ધ્યાન અપાવવું આવશ્યક છે. મહારાષ્ટ્ર શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર હોઈ આ અગ્રિમતા ટકાવી રાખવા આપણે સૌએ પ્રયત્નો કરવા આવશ્યક છે.

## વિદ્યાવાહિની

સ્કૂલના વિદ્યાર્થીઓને સીધું ઘરમાં જ શૈક્ષણિક માર્ગદર્શન મળી રહે એ માટે શાળા શિક્ષણ વિભાગ દુરચિત્રવાણી (ડીટીએચ) પર વિદ્યાવાહિની શરૂ કરશે. બદલતા તંત્રજ્ઞાન અનુસાર મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતી મહામંડળ અર્થાત્ બાલભારતી પણ જૂનું કલેવર બદલે છે. બાલભારતી ઈ-લર્નિંગ સાહિત્ય નિર્મિતી સહિત ઈ-બાલભારતી પ્રકલ્પ હેઠળ રાજ્યની ૭૨૫ શાળાઓમાં વર્ચ્યુઅલ ક્લાસરૂમની યોજના કાર્યાન્વિત કરવામાં આવી રહી છે. આનો દુર્ગમ ભાગના વિદ્યાર્થીઓને બહોળો ફાયદો થવાનો છે. આ પ્રકલ્પનો અમલ વૅલ્યૂએબલ ગ્રુપ આ વાહી-સેટ પર આધારિત તંત્રજ્ઞાનના માધ્યમ દ્વારા કરવામાં આવશે. વર્ચ્યુઅલ ક્લાસરૂમ કાર્યક્રમને કારણે કોઈ પણ એક વિષય પર નહીં તો તમામ વિષયો પર માર્ગદર્શન વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે.

## શૈક્ષણિક યોજના

શાસને છોકરીઓનાં શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થાય એ માટે હાજરી ભથ્થું, 'સાવિત્રીબાઈ ફૂલે દત્તક પાલક યોજના', મફત ગણવેશ, મફત પુસ્તકો, 'સાવિત્રીબાઈ ફૂલે પછાત વર્ગીય શિષ્યવૃત્તિ યોજના', વિદ્યાવેતન, શાળાએ આવવા-જવા માટે 'રાજમાતા જીજાઉ મફત સાઈકલ યોજના', એસટી દ્વારા મફત પ્રવાસ કરવા માટે 'અહિલ્યાબાઈ હોળકર યોજના', કસ્તુરબા ગાંધી બાલિકા નિવાસ વિદ્યાલય, માનવવિકાસ યોજના એમાં જ 'લેક વાચવા, લેક શિકવા' જેવી અનેક યોજનાઓના માધ્યમ દ્વારા શાસન પ્રયત્ન કરે છે.

- **બારમા ધોરણ સુધી મફત શિક્ષણઃ** આ યોજનાનો લાભ ૧૨મી સુધી શિક્ષણ લેનારી વિદ્યાર્થિનીઓને મળે છે. અનુદાનિત એમ જ બિનઅનુદાનિત ઉચ્ચ માધ્યમિક શાળા, કનિષ્ઠ મહાવિદ્યાલયમાં શિક્ષણ લેનારી તમામ જૂથની છોકરીઓને આ યોજના લાગુ છે.
- **મફત પાસ યોજનાઃ** ગ્રામીણ ભાગની જે છોકરીઓ ગામમાં શાળા ના હોવાથી શિક્ષણ લઈ શકતી નથી એમના માટે ધોરણ ૫થી ૧૨મી સુધી એસટી બસ દ્વારા મફત પ્રવાસ કરવાની સગવડ આપવામાં આવે છે.
- **સાવિત્રીબાઈ ફૂલે શિષ્યવૃત્તિ યોજનાઃ** ધોરણ પાંચથી સાતમાં અન્ય પછાત, વિચરતી જાતિ, ભટકતી જમાત, વિશેષ પછાત પ્રવર્ગની વિદ્યાર્થિનીઓ માટે આ યોજના છે. વિદ્યાર્થિની

ધોરણ પાંચથી સાત સુધી શાળામાં નિયમિત ભણતી હોવું જરૂરી હોઈ માથાદીઠ વિદ્યાથિનીને દર મહિને ૬૦ રૂપિયા પ્રમાણે ૧૦ મહિનાઓ માટે ૬૦૦ રૂપિયા આપવામાં આવે છે.

■ **ડ્રોપઆઉટનું પ્રમાણ રોકવા માટે ઉપાયયોજના:** માધ્યમિક શાળાઓમાં ભણનારી અન્ય પછાત વર્ગ, વિચરતી જાતિ, ભટકતી જમાત અને વિશેષ પછાત પ્રવર્ગ વિદ્યાર્થિનીઓની ગેરહાજરીનું પ્રમાણ રોકવા માટે ૮થી ૧૦મી સુધી વર્ગમાં નિયમિત ભણનારી છોકરીઓને ૧૦૦ રૂપિયા પ્રતિ મહિના પ્રમાણે ૧૦ મહિના માટે ૧૦૦૦ જેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

■ **ધોરણ ૫થી ૧૦મીના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ:** ધોરણ ૫થી ૭મીના ૨ ગુણવત્તાધારી પછાત વર્ગ વિદ્યાર્થીઓને તેમ જ ૮થી ૧૦મીમાં ભણતર લેનારા પ્રથમ બે પછાત વર્ગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ વિતેલી વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ટકા અને એથી વધુ ગુણાંક મેળવી પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે ઉત્તીર્ણ થયેલા ગુણવત્તાપ્રદાન વિદ્યાર્થીઓને મંજૂર કરવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ માટે ઉત્પન્ન શરત નથી. ધોરણ ૫થી ૭મીના વિદ્યાર્થીઓને હર મહિને ૫૦ રૂપિયા (૫૦૦ રૂપિયા ૧૦ મહિના માટે), ધોરણ ૮થી ૧૦મીના વિદ્યાર્થીઓને હર મહિને ૧૦૦ રૂપિયા (૧૦૦૦ રૂપિયા ૧૦ મહિના માટે) આપવામાં આવે છે.

■ **૯થી ૧૦મી સુધી મેટ્રિક પૂર્વ શિષ્યવૃત્તિ:** અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શાળામાંથી થતી ગળતીનું પ્રમાણ ઓછું થાય એ માટે કેન્દ્ર સરકારે ધોરણ ૯થી ૧૦મીમાં ભણતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે 'મેટ્રિક પૂર્વ શિષ્યવૃત્તિ યોજના' શરૂ કરી છે. આ શિષ્યવૃત્તિ માટે વાલીઓની આવકમર્યાદા બે લાખ રૂપિયા છે. એમાં વિદ્યાર્થીના ગુણાંકની શરત નથી. યોજનાનો લાભ કેન્દ્રની અન્ય માધ્યમિક પૂર્વ શિષ્યવૃત્તિના લાભાર્થીઓને લાગુ રહેશે નહીં. રાજ્ય સરકારની અનુસૂચિત જાતિ પ્રવર્ગની ૮થી ૧૦મીમાં શિક્ષણ લેનારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકાર મેટ્રિક પૂર્વ શિષ્યવૃત્તિ યોજનામાં બે લાખ જેટલી વાર્ષિક આવક હોય એવા વાલીઓની ધોરણ ૯થી ૧૦મીની છોકરીઓનો સમાવેશ થનારો છે. એથી અનુસૂચિત જાતિ પ્રવર્ગની ધોરણ આઠની છોકરીઓ અને બે લાખ કરતાં વધુ આવક મેળવતા વાલીઓ ધોરણ ૯ અને ૧૦ની છોકરીઓ માટે હાલની 'સાવિત્રીબાઈ ફૂલે શિષ્યવૃત્તિ યોજના' આગળ પણ ચાલુ રહેશે, પણ એક જ લાભાર્થીને બન્ને લાભ મળી શકશે નહીં.

## મફત સાઈકલ વહેંચણી

ગ્રામીણ ભાગ અને 'ક' વર્ગ નગરપરિષદ ક્ષેત્રની છોકરીઓમાં શૈક્ષણિક ગેરહાજરીનું પ્રમાણ ઓછું કરવા માટે માધ્યમિક શાળામાં શિક્ષણ લેતી દારિદ્રરેખા હેઠળની ધોરણ ૮ની છોકરીઓ માટે આ યોજના શરૂ છે. આ માટે ધોરણ ૭માં ૪૫ ટકા ગુણાંક પ્રાપ્તિ અને શાસન માન્ય અનુદાનિત માધ્યમિક શાળામાં શિક્ષણ લેતી હોવી જરૂરી છે. યોજનામાં લાભાર્થીઓનું ચયન કરવામાં દુર્ગમ, અતિ દુર્ગમ ભાગ તેમ જ શહેરી ભાગમાં ઝૂંપડપટ્ટી તેમ જ ગલીચ વસતિની છોકરીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.



છાત્રાલયમાં રહેનારાને દર મહિને ૩૫૦ રૂપિયા (૧૦ મહિનાના માટે), પુસ્તકો અને એ અર્થે અનુદાન વાર્ષિક ૧૦૦૦ રૂપિયા, છાત્રાલયમાં ન રહેનારાને ૧૫૦ રૂપિયા (૧૦ મહિનાના માટે), પુસ્તકો અને એ અર્થે અનુદાન વાર્ષિક ૭૫૦ રૂપિયા, દિવ્યાંગ વિદ્યાર્થી માટે દર મહિને ૧૬૦ રૂપિયા, મતિમંદ વિદ્યાર્થી માટે દર મહિને ૨૪૦ રૂપિયા.

■ **મૉડેલ સ્કૂલ અને છોકરીઓનું છાત્રાલય:** કેન્દ્ર સરકારે પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં છોકરીઓનું પ્રમાણ વધારવા માટે એમાં જ છોકરીઓની શૈક્ષણિક ગેરહાજરીનું પ્રમાણ રોકવા માટે દસ જિલ્લાઓનાં અક્કલકુવા, ધડગાવ, તળોદા, શહાદા, નંદુરબાર, નવાપુર, ગેવરાઈ, વડવણી, ધારુર, હિંગોલી, પરભણી, ગંગાખેડ, જિંતૂર, પૂર્ણા, પાથરી, સેલુ, માનવત, ભોકરદન, પરતૂર, મંઠા, ઘનસાંગવી, અંબડ, જાલના, બદનાપુર, દહાણુ, તલાસરી, વિક્રમગઢ, મોખાડા, જવ્હાર, ગગનબાવડા, ઈગતપુરી, ત્ર્યંબકેશ્વર, પેઠ, સુરગાણા, મુખેર, ઉમરી, ધર્માબાદ, બિલોલી, ધાનેરા, એટાપલ્લી, ભામરાગઢ, અહેરી, સીરોંચા આ ૪૩ સ્થળે મૉડેલ સ્કૂલ અને છાત્રાલયની યોજના છે.

■ **રાજર્ષિ છત્રપતિ શાહુ મહારાજ શિષ્યવૃત્તિ:** વિમુક્ત જાતિ, ભટકતી જમાતી, વિશેષ પછાત પ્રવર્ગનાં બાળકોનો શિક્ષણ દરજ્જો સુધારવો, ગુણવત્તામાં વધારો થવો એ ઉદ્દેશથી આ યોજના શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થી ધોરણ ૧૧ અને ૧૨મી કનિષ્ઠ મહાવિદ્યાલયમાં ભણતો હોવો જોઈએ. આવકની શરત નથી. વિદ્યાર્થીને ધોરણ ૧૦માં ૭૫ ટકા કે એનાથી વધારે ગુણાંક મળવા જરૂરી છે. આમાં વિદ્યાર્થીને દર મહિના રૂપિયા ૩૦૦ પ્રમાણે ૧૦ મહિના સુધી આપવામાં આવશે.

**શબ્દાંકન: વર્ષા ફડકે-આંધળે**

વિભાગીય સંપર્ક અધિકારી

■■



**સરકારી સ્તરે લેવામાં આવેલા કોઈ પણ નિર્ણયની અમલબજાવણી પ્રશાસન દ્વારા થતી હોય છે. અમલબજાવણીમાં ઓછો-વધારે સમય લાગે છે તો પણ કાર્યવાહી થાય છે એમાં શંકા નથી. સરકારથી પર થઈને વાત કરીએ તો આપણે એટલે દરેક વ્યક્તિએ દિવ્યાંગ, નિરાધાર માતા-બહેનો તરફ માનવતાની અને માણસાઈની ભાવનાથી જોવું જોઈએ. એ પણ આપણા ઘરની જ એક વ્યક્તિ છે એવું માનવું જોઈએ. દરેક સ્થળે એમને અગ્રતા આપવી જોઈએ.**

# નિરાધારનો આધાર

**ઓમપ્રકાશ ઉર્ફે બચ્ચુ કડૂ**
રાજ્યકક્ષાના પ્રધાન, મહિલા અને બાળવિકાસ

**વંચિત** વર્ગને ન્યાય અપાવાને આપણે અગ્રતા આપવી જોઈએ. આ એમનો પહેલો હક છે. આનો વિચાર બધાએ જ કરવો જોઈએ. સરકારની યોજના છેવાડાની વ્યક્તિ સુધી પહોંચાડવાની જવાબદારી સરકાર સહિત જ આપણા બધાની છે. વિશેષ તો મહિલા અને બાળકલ્યાણ વિભાગના દરેક અધિકારી-કર્મચારીઓની પણ જવાબદારી છે.

આ વિભાગના રાજ્યકક્ષાના પ્રધાન તરીકે હું વિભાગના દરેકને કહેવા ઈચ્છું છું કે આ વિભાગમાં કાર્ય કરતી વખતે તમારે વિધવા, ત્યક્તા, ડિવોર્સી, દિવ્યાંગ અને નિરાધાર વર્ગના કલ્યાણને અગ્રતા આપવી જોઈએ. 'સંજય ગાંધી નિરાધાર અનુદાન યોજના', 'શ્રાવણબાળ સેવા', 'રાજ્ય નિવૃત્તિવેતન યોજના', 'વિધવા-ત્યક્તા અને ડિવોર્સી મહિલાઓ માટે સ્વયંરોજગાર યોજના' માટે તમારે આત્મીયતાથી કામ કરવાનું છે.

## આપણા કરતાં હોશિયાર

આપણાં દિવ્યાંગ માતા-બહેનોનાં સુખ-સગવડ માટે કાર્ય કરતી વખતે એક વાત ધ્યાનમાં આવી કે આ લોકો શારીરિક રીતે અપંગ હોવા છતાંય બૌદ્ધિક દૃષ્ટિએ આપણા કરતાં વધારે હોશિયાર છે. અમારાં એક અંધ બહેને જિલ્લાધિકારી બનીને આ સાબિત કર્યું છે. એસટી મહામંડળમાં દિવ્યાંગ માટે જે કંઈ સુવિધા છે એ એમને મળવી જોઈએ. એમને મળનારી બીજી બધી સુવિધાનો વિચાર દરેકે કરવો જોઈએ. એમને નૈસર્ગિક દૃષ્ટિએ ન્યાય અપાવવાનો પ્રયત્ન કરો. એમને મળનારા હક્ક, સવલત, સગવડ-સુવિધા એ તમે નથી આપતા, પણ સરકાર આપે છે. તમે ફક્ત એની અમલબજાવણી કરો છો. એ પ્રામાણિકતાથી કરો. કોઈ પણ કર્મચારી-અધિકારી પાસેથી દિવ્યાંગોને ત્રાસ થનારી ઘટના બનવી ન જોઈએ.

દિવ્યાંગ માટેનાં શૌચાલયોનો પણ આપણે વિચાર કરવો જોઈએ. એ સુવિધાની જરૂર જાણીને એ તાત્કાલિક પૂરી પાડવી જોઈએ.

ત્યક્તા, વિધવા માતા-બહેનો તરફ એ સામાજિક દૃષ્ટિએ વંચિત વર્ગ છે એવું વિચારીને ધ્યાન આપવું જોઈએ. હું તમને કહું છું કે એમના ખૂબ જ ગંભીર પ્રશ્નો છે. શહેરમાં રહેનારાઓને એ ધ્યાનમાં આવતા નથી, પણ જ્યારે ગામડાંમાં ફરશો ત્યારે તમને એ પ્રશ્નો જણાશે. અલ્પસંખ્યાક સમાજ અથવા કોઈ પણ સમાજ હોય, એમની આ પ્રકારની સમસ્યા ખરેખર જ ગંભીર છે. એમને એ કહેતાં આવડતી નથી. નબળા હોવાથી એમની પડખે ઊભા રહેવું જોઈએ એવું હું માનું છું.

## આત્મવિશ્વાસ વધારવાની જરૂર

મારા અખત્યારવાળા વિભાગમાં બધા કર્મચારી, અધિકારીઓને મારું કહેવું છે કે તમે આ તરફ ગંભીરતાથી ધ્યાન આપો. ગ્રામીણ ભાગની મહિલાઓ માટે આપણે મોટાં કામો કરવાનાં છે. એમનો આત્મવિશ્વાસ વધારવાનો છે, એમને શિક્ષણ, એમનાં આરોગ્ય, એમનામાંની ક્ષમતાનો વિકાસ, એમનું સંગઠન, સામાજિક, આર્થિક, રાજકીય સ્તર પર એમની પાત્રતા સુસ્થાપિત કરવી, આવી ઘણી બાબતો તરફ આપણે ધ્યાન આપવાનું છે. દિવ્યાંગોને આદર આપવો એ જ ખરી માણસાઈ છે.

**શબ્દાંકન: ડૉ. રાજુ પાટોદકર**
વિભાગીય સંપર્ક અધિકારી

**મહિલા અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય એ માટે મહિલા અને બાળવિકાસ વિભાગ કેન્દ્ર અને રાજ્યની વિવિધ યોજનાઓની અસરકારક રીતે અમલબજાવણી કરે છે. આ વિભાગના માધ્યમથી માતા અને બાળકના કુપોષણનું પ્રમાણ ઓછું કરવા માટે વિવિધ ઉપક્રમ હાથ ધરવામાં આવ્યા છે.**

# સક્ષમ માતા, તંદુરસ્ત બાળક...

**આઈ.એ. કુંદન**
સચિવ, મહિલા અને બાળવિકાસ



**રાજ્યની** મહિલાઓ અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય એ માટે વિવિધ યોજના અમલમાં છે. આ યોજના દ્વારા સમાજના છેવાડાના વર્ગનો ઉન્નતિનો માર્ગ મોકળો કરવામાં આવે છે. માતા સર્વ રીતે સક્ષમ હોય તો જ સુદૃઢ બાળક જન્મ લે છે. એટલે મહિલાની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પ્રગતિ એ આ વિભાગનો ઉદ્દેશ છે અને એ ઉદ્દેશને ધ્યાનમાં રાખી વિવિધ યોજનાનો અમલ કરવામાં આવે છે. આનાં સકારાત્મક પરિણામ પણ જોવા મળે છે.

## પ્રભાવી અમલબજાવણી

મહિલા અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય એ માટે આ વિભાગ વચનબદ્ધ છે. અમારું મુખ્ય કાર્ય ધોરણ અને કાર્યક્રમોને વિકસિત કરવાનું અને રાજ્યની તથા કેન્દ્રની યોજનાની અસરકારક અમલબજાવણી કરવું એ છે. બાળક અને મહિલાના હક્કોના અનુષંગે અમે અનેક કાયદા અને યોજનાઓની અસરકારક અમલબજાવણી કરી છે. 'પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ ફ્રૉમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ ઍક્ટ, ૨૦૧૨' અને 'પ્રોટેક્શન ઑફ વુમેન ફ્રૉમ ડોમેસ્ટિક વાયોલેશન ઍક્ટ, ૨૦૦૫'ની અસરકારક અમલબજાવણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત 'મહિલા આર્થિક વિકાસ મહામંડળ (માવિમ)' હેઠળ મહિલાઓને કૌશલ્ય પ્રદાન કરીને અને એમને ઉદ્યોજક પ્રશિક્ષણ આપીને એમના નિર્વાહની તક ઉપલબ્ધ કરી આપવામાં આવે છે.

## આધુનિક તંત્રજ્ઞાનનો વપરાશ

બાળકો અને માતાઓની પોષણ ને આરોગ્ય સંબંધિત જરૂરતો પૂરી કરવા માટે રાજ્ય સરકાર પોષણ અભિયાનની અસરકારક અમલબજાવણી કરે છે. આ અભિયાનમાં આઈસીડીએસ-કૉમન ઍપ્લિકેશન સૉફ્ટવેર, જન આંદોલન, સમુદાય-આધારિત કાર્યક્રમ, નાવીન્યપૂર્ણ ઉપક્રમ, વગેરેનો સમાવેશ છે. આઈસીડીએસ-કૉમન ઍપ્લિકેશન સૉફ્ટવેર અંતર્ગત બધી આંગણવાડી સેવિકાઓને મોબાઈલ ફોન આપવામાં આવ્યા છે અને ઘણી જ માહિતી હવે ડિજિટલ સ્વરૂપમાં એમને પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત, સમુદાય-આધારિત કાર્યક્રમના લીધે સમુદાયના લોકોના વર્તનમાં સકારાત્મક ફેરફાર થયો છે.

રાજ્ય હંમેશાં કુપોષણ વિરુદ્ધ લડત આપવા માટે તત્પર છે અને એ માટે ૨૦૨૨ સુધી પોષણ અભિયાનના લક્ષ્ય પરિપૂર્ણતા સાધ્ય કરવાની દૃષ્ટિએ વાટાઘાટો કરતી વખતે ચાલો, માતા અને બાળકોના પૂરા પોષણની જવાબદારી આપણે બધા મળીને ઊંચકવાનો સંકલ્પ આ નિમિત્તે કરીએ! ■■

## માતા અને બાળકોનો પૌષ્ટિક આહાર



'એકાત્મિક બાળ વિકાસ સેવા યોજના' દ્વારા સંતોષકારક પોષણ પ્રાપ્ત કરી આપવું આ અમારો મુખ્ય ઉદ્દેશ છે. રાજ્યમાં લગભગ ૧,૦૯,૦૦૦ આંગણવાડી કેન્દ્ર છે. શહેરી, ગ્રામીણ અને આદિવાસી ક્ષેત્રમાં ગર્ભવતી મહિલા, સ્તનપાન કરાવતી માતા અને એક દિવસથી છ વર્ષનાં બાળકોને આ કાર્યક્રમ હેઠળ પોષણ આહાર આપવામાં આવે છે.

પોષણ અભિયાન હેઠળ ઉંમર અનુસાર ઓછી ઊંચાઈ ધરાવતા (સ્ટંટિંગ), ઉંમર અનુસાર ઓછું વજન ધરાવતા (અન્ડરવેઈટ), જન્મતાં જ ઓછું વજન ધરાવતા (લો બર્થવેઈટ) તેમ જ ઊંચાઈ અનુસાર ઓછું વજન ધરાવતા બાળકનું પ્રમાણ પ્રતિ વર્ષ બે ટકા પ્રમાણે ઓછું કરવાનું અને જન્મતાંથી ૬ વર્ષનાં બાળકના તથા ૧૫-૪૯ વર્ષની મહિલાના રક્તક્ષયનું પ્રમાણ પ્રતિ વર્ષ ત્રણ ટકા પ્રમાણે ઓછું કરવાનું એવું પણ લક્ષ્ય નિશ્ચિત કરવામાં આવ્યું છે. આ લક્ષ કેન્દ્ર સરકારે માર્ચ, ૨૦૧૮માં શરૂ કરેલા પોષણ અભિયાનનું મૂળભૂત અંગ છે. ૨૦૨૨ સુધી અપેક્ષિત લક્ષ્ય પૂરું કરવામાં આવશે.

**લઘુમતી સમાજના વિકાસ માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા વિવિધ યોજના સાકારવામાં આવી છે. છોકરીઓનાં શિક્ષણ માટે તેમ જ મહિલાઓના આર્થિક, શૈક્ષણિક અને સામાજિક સશક્તિકરણ માટે આ યોજનાઓ લાભદાયી છે.**

# અલ્પસંખ્યાક મહિલાઓની ઉન્નતિ

**રાજ્ય** સરકાર અલ્પસંખ્યાંક સમુદાયના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. અલ્પસંખ્યાક સમુદાયની મહિલા અને છોકરીઓની પ્રગતિ માટે વિવિધ યોજના ચલાવવામાં આવે છે.

## ૨૧ સ્થળે વસતિગૃહ શરૂ

રાજ્યમાં લઘુમતી સમાજની ઉચ્ચ શિક્ષણ લેનારી છોકરીઓનાં છાત્રાલયોની યોજના અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવી છે.

રાજ્યમાં કવયિત્રી બહિણાબાઈ ચૌધરી ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ (જળગાંવ), ઘનસાવંગી (જિલ્લોઃ જાલના), સરકારી અધ્યાપક મહાવિદ્યાલય (પનવેલ), રાજારામ મહાવિદ્યાલય (કોલ્હાપુર), સરકારી વિજ્ઞાન સંસ્થા (ઔરંગાબાદ), સરકારી વિદર્ભ જ્ઞાન-વિજ્ઞાન સંસ્થા (અમરાવતી), ડૉ. બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા વિદ્યાપીઠ (ઔરંગાબાદ), સ્વામી રામાનંદ તીર્થ મરાઠવાડા વિદ્યાપીઠ (નાંદેડ), ડૉ. પંજાબરાવ દેશમુખ કૃષિ વિદ્યાપીઠ (અકોલા), સરકારી એન્જિનિયરિંગ મહાવિદ્યાલય (જળગાંવ), સરકારી તંત્રનિકેતન (સોલાપુર, હિંગોલી અને વાશિમ) અને (પરભણી) જિલ્લામાંની પરભણી, પૂર્ણા, ગંગાખેડ, સેલૂ, પાથરી, અને જીંતૂર તેમ જ ચંદ્રપુર (જિલ્લોઃ ચંદ્રપુર) અને વસમત (જિલ્લોઃ હિંગોલી)ની સરકારી ઔદ્યોગિક પ્રશિક્ષણ સંસ્થા (આઈટીઆઈ) જેવાં ૨૧ સ્થળે લઘુમતી સમાજની છોકરીઓ માટે છાત્રાલયો શરૂ થયાં છે. આ છાત્રાલયોની પ્રવેશક્ષમતા એક હજાર ૯૧૦ જેટલી છે. છાત્રાલયોમાં લઘુમતી સમાજની છોકરીઓ માટે ૭૦ ટકા તો બિનલઘુમતીઓની છોકરીઓ માટે ૩૦ ટકા જગ્યામાં પ્રવેશ આપવામાં આવે છે.

## શૈક્ષણિક કરજ યોજના

લઘુમતી સમાજનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને શિક્ષણ સરળતાથી મળે આ માટે 'મૌલાના આઝાદ લઘુમતી આર્થિક વિકાસ મહામંડળ' દ્વારા શૈક્ષણિક કરજ યોજના અમલમાં મૂકવામાં આવી છે. ઉચ્ચ વ્યાવસાયિક શિક્ષણ માટે એમાંથી કરજ આપવામાં આવે છે. શૈક્ષણિક કરજ યોજનાના લાભને લીધે છોકરીઓ ઉચ્ચ શિક્ષણ પૂરું કરી શકે છે.

> “ 'ન્યા. સચ્ચર સમિતિ'ના અહેવાલ પછી રાજ્યમાં ૨૦૦૮માં સ્વતંત્ર લઘુમતી વિકાસ વિભાગની સ્થાપના કરવામાં આવી છે. ત્યારથી રાજ્યમાં લઘુમતી સમાજના હિત માટે વિવિધ યોજના અમલમાં મૂકવામાં આવી છે. મુસ્લિમો સાથે બૌદ્ધ, ક્રિશ્ચિયન, જૈન, શીખ અને પારસી સમુદાયોનો લઘુમતીઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધા સમાજની દીકરી અને મહિલાઓના સશક્તિકરણ માટે વિભાગ દ્વારા વ્યાપક ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવે છે.
>
> **– શ્રી નવાબ મલિક, પ્રધાન**
> અલ્પસંખ્યાક વિકાસ વિભાગ ”



મહામંડળ દ્વારા લઘુમતી સમાજના બેરોજગારો માટે વ્યવસાય કરજ આપવામાં આવે છે. બેરોજગાર યુવતી-મહિલાઓ પણ આ યોજનાનો લાભ લઈને પોતાનો વ્યવસાય-ઉદ્યોગ શરૂ કરી શકે છે. મહામંડળની mdd.maharashtra.gov.in વેબસાઈટ પર વધુ વિગત મળશે.

## વિવિધ યોજના

- લઘુમતી માટે રાજ્યની આઈટીઆઈમાં બીજી અને ત્રીજી પાળીમાં તેમ જ ૧૫ સરકારી તંત્રનિકેતનોમાં બીજી પાળીમાં વર્ગ ચલાવવામાં આવે છે. ઉચ્ચ વ્યાવસાયિક તેમ જ ૧૨મી પછીના સર્વ અભ્યાસક્રમમાં શિક્ષણ લેનારા લઘુમતી વિદ્યાર્થી માટે શિષ્યવૃત્તિ યોજના અમલમાં છે. મેટ્રિક પહેલાં અને પછી શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવે છે. લઘુમતી સમાજની છોકરી આ યોજનાનો લાભ લઈ શકે છે.
- આર્થિક કારણસર શિક્ષણ પૂરું ન કરી શકનારી લઘુમતી વિદ્યાર્થિનીઓ માટે 'મૌલાના આઝાદ રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ યોજના' અમલમાં મૂકવામાં આવે છે. શાળા-મહાવિદ્યાલયની ફી, અભ્યાસક્રમનાં પાઠ્યપુસ્તકો, લેખનસામગ્રી, ઉપકરણો, વગેરેની ખરીદી, નિવાસ અને ભોજનવ્યવસ્થાનો ખર્ચ, વગેરે માટે આ શિષ્યવૃત્તિ યોગ્ય છે. કેન્દ્ર સરકારના મૌલાના આઝાદ શિક્ષણ પ્રતિષ્ઠાન દ્વારા આ યોજના અમલમાં મૂકવામાં આવે છે. વધુ વિગત www.maef.nic.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
- લઘુમતી સમાજની મહિલાઓમાં નેતૃત્વ ક્ષમતાનો વિકાસ થાય આ માટે 'નઈ રોશની' યોજના અમલમાં મૂકવામાં આવી છે. આમાં લઘુમતી મહિલાઓને સરકારી પ્રણાલી, બૅન્કો અને બીજી સંસ્થાઓ સાથે કાર્યવ્યવહાર, વગેરે વિવિધ બાબતના વિષયોનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. લઘુમતી મહિલાઓને સાધનો અને તાંત્રિક કૌશલ્ય આપીને એમને સક્ષમ બનાવવામાં આવે છે. એમનામાં વિશ્વાસ નિર્માણ કરવામાં આવે છે. યોજનાવિષયક વધુ વિગત માટે www.minorityaffairs.gov.in વેબસાઈટનો સંપર્ક કરવો.

**ઈર્શાદ બાગવાન**
વિભાગીય સંપર્ક અધિકારી

# પ્રેરણાનો આદર્શ!

**મહિલાઓએ દરેક ક્ષેત્રે ઊંચી ઉડાણ ભરવી એ માટે સરકાર પ્રયત્ન કરે જ છે, પરંતુ ઉડાણ ભરવાની ઈચ્છા કેટલીક મહિલાઓમાં જન્મજાત જ હોય છે. કેટલીક જીદ અને મહેનતના જોર પર પોતાની ઓળખ ઊભી કરી સામાન્ય મહિલાઓ સામે એક આદર્શ નિર્માણ કરે છે. એમની કૃતિશીલતાને કારણે એ અનેકનું પ્રેરણાસ્થાન બનતી હોય છે.**




## અમે સક્ષમ

પરંપરાગત વ્યવસાય સાથે ધંધાદારી દૃષ્ટિકોણ રાખી ઔરંગાબાદ જિલ્લાના ભડજી (તાલુકોઃ ખુલતાબાદ) સ્થિત રાણી લક્ષ્મીબાઈ મહિલા બચતજૂથ (સમૂહ)ની મહિલાઓ માટે નવા વ્યવસાયના કમાડ ખૂલી ગયા છે. રત્ના ધનસિંગ પુસે બચતજૂથનાં પ્રમુખ છે. પરિસરની દસ મહિલાઓને ભેગી કરી કંઈક કરવું જોઈએ એમ એમને લાગતું હતું. એમાંથી આ બચતજૂથની સ્થાપના થઈ. આ બચતજૂથના માધ્યમ દ્વારા પૌષ્ટિક આહાર તરીકે ચિક્કી તૈયાર કરી વેચવાનું નક્કી કરવામાં આવ્યું. બૅન્ક ઑફ મહારાષ્ટ્ર પાસેથી લોન લીધી. આ બચતજૂથના માધ્યમ દ્વારા સિંગદાણા, રાજગરો, તલ, કોપરાની ચિક્કી હાથે બનાવે છે. ચિક્કી ઘરે જ બનાવતી હોવાને કારણે જગ્યા માટે ભાડું ખર્ચવું પડતું નથી. રાજગરો, તલ, કોપરુ, સિંગદાણાની ચિક્કી વેરુળની ગુફાઓ, ખુલતાબાદના ભદ્રા મારુતિ મંદિર તેમ જ ઔરંગાબાદ, પુણે, મુંબઈ અને દિલ્હી જેવાં શહેરોમાં પ્રદર્શનમાં વેચાય છે. મુંબઈ બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સના એમએમઆરડીએ મેદાન પર શ્રી મહાલક્ષ્મી સરસ પ્રદર્શનમાં આ બચતજૂથની મહિલાઓએ બાર દિવસમાં સાડા ચાર લાખની અગિયાર ક્વિન્ટલ ચિક્કીનું વેચાણ કર્યું છે. એમાંથી ખર્ચો બાદ કરતાં ચોખ્ખો બે લાખ રૂપિયાનો નફો મેળવ્યો છે.

**વિજય ચૌધરી**

## બીજમાતા

દેશી બીજમાં રહેલી ખરી તાકાત ઓળખી આ નાનકડા કોંભાળણે ગામમાં રહેતાં રાહીબાઈએ અહમદનગર જિલ્લાના અકોલા તાલુકાના દુર્ગમ ભાગનાં રાહીબાઈ સોમા પોપેરેને આજે પૂરું મહારાષ્ટ્ર જ નહીં, પરંતુ આખો દેશ 'બીજમાતા' તરીકે ઓળખે છે.

રાહીબાઈ પાસે તમામ જૂનાં ગામઠી પાંદડાંવાળાં શાક અને વેલાવર્ગમાં સમાવેશ થતાં જૂનાં બિયારણોનું જતન થયેલું છે. એમણે પાંદડાંવાળાં શાક, ભાત, ઘઉં, બાજરી, કઠોળ જેવા પાકોનાં ૧૧૨ જેટલાં જૂનાં બિયારણો સાચવી રાખ્યાં છે. એમને મહિલા ખેડૂત સમૂહની સ્થાપના કરી આ માધ્યમ દ્વારા જૂનાં બિયારણોનું બિજોત્પાદન કરાવ્યું છે. અત્યાર સુધી લગભગ એક લાખ લોકોએ એમણે તૈયાર કરેલાં બિયારણો એમની પાસેથી લીધાં છે. દેશઆખામાંથી કૃષિ તંત્રજ્ઞાન ભણનારા અનેક વિદ્યાર્થીઓ એમનો આ પ્રકલ્પ જોવા માટે આવે છે.



**રાહીબાઈ પોપેરેને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે 'પદ્મશ્રી'થી સન્માનિત કરવામાં આવ્યાં. આ બદલ કૃષિપ્રધાન દાદાજી ભુસેએ એમને સાડી-બ્લાઉઝ આપીને સત્કાર કર્યો.**

રાહીબાઈએ જૂની પરંપરા પુનર્જીવિત કરી છે. આ કાર્ય રાજ્યના ખેડૂતો સુધી પહોંચાડવાનું કામમાં કૃષિ વિભાગ સહકાર્ય કરશે. માનવઆરોગ્ય માટે ઉપયોગી એવા સ્થાનિક બિયારણના સંવર્ધનને ગતિ આપતી વખતે જ એના બિજોત્પાદન માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવશે. સ્થાનિક બિયારણનું જતન કરવાનું અમૂલ્ય કાર્ય એ કરતાં હોવાથી રાજ્યના ખેડૂતો સુધી એમનું કાર્ય પહોંચાડવાના કામમાં કૃષિ વિભાગ એમને સહકાર્ય કરશે.

રાહીબાઈ જે કાર્ય કરી રહ્યાં છે એ કામનો અહેવાલ મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરે સામે રજૂ કરશું એમ કૃષિમંત્રીએ આ સમયે કહ્યું. એમના કાર્યને વિરાટ સ્વરૂપ આપશું. એમનું જૂના બિયારણના જતન કરવાનું કાર્ય ખેડૂતો માટે માર્ગદર્શક છે. સ્થાનિક બિયારણોનો પ્રસાર કરવાનો આ ખ્યાલ ખેડૂતો સુધી પહોંચાડશું એવી જુબાની પણ કૃષિમંત્રીએ આ સમયે આપી.

## લક્ષ્ય સંશોધનનું

કંદમૂળ આપણા આરોગ્ય માટે અતિશય પોષક હોય છે. એમાં પણ રતાળુ આપણા ઉપવાસમાં ખવાતો એક મહત્ત્વનો અન્ન પદાર્થ છે. માત્ર એ કેવળ ઉપવાસમાં જ નહી તો આપણા રોજિંદા આહારમાં હોવું જોઈએ એટલું પૌષ્ટિક છે. આ વિશે ગોલટગાવ (જિલ્લોઃ ઔરંગાબાદ)સ્થિત નમ્રતા અંકુશ ગિરી સંશોધન કરી રહ્યાં છે. એ કેરળના તિરુવનંતપુરમ્ ખાતેના 'કેન્દ્રીય કંદમૂળ પાક સંશોધન સંસ્થા'માં કૃષિશાસ્ત્રજ્ઞ તરીકે કાર્યરત છે. રતાળામાંથી તૈયાર કરવામાં આવતા પદાર્થો આરોગ્ય માટે કેટલા અને કેવા ફાયદાકારક છે એ વિશે એ સંશોધન કરી રહ્યાં છે.


નમ્રતા અંકુશ ગિરી

શ્રીમતી ગિરીએ 'વસંતરાવ નાઈક મરાઠવાડા કૃષિ વિદ્યાપીઠ, પરભણી'માંથી બી.ટેક ફૂડ ટેક્નોલૉજીમાં પદવી પૂર્ણ કરી છે. પતિ ઍડ્વોકેટ દુર્ગેશ શંકર ગિરીનો એમને સહકાર મળ્યો છે. એમણે ફૂડ ટેક્નોલૉજીમાં એમ.ટેક પૂર્ણ કર્યું. આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્ય કરતી વખતે કૃષિ વિજ્ઞાની નીવડ મંડળ તરફથી નવી દિલ્હી ખાતે લેવામાં આવતી યુપીએસસીની સ્પર્ધા પરીક્ષામાં પૂર્વ, મુખ્ય પરીક્ષા અને મુલાકાતમાં પ્રથમ પ્રયત્ને જ એમને સફળતા સાંપડી. કૃષિશાસ્ત્રજ્ઞ (અન્નતંત્ર) તરીકે ચૂંટાયાં. એ કૃષિશાસ્ત્રજ્ઞ (અન્નતંત્ર) તરીકે ચૂંટાયેલાં મહારાષ્ટ્રનાં પ્રથમ મહિલા ઉમેદવાર છે. આ પરીક્ષામાં મહારાષ્ટ્રમાં પ્રથમ તો દેશમાં આઠમા ક્રમાંકે એ ઉત્તીર્ણ થયાં છે. કેન્દ્રીય કંદમૂળ પાક સંશોધન સંસ્થા તિરુવનંતપુરમ્, કેરળ ખાતે એ કૃષિશાસ્ત્રજ્ઞ તરીકે ચૂંટાયાં. ૨૦૧૪થી એ ત્યાં કાર્યરત છે.

મેંદા કરતાં કંદમૂળનો લોટ વાપરીને આરોગ્યવર્ધક ડાયાબેટિક ફ્રેન્ડલી બેકરી ઉત્પાદનો કઈ રીતે બનાવી શકાય એ વિશે એમનું સંશોધન શરૂ છે. એથી બિસ્કિટ, કેક, કૂકીઝ, પાસ્તા, સેવ, રેડી ટુ ઈટ પ્રોડક્ટ, ન્યૂટ્રીબાર, વગેરે પદાર્થો રતાળામાંથી બનાવી શકાશે. એ જ રીતે રતાળામાંથી ઉપવાસના કહી શકાય એવા પાસ્તા, નૂડલ્સ બનાવવા બાબત એમનું સંશોધન શરૂ છે. એમાં એમને સારી એવી સફળતા સાંપડી છે. રતાળામાંથી સ્ટાર્ચ અને લોટ (પાઉડર) પ્રક્રિયાને કારણે ખેડૂતોને રોજગારની તકો મળી આર્થિક સમૃદ્ધિ આવી શકે છે. એથી પૌષ્ટિક અન્નપદાર્થો નાગરિકો સુધી પહોંચશે.

રતાળામાં કેરોટીન, એન્થોસાયાનિક, સ્ટાર્ચ, પ્રોટીન, (જીવનસત્ત્વ) બ જીવનસત્ત્વ અને ખનિજની બહોળું પ્રમાણ હોય છે તેમ જ રતાળાના સેવનથી જીવનસત્ત્વ અની કમી ભરાઈ આવે છે એમ શ્રીમતી ગિરી કહે છે. ખેડૂતો અને ઉદ્યોગપતિઓએ ભેગા મળી કંદમૂળોનું મૂલ્યવર્ધન કરે તો ફાયદો થશે. મૂલ્યવર્ધનને કારણે રતાળાની માગ વધશે. એનો ખેડૂતોને ફાયદો થશે એમ શ્રીમતી ગિરીએ કહ્યું.

**સંતોષ દેશમુખ**

## સ્વકમાઈની નવી ઓળખ...

**વર્ધા** જિલ્લાના કરંજી કાજીનાં સ્નેહલતા સાવરકર સેન્દ્રિય પદ્ધતિ વડે




મશરૂમ ઉત્પાદન લે છે. એમાં તાજા મશરૂમ, સૂકા મશરૂમ પાઉડર, મશરૂમ અથાણાં, ચટણી, મશરૂમ મગવડી, મુરબ્બો જેવાં વિવિધ મશરૂમ ઉત્પાદનો લે છે. ગ્રાહકો પાસેથી સેન્દ્રિય પદ્ધતિ વડે ઉગાડેલા મશરૂમ માલની વિશેષ માગ છે. નાબાર્ડ માધ્યમ દ્વારા અમને સ્વકમાણીમાંથી સ્વઓળખ મળ્યાનો ગર્વ હોવાનું શ્રીમતી સાવરકરે કહ્યું.

રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બૅન્ક (નાબાર્ડ) એમાં જ ઉત્કર્ષ ફાઉન્ડેશન વતીએ મહિલા બચતજૂથે તૈયાર કરેલી વસ્તુઓનું રાજ્યસ્તરીય પ્રદર્શન નાગપુર ખાતે હાલમાં જ આયોજિત કરવામાં આવ્યું હતું. મહિલા બચતજૂથના માધ્યમ દ્વારા સ્ત્રી સશક્તિકરણનું કાર્ય રાજ્યમાં ચાલી રહ્યું છે. એમાંથી મહિલાઓને રોજગાર મળતો હોઈ કેટલીક મહિલાઓ મોટી ઉદ્યોગજિકાઓ પણ બની છે. બચતજૂથના માધ્યમ દ્વારા મહિલાઓ આર્થિક રીતે સ્વાવલંબી બની રહી છે, પરંતુ ગ્રામીણ વિભાગની મહિલાઓ માર્કેટિંગમાં નબળી પડે છે. એમને આવાં પ્રદર્શનોના માધ્યમ દ્વારા દુનિયા સામે પોતાની વસ્તુઓની રજૂઆત કરવાની તક મળે છે ઉપરાંત ગ્રાહકોને તમામ પ્રકારની વસ્તુઓ એક જ છત હેઠળ મળી રહે છે.

નાબાર્ડ માધ્યમ દ્વારા સમાજમાંથી ગરીબી નિર્મૂલનને ટેકો મળી મહિલાઓની સક્ષમતાનો વેગ મુખ્યતે ગ્રામીણસ્તરે વધી રહ્યો છે. આ પ્રદર્શનમાં રાજ્યના ૧૫ જિલ્લાનાં મહિલા બચતજૂથ સહભાગી હતાં. એ માટે જિલ્લામાંથી ૫૦ તો અન્ય જિલ્લાઓમાંથી ૩૫ મહિલા બચતજૂથના સ્ટૉલ લાગ્યા હતા, જેમાં લગભગ ૬૦ પ્રકારની વસ્તુઓનો સમાવેશ હતો.

**અપર્ણા ચાવલકર-ડાંગોરે**
વિભાગીય માહિતી કાર્યાલય, નાગપુર



સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનના જંગલ ભાગમાં આદિવાસીઓની કેટલીક વસતિઓ છે. એમનાં ઘર નાનાં છે. જંગલ એ જ એમનું ઘર અને શહેર. વાહનવ્યવહારનાં કોઈ સાધનો નહીં, પણ આ ઘનઘોર જંગલમાંથી રોજ ચાર કલાક પગપાળા જઈ બે આંગણવાડી સેવિકાઓએ પોતાનું કર્તવ્ય બજાવતાં માતા અને બાળકના પોષણની જવાબદારી સ્વયંસ્ફુરણાએ પાર પાડે છે. અંજલિ કિસન જાધવ અને સોનલ સંજાવ બરાપ આ બન્ને કર્તવ્યપરાયણ સેવિકાનું નામ છે.

આ બન્ને મહિલાઓ આંગણવાડીનાં બાળકોની કાળજી લે છે. એમનું વજન અને ઊંચાઈ માપી દેખભાળ રાખે છે. આદિવાસી પરિવારોને ઘરપહોંચ આહારની (ટીએચઆર) ફાળવણી કરે છે. એમનું આ કાર્ય ત્યાંના અનેક પરિવારોને દિલાસો આપનારું છે. એથી આ બન્નેના સ્વાગતમાં એ સદાય હસ્તે મોઢે હાજર હોય છે. આ પોતાપણાનો અનુભવ આ બન્નેને રોજ ચાર કલાક ચાલવાની ઊર્જા અને સ્ફૂર્તિ બક્ષે છે.

# એની હિંમતને સરકારનો સાથ

**ઔરંગાબાદ** જિલ્લાના તિડી-મકરમતપૂરવાડી (તાલુકોઃ વૈજાપુર) ગામનાં શ્રીમતી સોનુ બંસી સોળસે (ઉંમર ૨૬) લગ્ન બાદ પતિના વ્યસનથી કંટાળીને બાળકો સાથે માતા-પિતાને ઘરે રહી જીવન વ્યતિત કરતાં હતાં. માતા-પિતાને ભારરૂપ ના થતાં શ્રીમતી સોનુ ઉદરનિર્વાહ માટે ગામની શાળામાં સાફસફાઈનું, ખેતમજૂરીનું અને કપડાં-વાસણ ધોવાનું કામ કરતાં હતાં. મજૂરી કરી પેટનો સવાલ મટી જતો હતો, પણ માથે છત નહોતું. એની જેવા જીવવાની જિજીવિષા જોઈ ગ્રામસભાએ ઠરાવ સંમતિ કરી એના નામે 'રમાઈ આવાસ યોજના' માટે ભલામણ કરી. તમામ પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ એમને ઘર મંજૂરી મળી. આપણને હક્કનો આશ્રય મળશે એ વિચારથી શ્રીમતી સોનુ સોળસેનો આનંદ ગગનમાં માતો નહોતો. એ ક્ષણે જ એમણે નક્કી કર્યું કે સરકાર દ્વારા મળનારી આર્થિક મદદ ઉપરાંત પોતાની બચતનાં નાણાં ખર્ચી સુઘડ ઘર બનાવવું છે.



ઘર બાંધવામાં જગ્યાની સમસ્યા હતી. પિતાએ ઘર બાંધવા માટે જગ્યા આપી. 'રમાઈ આવાસ યોજના' હેઠળ બાંધકામ માટે મદદનો પ્રથમ, બીજો, ત્રીજો અને અંતિમ હપ્તો મળતો ગયો તેમ તેમ એમનું ઘર ઊભું રહેતું ગયું. ગટ વિકાસ અધિકારી અજયસિંહ પવાર તેમ જ ગ્રામસેવક અને ગ્રામીણ ગૃહનિર્માણ અભિયંતાના માર્ગદર્શન હેઠળ ઘર પૂર્ણ થયું. સરસ મજાનું ઘર ઊભું રહેતાં એમને જીવવાની ઊર્મિ મળી. જિલ્લા ગ્રામીણ વિકાસ યંત્રણાના પ્રકલ્પ સંચાલક શ્રીમતી સંગીતાદેવી પાટીલે ઘરની મુલાકાત લીધી. ઘરની સામે પાંચ ઝાડ રોપ્યાં તેમ જ ગામની મહિલાઓને ભેગી કરી સ્વયં સહાયતા બચતજૂથની સ્થાપના કરી લઘુ ઉદ્યોગ શરૂ કરવાની એમની ઈચ્છા છે.

ઘર પૂર્ણ થવાને કારણે એમની રહેણી-કરણીમાં આમૂલાગ્ર બદલાવ આવ્યો છે. સમાજ તરફ જોવાનો દૃષ્ટિકોણ બદલાયો છે. વરસાદમાં વાંસના ઘરમાં સાપ, વીંછી ઘૂસી જતા હતા. એથી ઘરમાં રહેવું જોખમ ભરેલું હતું. હવે આ પાકા ઘરમાં રહેવાથી તડકો-વરસાદનો ત્રાસ નથી રહ્યો તેમ જ ઘરમાં જ શૌચાલય હોવાથી કોઈ પણ સંસર્ગજન્ય રોગનો શિકાર થવાતું નથી.

**ગણેશ માધવરાવ ચુકેવાડ,** વિસ્તાર અધિકારી, પંચાયત સમિતિ, વૈજાપુર




**મહિલા આર્થિક વિકાસ મહામંડળના સ્થાપના દિનના અવસરે 'તેજશ્રી ફાઈનાન્શિયલ સર્વિસીસ' નામની મહિલાઓ માટેની યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો. એ અવસરે ઉપ-સભાપતિ ડૉ. નીલમ ગોર્હે, મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, મહિલા અને બાળવિકાસ પ્રધાન ઍડ. યશોમતી ઠાકુર (સોનાવણે).**

**મહિલાઓના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનું માધ્યમ સાબિત થતું રહેલું મહિલા આર્થિક વિકાસ મહામંડળ અર્થાત્ માવિમ મહારાષ્ટ્ર ગ્રામીણ અને શહેરી વિકાસનું એન્જિન બની રહ્યું છે. મહિલાઓનું સંગઠન, એમની ક્ષમતાઓનો વિકાસ કરીને એમને આત્મનિર્ભર કરવામાં માવિમ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.**

# મહિલા વિકાસમાં અગ્રેસર

**મહારાષ્ટ્રનો** આર્થિક વિકાસ ગ્રામીણ વિકાસ પર અવલંબે છે. ખાસ કરીને ખેતી પર અવલંબતું હોવાથી આ આર્થિક વ્યવસ્થાને જુદી દિશા આપવાની જરૂર જાણી લઈ રાજ્ય સરકારે જે પ્રમુખ નિર્ણયો લીધા છે એમાં માવિમનું મહત્ત્વ વધુ છે. સ્વયં સહાયતાના માધ્યમથી મહિલાઓને આત્મનિર્ભર કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલો આ ઉપક્રમ છેલ્લા ચાર દાયકા કરતાં વધુ સમયથી પોતાના ઉદ્દેશો પાર પાડી રહ્યો છે. માવિમને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે મળેલા પુરસ્કાર તે એ વાતનો પુરાવો છે કે માવિમ રાજ્યમાંની મહિલાઓના સામાજિક,

“ રાજ્યમાં પ્લાસ્ટિક બંદીના કાળમાં મહિલા આર્થિક વિકાસ મહામંડળે કાગળ અને કપડાની થેલીઓ બનાવવાની જવાબદારી બહુ સારી રીતે પાર પાડી. શાશ્વત વિકાસનું લક્ષ્યાંક અને મહિલા સક્ષમીકરણને બહુ નજીકનો સંબંધ છે. એ આમાથી દેખાઈ આવે છે. 'માવિમ' અને મહારાષ્ટ્ર રાજ્ય મહિલા પંચનું સક્ષમીકરણ કરવા માટે સરકાર હંમેશાં પ્રયત્નશીલ રહી છે. મહિલા બચત જૂથનું કામ કરતી વખતે ગ્રામવિકાસ, નગરવિકાસ વિભાગના પણ બચતજૂથ છે. તેમની સાથે માવિમનું મહિલા બચત જૂથ આગળ વધી રહ્યું છે અને પોતાના નવીનતમ ઉત્પાદનો બજારમાં મૂકી રહ્યું છે. ભવિષ્યમાં પણ માવિમની પ્રગતિ આવી રીતે જ ચાલુ રહેશે

**– ડૉ. નીલમ ગોર્હે, ઉપ-સભાપતિ, વિધાન પરિષદ** ”



સરકારે મહામંડળને મહિલાવિકાસની રાજ્યસ્તરીય શિખર સંસ્થા તરીકે જાહેર કરી છે. આને કારણે કેન્દ્ર તથા રાજ્ય સરકાર પુરસ્કૃત મહિલાઓ માટેની વિવિધ વિકાસાત્મક યોજનાઓ રાજ્યમાં કાર્યાન્વિત કરવાનું મહત્ત્વનું કામ એનું છે. સ્વયંસહાય બચતજૂથ, નાણાકીય તેમ જ સ્વયંસેવી સંસ્થાઓ તથા સરકારના સંબંધિત વિભાગો વચ્ચે સમન્વય સાધવાનું મહત્ત્વપૂર્ણ કામ પણ માવિમ કરે છે.

## માવિમનો વ્યાપ

આખા રાજ્યમાં પોતાનો કાર્યવિસ્તાર ધરાવતા માવિમનું મુખ્યાલય મુંબઈના બાન્દ્રા ખાતે છે અને મુંબઈ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં એનાં ૩૬ જિલ્લા કાર્યાલયો છે. માવિમ મારફત અમલમાં મૂકવામાં આવતી તમામ યોજનાઓની અમલબજાવણી માવિમ જિલ્લા કાર્યાલયો દ્વારા કરવામાં આવે છે. મહિલાઓની આર્થિક જરૂરતો, એમનામાં રહેલી ક્ષમતા ઓળખી એમને આવશ્યક મદદ કરવા માટે અહીંના અધિકારીઓ તથા કર્મચારી વર્ગ તત્પર હોય છે.

> “ મહિલા આર્થિક વિકાસ મહામંડળ (માવિમ)માં શહેરી અને ગ્રામીણ ભાગની મહિલાઓ સારું કામ કરી રહી છે. ચારે દિશામાં પ્રગતિ કરી મહારાષ્ટ્ર સતત આગેકૂચ કરી રહ્યું છે. મહિલાઓના મનની વાત જાણી એમને યોગ્ય દિશા આપીએ તો નક્કી આપણા ક્ષેત્રમાં પ્રગતિ કરી શકાશે. એ માટે સરકાર તરફથી બધી મદદ આપવામાં આવશે. મહિલા આર્થિક વિકાસ મહામંડળનાં બચતજૂથોનું કામ પણ પ્રેરણાદાયી છે. મહામંડળની ભવિષ્યની પ્રગતિ માટે આ કામ મહત્ત્વનું છે.
>
> **– શ્રી ઉદ્ધવ ઠાકરે, મુખ્ય પ્રધાન** ”

શૈક્ષણિક અને ઔદ્યોગિક વિકાસમાં મહત્ત્વનું માધ્યમ સાબિત થઈ રહ્યું છે.

વિકાસની સનાતન પ્રક્રિયામાંથી મહિલાઓ માટે સામાજિક, આર્થિક તથા રાજનૈતિક ન્યાય પ્રસ્થાપિત કરવાનું ધ્યેય લઈ સ્થાપિત કરવામાં આવેલા મહિલા વિકાસ મહામંડળ (માવિમ) એ રાજ્ય સરકારનો અંગીકૃત ઉપક્રમ છે. આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ નિમિત્તે ૨૪ ફેબ્રુઆરી, ૧૯૭૫ની સાલમાં આ મહામંડળની સ્થાપના કરવામાં આવી હતી. મહિલાઓના સર્વાંગી વિકાસનું મહત્ત્વ તથા આ કાર્યમાં મહામંડળનું નિષ્ણાતપણું ધ્યાનમાં લઈ

## ધોરણ તથા દૃષ્ટિકોણ

- જિલ્લાસ્તરે મહિલાઓની વિકાસાત્મક યોજનાઓ તથા કાર્યક્રમોની સુનિયોજિત ઢબે અમલબજાવણી.
- લાભાર્થીઓની જરૂરત અનુસાર ઉપક્રમોનું આયોજન તથા અનુદાન પરનું અવલંબન ઓછું કરવા પર ભાર આપવો.
- આયોજનોમાં છેક તળિયાથી લાભાર્થીઓનો સહભાગ.
- કાર્યક્ષેત્રના રહેવાસીઓ પર આધારિત પ્રક્રિયા અને ધોરણોની લવચીક રીતે અમલબજાવણી
- અસરકારક વ્યવસ્થાપન તથા સહકારની ભાવના ધરાવતા અધિકારી અને કર્મચારીઓમાં સ્થિરતા.
- એકહથ્થુ સત્તા અથવા એકાધિકારપણાને રોકવા માટે યોગ્ય પ્રતિબંધક ઉપાયયોજના.
- ગરીબમાં ગરીબ લાભાર્થીઓની પસંદગી માટે સ્માર્ટ સાધનોનો ઉપયોગ.

## વિવિધ કાર્યક્રમોની ફળશ્રુતિ

- માવિમએ સ્થાપિત કરેલા ૩૬૧ સીએમઆરસીમાંથી ૮૦ ટકા સીએમઆરસી સ્વબળે કાર્યરત છે.
- સ્વયંસહાય બચતજૂથની મહિલાઓને બેથી ત્રણ કાયમી સ્વરૂપે ટકનારા આવકના સ્રોત મળે છે.
- ૬૧૮૦ માઈક્રો લાઈવલીહૂડ પ્લાનમાં ૧,૫૧,૦૫૯ મહિલાઓનો સહભાગ
- માઈક્રો લાઈવલીહૂડ પ્લાનમાં સામેલ મહિલાઓની આવકમાં ૫૦૦૦થી ૨૦,૦૦૦ રૂપિયા સુધીનો વધારો.
- વિવિધ બૅન્કસે સ્વયંસહાય બચતજૂથની મહિલાઓને (૨૮૩૬.૩૮ કરોડ રૂપિયા)નું કરજ ઉપલબ્ધ કરાવ્યું.
- વિવિધ વિભાગો સાથે સંયુક્ત ઉપક્રમોમાં ૪૪ કરોડ રૂપિયા (આર્થિક વર્ષ ૨૦૧૮-૧૯)માં મહિલાઓને લાભ મેળવી આપવામાં સફળતા.
- મહિલાની મિલકતની માલિકી, નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓનો સહભાગ તથા પંચાયત રાજ સંસ્થાઓમાં મહિલાઓને સ્થાન મેળવી આપવામાં સફળતા.
- કૃષિ પદ્ધતિમાં ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને મહિલાઓને અપાર મહેનતમાં રાહત પહોંચાડવાનો પ્રયાસ.






“ મહિલા આર્થિક વિકાસ મહામંડળને નિયોજન મંત્રાલય પાસેથી ૨૦૧૮-૧૯માં 31 કરોડ 3 લાખની નિધિ ઉપલબ્ધ કરી આપવામાં આવી હતી. આનો મહામંડળે ઉપયોગ કરી લેવો જોઈએ અને પોતાની વિવિધ યોજનાના માધ્યમથી મહામંડળનું નામ રોશન થવું જોઈએ. રાજ્ય સરકારના વિવિધ વિભાગોને જે જે ચીજવસ્તુઓની જરૂર પડે છે એનું ઉત્પાદન મહામંડળે કરવું જોઈએ. મહિલા મહામંડળ પર અમારો બધાનો વિશ્વાસ હોવાથી એમને સરકાર તરફથી જે કરજ આપવામાં આવે છે એ સમયસર પરત પણ કરવામાં આવે છે. મહિલાશક્તિ પર આમારો વિશ્વાસ છે અને એ મહેનતું અને પરિશ્રમી છે.

**– શ્રી અજિત પવાર, નાયબ મુખ્ય પ્રધાન** ”



- સૂક્ષ્મ નિરીક્ષણ કરીને સાપેક્ષ ગરીબીને સંબોધિત કરવી.

માવિમના કામ કરવાની રણનીતિ તરીકે કોઈ પણ સ્વયંસહાય બચતજૂથ પર આધારિત કાર્યક્રમ પ્રોજેક્ટમાં નીચે જણાવેલી ચાર મુખ્ય બાબત પર ભાર આપવામાં આવે છે.

## સંસ્થા ઘડતર તથા મજબૂતીકરણ

માવિમને વિશ્વાસ છે કે સંસ્થા ઘડતર તથા મજબૂતીકરણની પ્રક્રિયા મહિલાઓના સામુદાયિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પ્રક્રિયામાં સ્વયંસહાય બચતજૂથ, ગ્રામવિકાસ સમિતિઓ તથા ક્લસ્ટર સ્તરે સ્વયંસહાય બચતજૂથોનું ફેડરેશન અર્થાત્ લોકસંચાલિત સાધન કેન્દ્રનો (સીએમઆરસી) સમાવેશ થાય છે. મહામંડળે જે સંસ્થાઓનું ઘડતર કર્યું છે એના સામાજિક મૂડી, લોકશાહી ગવર્નન્સ, સભ્યોના વિવિધ કાર્યક્રમો અને સેવાઓ આપવા માટે પ્રશાસકીય પદ્ધતિ વિકસાવી છે. સાથે જ સોશિયલ એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ જેવા ઉપક્રમ પણ હાથ ધરવા તથા વિવિધ ભાગીદારોના માધ્યમથી સંસાધન એકત્ર કરવા પર ભાર આપવામાં આવે છે.



## સૂક્ષ્મ વિત્તસેવા

**આ ઘટક અંતર્ગતઃ** ● આંતરિક બચત અને ઋણ આપવું. ● મોટી રકમનું ઋણ મેળવવા માટે બૅન્ક્સ તથા અન્ય ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂટ્સ સાથે ભાગીદારી કરવી. ● સ્વયંસહાય બચતજૂથમાંની મહિલાઓ વીમાનો લાભ મેળવી આપવા માટે વીમાકંપનીઓ સાથે એમને જોડવા.

## ઉપજીવિકા તથા એન્ટરપ્રાઈઝ વિકાસ

મહિલાઓને આવકનાં સાધનો ઉપલબ્ધ કરાવવા માટે મહિલામાંના કૌશલ્યને વિકસિત કરવું અને નવા કૌશલ્યનો પરિચય કરાવવો, આધુનિક ટેક્નોલૉજી તથા શ્રમની બચત કરનારી મૂળભૂત સુવિધાઓનો પરિચય કરાવીને મહિલા એન્ટરપ્રાઈઝ વિકાસમાં સહભાગ વધારવો. મહિલાઓએ ઉત્પાદિત કરેલા માલને બજાર મેળવી આપવા માટે જરૂરી સહકાર આપવો.



## આરોગ્ય

મહિલાઓનું સ્વાસ્થ્ય એ અત્યંત સંવેદનશીલ વિષય છે. આરોગ્ય સુદૃઢ રહે એ માટે તથા એમના આરોગ્ય અને સ્વચ્છતા વિશે જાગરૂકતા નિર્માણ કરવા માટે બહારની સંસ્થાઓ સાથે ભાગીદારીમાં કાર્ય કરવામાં આવે છે.

## અલ્પસંખ્યાક મહિલા સશક્તિકરણ

મહારાષ્ટ્ર સરકારના અલ્પસંખ્યાંક વિભાગ તથા અલ્પસંખ્યાક આયોગની મદદથી અલ્પસંખ્યાકોની વધુ વસતિ



“ મહિલા બચતજૂથની ચળવળ બહુ જૂની છે અને આજે આ બચતજૂથો મોટાપાયે પ્રગતિ કરે છે. મહિલાઓ જેમ કુટુંબને સારી રીતે સંભાળી શકે છે તેમ દેશ પણ સંભાળી શકે છે. સમાજમાં લોકોને કઈ કઈ ચીજ–વસ્તુઓની જરૂરત છે એ જાણીને વિવિધ યોજના અમલમાં મૂકવી જોઈએ. આમ મહામંડળનું ઉત્પાદન વધશે અને મહિલાઓને તક પણ ઉપલબ્ધ થશે.

**– શ્રી બાળાસાહેબ થોરાત,** મહેસૂલપ્રધાન ”

ધરાવતાં ૧૦ શહેરોમાં (મુંબઈ–ધારાવી, ચાંદિવલી, ટ્રોમ્બે, થાણે–ભિવંડી, મુંબ્રા–કૌસા, નાસિક–માલેગાવ, ઔરંગાબાદ–પરભણી, નાંદેડ, વાશિમ–કારંજા, નાગપુર, પુણે તથા સાંગલી–મિરજ) મહિલા સક્ષમીકરણનો ઉપક્રમ ચલાવવામાં આવે છે.

## કૃષિવિકાસ પ્રકલ્પ

વિદર્ભના અમરાવતી, યવતમાળ, વાશિમ, અકોલા, બુલઢાણા તથા વર્ધા જેવા મુખ્ય છ જિલ્લાઓમાં ખેડૂતોની આત્મહત્યાનું પ્રમાણ વધુ હોવાને કારણે મહારાષ્ટ્ર સરકાર તથા આયફેડના સંયુક્ત ઉપક્રમે કૃષિ સમૃદ્ધિ સમન્વયિત કૃષિ વિકાસ પ્રકલ્પ ૨૦૦૯થી કાર્યાન્વિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ જૂન, ૨૦૧૯ સુધી પૂર્ણ થયો છે.

## અંત્યોદય યોજના

મહિલા આર્થિક વિકાસ મહામંડળ આ પ્રકલ્પમાં સંસાધન સંસ્થા તરીકેની ભૂમિકા ભજવે છે. આ પ્રકલ્પને રાજ્યના ૩૪ જિલ્લામાંનાં ૨૫૦ શહેરોમાં ચલાવે છે. આ પ્રકલ્પ બે વર્ષનો હોય છે અને સપ્ટેમ્બર, ૨૦૧૭થી ૩૦ માર્ચ, ૨૦૨૪ સુધી ચાલશે. શહેરના ગરીબ તથા એમની સંસ્થાઓને સુદૃઢ કરવા તથા એમની ક્ષમતાવૃદ્ધિ પર પ્રશિક્ષણ આપવાની માવિમની ભૂમિકા રહેશે.

“ મહિલા આર્થિક વિકાસ મહામંડળ (માવિમ) એ મહારાષ્ટ્ર સરકારનો એક માનીતો ઉપક્રમ હોવાથી સ્વયંસહાય બચતજૂથના માધ્યમથી મહિલા સશક્તિકરણનાં કામો ‘માવિમ’ કરે છે. રાજ્યની દરેક મહિલાના સર્વાંગી વિકાસ માટે મહિલાની ટોચની સંસ્થા તરીકે ‘માવિમ’ કટિબદ્ધ છે.

**– શ્રીમતી જ્યોતિ ઠાકરે, અધ્યક્ષા, માવિમ** ”

## ગ્રામીણ જીવનોન્નતિ અભિયાન

મહારાષ્ટ્ર રાજ્ય ગ્રામીણ જીવનોન્નતિ અભિયાન હેઠળ થાણે (ભિવંડી, શહાપુર), સોલાપુર (માળશિરસ, મોહોળે) તથા ગોંદિયા (સાલેકસા, તિરોડા) આ ત્રણ જિલ્લાના કુલ છ તાલુકા માટે ત્રણ વર્ષ માટે ટેક્નિકલ તથા સિસ્ટમ અમલબજાવણી સંસ્થા તરીકે પસંદ કરવામાં આવી છે. આ કાર્યક્રમની અમલબજાવણી માર્ચ, ૨૦૨૩ સુધી રહેશે.



## અન્ય ઉપક્રમો

માવિમના માધ્યમથી વિવિધ ઉદ્યોગોનું પ્રશિક્ષણ આપી મહિલાઓને સાહસિક કરવાનો ઉપક્રમ સાતત્યપૂર્વક ચલાવવામાં આવે છે. આમાં વિવિધ કાર્યશાળાઓ, પ્રશિક્ષણ વર્ગનો સમાવેશ થાય છે. આ સાથે જ ખેતી પૂરક વ્યવસાયો માટે અને ખેતીને ફાયદાકારક બનાવવાની દૃષ્ટિએ પણ ઉપક્રમ હાથ ધરવામાં આવે છે. ખાસ કરીને પ્રશિક્ષણ તથા યંત્રોનો ઉપયોગ કરીને ઓછી મહેનતમાં વધુ ઉત્પાદન લેવા પર ભાર આપવામાં આવે છે.

**ટીમ લોકરાજ્ય**

## તેજશ્રી ફાઈનાન્સિયલ સર્વિસીસ

મહિલા આર્થિક વિકાસ મહામંડળના ૪૫મા વર્ધાપનદિન નિમિત્તે તાજેતરમાં ઊજવવામાં આવ્યો. આ વેળા ‘માવિમ’ સ્થાપિત બચતજૂથની મહિલાની પ્રેરણાદાયી કન્યાને તેજસ્વિની કન્યા આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી. સામાજિક ક્ષેત્રમાં સ્ત્રી સક્ષમીકરણ માટે યોગદાન આપનારી કર્તત્વનિષ્ઠ મહિલાને સન્માનિત કરવામાં આવી. આ કાર્યક્રમ નિમિત્તે ‘તેજશ્રી ફાઈનાન્શિયલ સર્વિસીસ’ આ મહિલાઓ માટેની યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો. એ માટે ‘માવિમ’ને કુલ રૂપિયા ૬૮.૫૮ કરોડનું ભંડોળ મંજૂર કરવામાં આવ્યું. એમાંથી આ નાણાકીય વર્ષ માટે પહેલો હપ્તો રૂપિયા ૩૧ કરોડ ૩ લાખનું ભંડોળ હસ્તગત કરવામાં આવ્યું છે.

## તેજસ્વિની કન્યા પુરસ્કાર

નેહા ગજભિયે–નાગપુર, સંધ્યા હટકર–નાંદેડ, જયશ્રી આહેર–નાસિક, પ્રતીક્ષા નિમકર–અમરાવતી, પ્રિયંકા લોખંડે–પુણે, માધવી પાટીલ–પાલઘર આ માવિમ સ્થાપિત બચતજૂથની મહિલાઓની પ્રેરણાદાયી કન્યાઓને ‘તેજસ્વિની કન્યા’ પુરસ્કારથી ગૌરવવામાં આવી તેમ જ સામાજિક ક્ષેત્રમાં સ્ત્રી સશક્તિકરણમાં સારું યોગદાન આપનારી કાર્યક્ષમ મહિલા ચિત્રા ઉબાળે–ડિક્કી, જ્યોતિ મ્હાપસેકર–સ્ત્રીમુક્તિ સંગઠન, રુબિના શહા, સ્વાતિ વૈદ્ય, રેવતી નિકમ આ બધી મહિલાઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવી.

**મહારાષ્ટ્ર રાજ્ય ગ્રામીણ જીવનોન્નતિ અભિયાનનું 'ઉમેદ' એવું નામકરણ કરવામાં આવ્યું છે. 'ઉમેદ' આ શબ્દમાં યોજનાનો સઘળો સાર સમાયેલો છે. ઉમેદ કાર્ય કારિણીને ગતિ આપનારા મનને ઉત્સાહિત કરનારી બાબત છે. ઉમેદ (ખેવના-જિજીવિષા) હશે તો માણસ ફરીથી ઊભો થઈ શકશે. આ જ ઉમેદે લાખો મહિલાઓને સ્વરોજગારનો માર્ગ બતાવ્યો છે. એમની કુશળતાને નવી પાંખો આપી છે.**



# કૌશલ્યને મળી નવી પાંખ

**ઈર્શાદ બાગવાન**

**ગ્રામીણ** વિભાગની ગરીબીને ઊખેડી ફેંકવા માટે ગ્રામવિકાસ વિભાગ હેઠળ 'ઉમેદ' અભિયાનનો અમલ કરવામાં આવી રહ્યો છે. આમાં ગરીબી દૂર કરવાનો તમામ વિચાર કરવામાં આવ્યો હોઈ સમુદાય વિકાસથી ચિરંતર અર્થોપાર્જન કરવા સુધીની દરેક બાબતનો સમાવેશ છે. સામાજિક, આર્થિક અને વિત્તીય સમન્વય સહિત સાર્વજનિક સેવાઓની ઉપલબ્ધિ અને વિવિધ યોજનાઓનો લાભ 'ઉમેદ' નો આધાર છે. ગ્રામીણ મહારાષ્ટ્રના ગરીબ અને જરૂરતમંદ પરિવારોને સમૃદ્ધ અને આત્મનિર્ભર અને સંરક્ષિત જીવન જીવતા ફાવે એ માટે 'ઉમેદ' હેઠળ એકિકૃત પ્રયાસો કરવામાં આવે છે. સ્વયં સહાય સમૂહો દ્વારા, બચત સમૂહો દ્વારા મહિલાઓને સંગઠિત કરી એમના રોજગારને-વ્યાપારને ગતિ આપવામાં આવે છે.

ગ્રામપંચાયત સ્તરે ગ્રામ સંઘ તો જિલ્લાસ્તરે વિભાગ સંઘ ગઠિત કરવામાં આવે છે. આ સંસ્થાઓ દ્વારા ગરીબોના અધિકાર, હક્ક, નાણાકીય સેવા તેમ જ ચિરંતર ઉપજીવિકાની તકો મેળવવા માટે વાતાવરણ નિર્માણ કરવામાં આવે છે.

## ગ્રામ્યકક્ષા સુધી 'ઉમેદ'

'ઉમેદ' અભિયાનનો અમલ રાજ્યના ૩૪ જિલ્લા અને ૩૫૧ તાલુકાઓમાં ઈન્ટેન્સિવ પદ્ધતિથી કરવામાં આવી રહ્યો છે. ઈન્ટેન્સિવ પદ્ધતિથી થઈ રહેલા જિલ્લાઓ અને તાલુકાઓમાં જિલ્લા અભિયાન કક્ષ અને તાલુકા અભિયાન કક્ષ વ્યવસ્થાપન કક્ષ સ્થાપન કરવામાં આવ્યા છે. આ ચળવળ અસરકારક રીતે અમલમાં મૂકવા માટે રાજ્યસ્તરથી ગ્રામ્યકક્ષા સુધી સ્વતંત્ર, સમર્પિત અને સંવેદનશીલ માનવબળની અને અમલ કરનારા યંત્રણાનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ચળવળના અસરકારક અમલ માટે સમુદાય સંયોજક વ્યક્તિઓની એક મજબૂત બાંધણી ગ્રામ્યકક્ષા સુધી ઊભી કરવામાં આવી છે. આ વ્યક્તિ દ્વારા ગરીબ પરિવારોની બરાબર ઓળખાણ કરી લઈ એમને સ્વયં સહાયતા સમૂહમાં આવરી લેવાનું અમૂલ્ય કાર્ય કરવામાં આવે છે. સમુદાય સંયોજક વ્યક્તિ સ્થાનિક મહિલાઓ હોઈ એ સમુદાય સંસ્થાનો એક ભાગ તરીકે કાર્ય કરે છે.

## બચતજૂથોને ઋણ ફાળવણી

'ઉમેદ' અભિયાન હેઠળ અત્યાર સુધી સ્ત્રીઓના ૪.૨૩ લાખ સ્વયં સહાયતા સમૂહો સ્થાપન થયા હોઈ એમના માધ્યમથી ૪૫ લાખ પરિવારો ચળવળમાં જોડાયા છે. અભિયાન દ્વારા લગભગ ૮૨૩ કરોડ જેટલો સમુદાય નિધિ તો બૅન્ક દ્વારા ૬૬૦૦ કરોડનું ઋણ સમૂહોને આપવામાં આવ્યું છે. અભિયાન હેઠળ ૧૦.૮૩ લાખ પરિવારોએ આજીવિકાની જુદી જુદી પ્રવૃત્તિઓ મેળવી હોઈ એના માધ્યમથી લગભગ ૧ હજાર ૭૦ કરોડ રૂપિયા રળવામાં આવ્યા છે. ગ્રામ્યકક્ષાએ લગભગ ૪૦ હજાર પ્રશિક્ષિત સમુદાય સંયોજક વ્યક્તિ કાર્યરત છે.

## કુશળતા વૃદ્ધિ અને ક્ષમતાગઠન

રાજ્યમાં 'ઉમેદ' હેઠળ મહિલાઓના બચતસમૂહો સ્થાપન કરવામાં આવે છે. અભિયાનનું ગઠન કરતી વખતે મહિલાઓને કેન્દ્ર સ્થાને મૂકી છે. એથી અભિયાનમાં સહભાગી તમામ ઉપક્રમો મહિલાલક્ષી છે. મહિલાઓના સ્વયં સહાયતા સમૂહો તૈયાર થઈ ગયા બાદ અને એને ત્રણ મહિના પૂર્ણ થયા બાદ ફરતો નિધિ (આરએફ) આપવામાં આવે છે. એનો ઉપયોગ સમૂહની સ્ત્રીઓ એમની પાયાભૂત જરૂરતો પૂર્ણ કરવા માટે તેમ જ

## અભિયાનની દસસૂત્રી

અભિયાનમાં દસ સૂત્રોનો વિચાર સ્વીકાર કરવામાં આવ્યો છે. સમુદાય સંસ્થામાં નાણાકીય શિસ્ત સાથે સામાજિક બંધન પ્રત્યે જાગૃતિ નિર્માણ કરવાનો દસસૂત્રીનો હેતુ છે. **દસ સૂત્રો આગળ પ્રમાણે :** (૧) નિયમિત મુલાકાતો (૨) નિયમિત બચત (૩) નિયમિત અંતર્ગત બચત વહેવાર (૪) નિયમિત કરજ ચુકવણી (૫) નિયમિત દસ્તાવેજો અદ્યતન રાખવા (૬) આરોગ્ય અને સ્વચ્છતા (૭) શિક્ષણ (૮) પંચાયત રાજ સંસ્થાઓમાં મહિલાઓનો સહભાગ (૯) શાસકીય યોજનાઓનો ફાયદો (૧૦) ચિરંતર આજીવિકાનું સંયોજન કરવું.

દસસૂત્રીના પાલનને કારણે બચતજૂથના સદસ્યોનો આત્મવિશ્વાસ વધવામાં ઘણી સહાયતા મળતી હોઈ એમને બૅન્ક તરફથી બહોળા પ્રમાણમાં આર્થિક સહાય પ્રાપ્ત થાય છે.

વ્યવસાય માટે કરી શકે છે.

સમૂહ છ મહિનાનો થયા બાદ સમૂહના દરેક સભાસદનો સૂક્ષ્મ મૂડીરોકાણ તખ્તો તૈયાર કરી એ સમૂહને સમુદાય મૂડીરોકાણ નિધિ (સીઆઈએફ) આપવામાં આવે છે. બૅન્ક તરફથી સમૂહને ઋણ ફાળવાય છે. આ પૈસામાંથી મહિલાઓ પોતાનામાં રહેલી કુશળતા, સાધનો અને ઈચ્છાશક્તિના જોરે વિચારપૂર્વક કામ-ધંધો નિશ્ચિત કરે છે. મહિલાઓને એમની કુશળતામાં વધારો કરવા માટે તેમ જ ક્ષમતાઓનો સમન્વય કરવા માટે 'ઉમેદ' તરફથી પ્રશિક્ષણ આપવામાં આવે છે. આ ચળવળનો લાભ ગામડાંની ગરીબ મહિલાઓ લઈ શકે છે. એ માટે એમણે સ્વયં સહાયતા સમૂહ અથવા બચતજૂથમાં સંમેલિત થવું પડે છે.

### પ્રશિક્ષણ

બચતજૂથની સદસ્યા હોય એવી મહિલાઓના પરિવારનાં છોકરા-છોકરીઓને પ્રશિક્ષણ આપી વિવિધ કંપનીઓમાં ઉપજીવિકા મેળવી આપવામાં આવે છે. એ માટે અભિયાન હેઠળ પ્રકલ્પ અમલ કરતી સંસ્થાઓની નિમણૂક પણ કરવામાં આવે છે. સ્વયં રોજગાર મેળવવાની ઈચ્છા ધરાવતાં યુવક-યુવતીઓને જિલ્લાસ્તરે લીડ બૅન્કના માધ્યમ દ્વારા આરઈએસટીઆઈ યોજના હેઠળ પ્રશિક્ષણ આપવામાં આવે છે. બૅન્ક મારફત એમને ઋણ મેળવી આપી સ્વયં રોજગાર કરવા માટે સહાયતા કરવામાં આવે છે. અભિયાનમાં 'વર્ધિની', 'પ્રરિકા', 'પશુસખી', 'કૃષિસખી', 'કૃતિસંગમ સખી' જેવી પદ્ધતિઓમાં સમૂહ સંયોજક વ્યક્તિ તરીકે કાર્ય કરવાની તક આપવામાં આવી છે. આ માધ્યમથી પ્રશિક્ષિત અને કુશળતા વિકાસ થયેલી સમૂહ સંયોજક વ્યક્તિઓની સાંકળ નિર્માણ થઈ છે.

### બચતજૂથોનાં ઉત્પાદનો માટે બજાર

ચળવળમાં જિલ્લા, વિભાગ અને રાજ્યકક્ષાએ પ્રદર્શનો ભરાવી મહિલાઓના બચતજૂથોનાં ઉત્પાદનો માટે બજાર ઊભી કરી આપવામાં આવે છે. મુંબઈમાં આયોજિત થતું 'મહાલક્ષ્મી સરસ પ્રદર્શન' લોકપ્રિય ઠર્યું છે. આ પ્રદર્શનમાંથી મહિલાઓનાં બચતજૂથોએ ગત વર્ષે ૧૨ કરોડ રૂપિયાની તો હાલના વર્ષે ૧૫ કરોડ રૂપિયાની ઊથલપાથલ કરી છે. હાલના પ્રદર્શનમાં ૫૦૦થી વધુ બચતજૂથોએ ભાગ લીધો છે. આવાં જ પ્રદર્શનો જિલ્લા અને વિભાગ ક્ષેત્રે આયોજિત કરવામાં આવે છે.

### અસ્મિતા યોજના

ગામડાંની છોકરીઓ અને સ્ત્રીઓમાં માસિક ઋતુના સમયમાં સેનેટરી નૅપ્કીન વાપરવાનું પ્રમાણ ઓછું છે. આ ધ્યાનમાં લઈ 'ઉમેદ' અભિયાન હેઠળ બચતજૂથો દ્વારા રાજ્યમાં 'અસ્મિતા યોજના' અમલમાં મૂકવામાં આવી છે. આમાં શાળાએ જતી વિદ્યાર્થિનીઓને માત્ર પાંચ રૂપિયામાં સેનેટરી નૅપ્કીન આપવામાં આવે છે તેમ જ ગામડાંની સ્ત્રીઓ માટે પણ ઓછી રકમે સસ્તા ભાવે સેનેટરી નૅપ્કીન આપવામાં આવે છે.

http:/www.umed.in આ સંકેતસ્થળે જઈ 'ઉમેદ' અભિયાનની વધુ માહિતી તમે મેળવી શકો છો. અભિયાનમાં સહભાગી બનવા માટે ગટ વિકાસ અધિકારી, પંચાયત સમિતિનો સંપર્ક સાધવો.

**વિભાગીય સંપર્ક અધિકારી**



“ 'ઉમેદ' અભિયાન હેઠળ અમલમાં આવતી બચતજૂથ ચળવળમાંથી રાજ્યમાં મોટી સામાજિક અને આર્થિક ક્રાંતિ ઘડાઈ રહી છે. સ્ત્રીઓનો નિર્ણાયક કૃતિઓમાં ભાગ વધી રહ્યો છે. બચતજૂથની બહેનો ખૂબ મહેનતથી અને પ્રામાણિકતાથી ઉત્પાદન નિર્માણ કરે છે એથી ગ્રાહકોને એમનાં ઉત્પાદનો વિશ્વસનીય લાગે છે. 'ઉમેદ' અભિયાન હેઠળ અમલમાં મુકાયેલા વિવિધ ઉપક્રમો, મહાલક્ષ્મી સરસ જેવાં પ્રદર્શનો, અન્ય વિભાગીય કક્ષા અને જિલ્લા કક્ષાનાં પ્રદર્શનોને કારણે મહિલાઓને બજાર મળવાને કારણે ગ્રામીણ સ્ત્રીઓના જીવનની ગરીબાઈ ઓછી થવામાં મદદ થઈ રહી છે. મુંબઈ જેવાં મોટાં શહેરોમાં સ્વયં સહાયતા સમૂહોનાં ઉત્પાદનોને બજાર મળે છે. ”

**– હસન મુશ્રીફ, ગ્રામવિકાસ પ્રધાન**

# હક્ક અને અધિકાર

**ભારતીય બંધારણે સ્ત્રી-પુરુષને સમાનતા આપી છે, છતાં સામાજિક સ્તરે, જાતિસ્તરે, ભાષા, સંસ્કૃતિ અને એને લીધે થતા અનુષાંગિક બદલાવને લીધે બંધારણની સમાનતાની જોગવાઈનો પૂરતો લાભ મહિલાઓ સુધી પહોંચ્યો નથી. સમાન તક અને એક નાગરિક તરીકે સન્માનથી જીવવાનો અધિકાર બંધારણે આપ્યો છે. બંધારણે પ્રદાન કરેલા હક્ક અને અધિકારનો લાભ લેવા માટે કાયદાની માહિતી આવશ્યક છે. અન્યાય અને અત્યાચાર સહન કરવા પાછળ કાયદાની જોગવાઈ બાબતની અજ્ઞાનતા મુખ્ય કારણ હોય છે. મહિલામાં કાયદા વિશેની જાણકારી તથા જાગૃતિ માટે સરકાર, વિવિધ સામાજિક સંગઠનો અથાગ કાર્ય કરે છે, છતાં મહિલાને એના હક્ક અને અધિકાર મેળવી આપવા માટે સમાજે પોતે આગળ આવવાની જરૂર છે.**

**એડ. પ્રિયા દેશપાંડે**

**બંધારણના** શિલ્પકાર ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતીય સ્ત્રીઓ પર અનેક ઉપકાર કર્યા છે. ભારતીય સ્ત્રીઓનાં જીવનમાં ક્રાંતિકારી બદલાવ લાવીને હિંદુ કોડ બિલના માધ્યમથી એમણે મહિલાના પગમાં બાંધવામાં આવેલી પરંપરાગત બેડી તોડી. રૂઢિ મુજબની મહિલાને ઊતરતો દરજ્જો આપવાનું અમાન્ય રાખી મહિલા ને પુરુષ સમાનતા માટે એમણે કાયદેસર જોગવાઈ કરી. આજે પોતાના હક્કની જાણકારી હોય એવો એક મોટો વર્ગ હોવા છતાં શિક્ષણ અને માધ્યમના અભાવને લીધે અને કાયદા વિશેના અપૂરતા જ્ઞાનને લીધે મહિલાઓ અન્યાય સહન કરે છે. આ વર્ગ પરનો અન્યાય દૂર કરવા માટે એમનામાં આત્મસન્માનની જાગૃતિ લાવવાની સાથે એમને કાયદા વિશેની જાણકારી હોવી જરૂરી છે.

## દહેજ વિરોધી કાયદો

૧૯૬૧ના કાયદા મુજબ દહેજ આપવું કે લેવું ગુનો છે. આ કાયદો વધુ પ્રભાવી કરવા માટે ઈન્ડિયન પીનલ કોડમાં ૩૦૪ (ખ) અને ૪૯૮ (ક) એમ નવી કલમ ઉમેરાઈ. કોઈ પણ દહેજની માગણી કરે તો સંબંધિત મહિલા, એનાં સગાંસંબંધી પોલીસમાં ફરિયાદ કરી શકે છે. દરેક પોલીસસ્ટેશનમાં દહેજ પ્રતિબંધક અધિકારીની નિયુક્તિ, જિલ્લા તેમ જ તાલુકાસ્તરે સમિતિની સ્થાપના આ કાયદા અંતર્ગત કરવામાં આવી છે.

## અશ્લીલતા વિરોધી કાયદો

ઈન્ડિયન પીનલ કોડની કલમ ૨૯૨થી ૨૯૪માં મહિલાઓ સાથે અશ્લીલ વર્તન કરનારા સામે શિક્ષા કરવાની જોગવાઈ છે. એ જ પ્રમાણે જાહેરાતો, પુસ્તકો, ચિત્ર, વગેરેના માધ્યમથી મહિલાની અવમાનના કરવા માટે ધરપકડ થઈ શકે છે. જાહેરમાં છેડતી, અશ્લીલ ચેનચાળા, વગેરે આ બાબતો પણ દંડનીય છે.

## છેડછાડ કરવો ગુનો

સ્ત્રીની આબરૂ લૂંટવી, હાથ પકડવો, એના વસ્ત્રને હાથ લગાવવો જેવા વિનયભંગ કરનારા પ્રકાર ઈન્ડિયન પીનલ કોડની ૩૫૪ હેઠળ શિક્ષાને પાત્ર છે તેમ જ છેડતી કરવા બદલ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૯ અંતર્ગત પોલીસમાં ફરિયાદ દાખલ કરી શકાય છે.

## બાળવિવાહ પ્રતિબંધક કાયદો

બાળવિવાહની પ્રથા બંધ કરવા માટે 'બાળવિવાહ પ્રતિબંધ કાયદો (શારદા ઍક્ટ)' ૧૯૨૯માં સુધારણા થઈ છે. છોકરીની ઉંમર ઓછામાં ઓછી ૧૮ અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી ઓછી હોય તો શિક્ષાની જોગવાઈ છે. આ કાયદો સર્વ જાતિ-ધર્મના લોકો માટે સમાન છે.



## કૌટુંબિક ન્યાયાલય કાયદો

દામ્પત્ય અને કૌટુંબિક કલહનાં પ્રકરણો એક જ ઠેકાણે ઉકેલવા માટે કૌટુંબિક અધિનિયમ ૧૯૮૪ લાગુ કરવામાં આવ્યો છે. કુટુંબ ન્યાયાલય ન હોય તો ત્યાંની જિલ્લા કોર્ટને કુટુંબ ન્યાયાલયનો દરજ્જો આપવામાં આવ્યો છે.



## લૈંગિક ગુના

લૈંગિક ગુના સંબંધે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૫ અને ૩૭૩ અનુસાર કડક શિક્ષા આપવામાં આવે છે. લૈંગિક ખટલાની સુનાવણી કોર્ટમાં બંધ દરવાજે થાય છે.

## હિંદુ ઉત્તરાધિકાર

૧૯૫૬ના હિંદુ ઉત્તરાધિકાર કાયદાનુસાર મહિલાને સંપત્તિમાં વ્યાપક અધિકાર આપવામાં આવ્યા છે. સ્ત્રીધનનો ઉપભોગ લેવાનો અને ધનખર્ચ કરવાનો સંપૂર્ણ અધિકાર સ્ત્રીને મળ્યો છે. હિંદુ સ્ત્રી સંયુક્ત કુટુંબની સંપત્તિમાં પણ હિસ્સો માગી શકે છે. સ્ત્રીધન મળે એ માટે સ્ત્રી અદાલતમાં કેસ દાખલ કરી શકે છે. સ્ત્રીને વડીલોપાર્જિત સંપત્તિમાં પણ સમાન હક્ક આપવામાં આવ્યો છે.

## બાળક પર હક્ક

કોઈ સ્ત્રીના છૂટાછેડા થાય તો એની પાસે પાંચ વર્ષ સુધી એ બાળકને પોતાની પાસે રાખી શકે છે. માત્ર પાંચ વર્ષથી અધિક ઉંમરના બાળકની બાબતમાં કોર્ટનો નિર્ણય બંધનકારક હોય છે.

## હિંદુ વિવાહ કાયદો

ઈન્ડિયન પીનલ કોડની ૧૨૫ કલમ અનુસાર સ્ત્રીને ભરણપોષણનો હક્ક છે. પતિ-પત્ની વચ્ચેના ખટલાનો નિકાલ આવે ત્યાં સુધી વચગાળાના સમયમાં પણ પત્નીને ભારણપોષણની રકમ આપવાની કાયદામાં જોગવાઈ છે.

## સમાન વેતન કાયદો

સમાન વેતન કાયદાનુસાર એક જ કામ માટે સ્ત્રી ને પુરુષ બન્નેને સમાન વેતન મળવું જોઈએ. વિશિષ્ટ કાર્યક્ષેત્રની નોકરીઓને બાદ કરતાં અન્ય ઠેકાણે સ્ત્રીઓને રાતપાળીમાં બોલાવી ન શકાય.

## પ્રસૂતિ સુવિધા કાયદો

નોકરી કરનારી સ્ત્રીઓ માટે સુવાવડની અને નવજાત શિશુની દેખભાળ માટે ભરપગારે રજાની જોગવાઈ છે. કાયદા અનુઆર આ રજા અને અન્ય લાભો ફક્ત બે બાળક પૂરતાં મર્યાદિત છે. ગર્ભપાત થાય તો સ્ત્રીને ભરપગારે રજા આપવાની જોગવાઈ પણ કાયદામાં છે.

## સ્ત્રીને સંપત્તિ મળવાનો માર્ગ

નોકરિયાત સ્ત્રીને મળતો પગાર, એને મળતું માનધન, વ્યવસાયમાં મળનારો નફો એ એની જાતમહેનતની કમાવેલી સંપત્તિ છે

પછી જો એ કુટુંબના પરંપરાગત, સંયુક્ત વ્યવસાયને સ્ત્રી મદદ કરતી હોય તો એ એની આવકનો સ્રોત છે. એ વ્યવસાયની આવકમાંથી એને પોતાના માટે પૈસા માગવાનો હક્ક છે. આ ઉપરાંત, જન્મદિવસ, સગાઈ, લગ્ન, લગ્ન પછીના વાર-તહેવારો, લગ્નની એનિવર્સરી, સીમંત, સુવાવડ, નામકરણ, તહેવારો-સમારંભો, ગૃહપ્રવેશ, અન્યના લગ્નસમારંભ જેવાં અનેક કારણે ઘણી વાર સ્ત્રીઓને મૂલ્યવાન ભેટ વસ્તુઓ મળે છે. આવા કોઈ પણ કારણસર પિયર તેમ જ સાસરા પક્ષ તરફથી એને મળતા દાગીના એ એની માલિકીના છે.

ઈચ્છાપત્ર અથવા મૃત્યુપત્ર (વિલ), બક્ષિસપત્ર અથવા દાનપત્ર (ગિફ્ટડીડ) બીજાં અન્ય કારણસર કોઈ સ્ત્રીને સંપત્તિ આપવામાં આવે તો એ સંપત્તિ એ સ્ત્રીની માલિકીની થાય છે. સ્ત્રીને પૂર્વજો-વડીલની સંપત્તિમાં હિસ્સો મળે છે. સાસરિયાની સંપત્તિમાં કોઈ કારણસર હિસ્સો મળે છે, છૂટાછેડા પછી ભરણપોષણ તરીકે વન ટાઈમ અમુક રકમ મળી શકે છે. આ દરેક સંપત્તિ એની માલિકીની છે.

ઘણી વાર સ્ત્રીઓને કોઈ કારણસર પતિ તરફથી છૂટાછેડા લઈને અલગ થવું પડે ત્યારે ઘણી વાર દર મહિને ભરણપોષણ લેવા કરતાં એકસાથે રકમ એક જ સમયે પતિ પાસેથી લેવી પડે છે. એમાં પતિ-પત્નીને બન્નેને સરળતા પડે છે. અમુક કુટુંબમાં એક વન ટાઈમ ભરણપોષણની રકમ કરતાં ખેત-જમીનનો એક હિસ્સો, નિવાસી ગાળો અથવા ઘર, દુકાન એમ સ્થાવર મિલકતમાં પત્નીને હિસ્સો આપવામાં આવે છે. આ રીતે મળેલો હિસ્સો એ એની વ્યક્તિગત માલિકીની સંપત્તિ ગણવામાં આવે છે. આ સંપત્તિનો ઉપયોગ, ખરીદી-વેચાણ, સંપત્તિમાંથી એને થતી આવક પર ફક્ત એનો જ અધિકાર છે. લગ્નમાં ખર્ચ કર્યો, દહેજ આપ્યું, લગ્નમાં છોકરીને દાગીના પહેરાવ્યા, એના શિક્ષણ માટે ખર્ચ કર્યો જેવાં અનેક કારણો કહીને છોકરીને પિયરની સંપત્તિમાં હિસ્સો આપવાનું ટાળે છે .આને કાયદાની સંમતિ નથી. ઉપરોક્ત પરિસ્થિતિ કંઈ પણ હોય, છતાં એના પિયરની સંપત્તિમાં એનો હક્ક અકબંધ રહે છે.

## વિશેષ વિવાહ અધિનિયમ

વિશેષ વિવાહ અધિનિયમ ૧૯૫૪ની જોગવાઈ અનુસાર માનસિક દૃષ્ટિએ સક્ષમ અને ૧૮ વર્ષ પૂર્ણ થયેલી સ્ત્રી પ્રેમવિવાહ અથવા આંતરજાતીય વિવાહ પોતાની ઈચ્છાનુસાર કરી શકે છે.

## મહિલાની ધરપકડ વિશે

મહિલાની ધરપકડ ફક્ત મહિલા પોલીસ સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં કરી શકે છે. કુટુંબના સભ્યની ઉપસ્થિતિમાં અને યોગ્ય કારણ હોય તો જ સ્ત્રીને પોલીસસ્ટેશનમાં પૂછપરછ માટે બોલાવી શકાય છે. ધરપકડ કરવામાં આવેલી સ્ત્રીને ફક્ત મહિલા લૉકઅપમાં જ રાખી શકાય છે.

## હક્ક છોડવાનો પત્ર

મહિલા પિયરની સંપત્તિમાં હિસ્સો માગે તો ભાઈ-ભાભી અને અન્ય ભાઈ-બહેનો સાથે સંબંધ વણસશે એવી એને બીક લાગે છે અને ન માગે તો સાસરિયાં નારાજ થાય. આવા ધર્મસંકટમાં મહિલા ફસાય છે. પિયરનો સાથ ટકાવી રાખવા માટે સ્ત્રીઓ પિયરનો હક્ક છોડી દે છે તો કોઈ વાર ભાઈઓ પાસેથી સંપત્તિનો હક્ક મેળવવા માટે કોર્ટનાં ચક્કર કાપવાં પડે છે. સંપત્તિ બાબત કોઈ પણ નિર્ણય વકીલની સલાહ પ્રમાણે અને સમજી-વિચારીને લેવો જોઈએ. ભાવનામાં આવીને લેવો નહીં.

પોતાની સંપત્તિ વિશે હક્ક છોડવાનો પત્ર, કુલમુખત્યાર પત્ર અથવા પાવર ઑફ ઍટર્ની જેવા કોઈ પણ દસ્તાવેજો તૈયાર કરતી વેળા યોગ્ય સલાહ લેવી. પોતાનો કાયદેસર અધિકાર સમજી લઈને જ આવા દસ્તાવેજો પર સહી કરવી.

## ઘર બન્નેનું

પતિ-પત્ની બન્ને વચ્ચે ઝઘડા થતા હોય અથવા જામતું ન હોય તો સહજતાથી પત્નીને ઘરની બહાર કાઢી મૂકવામાં આવતી હોય છે. આ પરિસ્થિતિ બદલવા માટે સરકારે ૧૦ ઑક્ટોબર, ૧૯૯૪થી નવો નિયમ કર્યો છે.

## મહત્ત્વની જોગવાઈ

જમીનનો પટ્ટો, ઘર અને પ્લૉટ હવેથી બન્નેની સામૂહિક માલિકીનાં હશે.

ઝૂંપડાવાસીઓને આપવામાં આવતા ઓળખપત્રના પહેલા પાના પર પતિ અને પત્ની બન્નેના ફોટા હશે.

નવો ફ્લૅટ અથવા પ્લૉટ લીધા પછી એ સંબંધના કાગળપત્રો તૈયાર કરતી વેળા બન્નેનાં નામે કરવામાં આવે એવી કાગળપત્રોમાં નોંધ કરવી જરૂરી છે.

'ઈન્દિરા આવાસ યોજના' અંતર્ગત બાંધવામાં આવનારાં ઘર પતિ અને પત્ની બન્નેના નામે લેવા.

**ધ્યાનમાં રાખો:** ઘર-સંપત્તિની નોંધણી કરતી વેળા વ્યક્તિ અવિવાહિત હોય તો લગ્ન પછી આપોઆપ ઘર અથવા સંપત્તિ પત્ની નામે થાય એવી શરત છે.

## મુસ્લિમ સ્ત્રી

ઈસ્લામિક કાયદાનુસાર મુસ્લિમ સ્ત્રીને કુટુંબ સંપત્તિમાં વારસા હક્ક પ્રાપ્ત છે.

## મહત્ત્વની જોગવાઈ

**વિધવાનો હક્ક:** દરેક વિધવાનો એના પતિની મિલકત પર હક્ક છે. જો મૃત પતિને છોકરાઓ ન હોય તો એની વિધવાને મિલકતનો ૧/૪ હિસ્સો મળશે અને છોકરા હોય તો ૧/૮ મળશે. મૃત પતિને એક કરતાં વધુ વિધવા હયાત હોય તો વિધવાનો હક્ક વિભાગીને એ ૧/૧૬ જેટલો થાય.

**માતાનો હિસ્સો:** બાળકોની પછી એની મિલકતમાં માતાનો હક્ક હોય છે. મૃત પતિના છોકરાને બાળકો એટલે કે સ્ત્રીને પૌત્ર-પૌત્રી ન હોય તો એને એના મૃત છોકરાની મિલકતનો ૧/૩ હિસ્સો મળે છે, પણ પૌત્ર-પૌત્રી હોય તો સ્ત્રીનો હિસ્સો વિભાગીને એને ૧/૬ જેટલો હિસ્સો મળે છે.

**નાની અને દાદીનો હક્ક:** નાનીને ભાણેજનો માલ-મિલકતનો ૧/૬ હિસ્સો માત્ર ભાણેજ અથવા માતા હયાત ન હોય તો દાદીને ભાણેજની મિલકતનો હિસ્સો મળે.


કોઈ પણ મુસ્લિમ વ્યક્તિ પોતાની સંપત્તિમાંથી ફક્ત ૧/૩ જેટલી સંપત્તિનું ઈચ્છાપત્ર અથવા વિલ કરી શકે છે. છોકરાઓ ન હોય એ વ્યક્તિ માત્ર પોતાના જોડીદારને ૨/૩ સંપત્તિ ઈચ્છાપત્રથી આપી શકે છે.

મુસ્લિમ સ્ત્રીને સંપત્તિમાં છોકરી, વિધવા, માતા, દાદી, છોકરાના છોકરાઓ એવા સંબંધોમાં હિસ્સો મળે. જેમની પાસેથી સ્ત્રીને સંપત્તિનો વારસો મળનારો છે એ સિવાયના સંબંધીઓ પાસેથી સ્ત્રીને ભેટ તરીકે સંપત્તિ લેવાની સ્વતંત્રતા છે. અવિવાહિત છોકરીને માતા-પિતાના ઘેર રહેવાનો અને પાલન-પોષણ લેવાનો હક્ક છે.

વિવાહ પછી છૂટાછેડા થયા હોય તો ત્રણ મહિનાનો ઈદ્દત-સમયગાળો પૂરો થયા પછી સ્ત્રીના પાલન-પોષણની જવાબદારી પાલકોની હોય છે તેમ જ પાલકો પછી સ્ત્રીને સંભાળવાની જવાબદારી એના કમાતા છોકરા પર હોય છે.

## મેહર

મેહર એ દરેક મુસ્લિમ સ્ત્રીનો હક્ક છે. મેહર એટલે કે લગ્ન સમયે પતિએ પત્નીને આપવાની સંપત્તિ. મેહર બે પ્રકારની હોય છે. એક મેહર એટલે કે લગ્નના સમયે પત્નીના તાબામાં આપવામાં આવે છે એ સંપત્તિ. બીજો પ્રકાર એટલે કે વિવાહિત સંબંધો તોડવાના એટલે કે છૂટાછેડા લેતા અથવા પતિના અવસાન વેળાએ પત્નીને તાબામાં આપવામાં આવતી સંપત્તિ. મેહર તરીકે કેટલી રકમ અથવા કઈ સંપત્તિ આપવામાં આવશે એ માત્ર લગ્ન નક્કી થતાં હોય એ વેળા વરને નક્કી કરવાનું હોય છે અને પત્નીને તેમ જ એના સગાંસંબંધીઓને



## કૌટુંબિક હિંસાચારથી સંરક્ષણ

સ્ત્રીઓને મળતા હક્ક અથવા સંરક્ષણને અધિક સક્ષમ કરવા માટે 'કૌટુંબિક હિંસાચારથી સ્ત્રીઓનું સંરક્ષણ કાયદો ૨૦૦૫' મંજૂર કરવામાં આવ્યો છે. અત્યાચારગ્રસ્ત સ્ત્રીને ઝડપથી ન્યાય મળે એ હેતુથી કાયદાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદામાં પીડિત સ્ત્રીને સહાયનો આદેશ મેળવવા માટેની કાર્યપ્રણાલી છે. આ ઉપરાંત, પીડિત સ્ત્રીને એનો હક્ક બજાવવા માટે જુદા જુદા કાયદા અંતર્ગત જુદા દાવા કરવાની હવે જરૂર રહેશે નહીં.

આ મેહરની રકમ માન્ય થયા પછી જ લગ્ન નક્કી કરવામાં આવે છે. મુસ્લિમ ધર્મમાં સ્ત્રીધન એ સંકલ્પના નથી. માત્ર મેહરનો હક્ક છે.

## ખ્રિસ્તી સ્ત્રી

વિલ ન કર્યું હોય અને એકાદ વ્યક્તિ મૃત્યુ પામે તો સંપૂર્ણ સંપત્તિનાં પતિ-પત્ની અથવા નજીકનાં સગાંસંબંધીમાં ભાગલા કરવામાં આવે છે. સંતાન અથવા સગાંસંબંધી ન હોય તો સંપૂર્ણ સંપત્તિ પત્નીને મળે છે. દરેક છોકરા-છોકરીઓને સંપત્તિમાં સમાન હક્ક છે. છોકરો અથવા છોકરી હયાત ન હોય તો એમનાં સંતાનોમાં આ હિસ્સો સમાન ભાગે વહેંચવામાં આવે. ક્રિશ્ચિયન સ્ત્રીએ પોતે કમાયેલી સંપત્તિ એ એની પોતાની માલિકીની સંપત્તિની હોય છે. મૃત્યુપત્ર અથવા ઈચ્છાપત્રમાં પોતાની સંપત્તિની વહેંચણી કરવાનો અધિકાર છે.

## વિશાખા ગાઈડલાઈન્સ

કામના ઠેકાણે મહિલાનું લૈંગિક શોષણ થાય નહીં એ માટે 'વિશાખા ગાઈડલાઈન્સ'ની અમલબજાવણી રાજ્યમાં ચાલુ છે. એ માટે રાજ્યભરમાં ફરિયાદ નિવારણ સમિતિની સ્થાપના કરવામાં આવી છે. મહિલા, છોકરી અને બાળકોનો અવૈદ્ય માનવવેપાર રોકવા માટે 'સ્ટેટ વર્ક ફોર્સ'ની સ્થાપના કરવામાં આવી છે.

## કામકાજની જગ્યા

નોકરીના સ્થળે મહિલાઓની થતી લૈંગિક સતામણી રોકવા માટે સુપ્રીમ કોર્ટે માર્ગદર્શક સિદ્ધાંતો લાગુ કર્યા છે. ખાનગી, જાહેર તેમ જ અન્ય સંસ્થામાં પણ એ લાગુ છે. લૈંગિક ચાળા અને તકરાર રોકવાની જવાબદારી સંબંધિત સંસ્થા તેમ જ કર્મચારીઓ પર છે. તકરારના ઝડપથી નિવારણ માટે દરેક વિભાગમાં મહિલા અધ્યક્ષની સાથે અડધા કરતાં વધુ હોય એવી સમિતિ સ્થાપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

## દેવદાસી પ્રતિબંધ કાયદો

દેવદાસીનું અને એમનાં સંતાનોનું પુનર્વસન, શિક્ષણ, આરોગ્ય અને એમના આર્થિક સ્વાવલંબનનો માર્ગ બહોળો કરવાની દૃષ્ટિએ આ કાયદો ઉપયુક્ત ઠર્યો છે. આ દરેક કાર્ય માટે મહિલા અને બાળવિકાસ વિભાગની સ્વતંત્ર યોજના કાર્યાન્વિત છે.

**લેખિકા કાયદાતજ્જ્ઞ છે.**


**લોકરાજ્ય પ્રકાશનની માલિકી અને અન્ય માહિતી,**
**તે માટે આપવું પડતું નિવેદન ટેબલ ૪ નિયમ ૮મો**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય, મહારાષ્ટ્ર સરકાર, મંત્રાલય, મુંબઈ-૩૨ |
| ૨. પ્રકાશનની મુદત | : માસિક |
| ૩. મુદ્રકનું નામ | : અનિલ આલૂરકર |
| ભારતના નાગરિક છે? | : હા |
| ૪. પ્રકાશકનું નામ | : અનિલ આલૂરકર |
| ભારતના નાગરિક છે? | : હા |
| સરનામું | : માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય, મહારાષ્ટ્ર સરકાર, મંત્રાલય, મુંબઈ-૩૨ |
| ૫. સંપાદકનું નામ | : ડૉ. દિલીપ પાંઢરપટ્ટે |
| ભારતના નાગરિક છે? | : હા |
| સરનામું | : માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય, મહારાષ્ટ્ર શાસન, મંત્રાલય, મુંબઈ-૩૨ |

હું અનિલ આલૂરકર એવું જાહેર કરું છું કે મારી માહિતી પ્રમાણે ઉપરની વિગતો સંપૂર્ણપણે સાચી છે.

**અનિલ આલૂરકર**
**મુદ્રક અને પ્રકાશક**

**ઈન્ટરનેટનું વર્ચ્યુઅલ વિશ્વ આપણા સમાજના લોકોએ જ નિર્માણ કર્યું છે. એને કારણે સમાજમાં જેમ સારી વર્તણૂક ધરાવતા લોકો હોય છે એમ કેટલાંક અસામાજિક તત્ત્વો પણ હોય છે. એ જ રીતે, ઈન્ટરનેટ અર્થાત્ મહાજાળ પર પણ આવાં અસામાજિક તત્ત્વો પોતાની વિકૃતિઓ સાથે વિચરતાં હોય છે.આ માધ્યમનો ઉપયોગ કરી મહિલાઓનું શોષણ કરનારા સાઈબર ગુનાઓનો વધેલો વ્યાપ ગભરાવી મૂકે એવો થઈ ગયો છે. આથી વધુ ને વધુ જાગરુકતા સાથે આ માધ્યમનો ઉપયોગ કરવાનું આવશ્યક બન્યું છે.**

સાયબર મહાગુરુ

**ઍડ. પ્રશાંત માળી**



# ઈન્ટરનેટ પર પણ રહો સાવચેત

**સ્ત્રીઓ** તરફ જોવાનો કેટલાક વિકૃત લોકોનો દૃષ્ટિકોણ માત્ર ઉપભોગના સાધન તરીકેનો બનતો જાય છે. દરરોજ આવતા બળાત્કારના સમાચાર મગજને સૂન કરી નાખે છે. ભૌતિક વિશ્વમાં સ્ત્રીનું થનારું શોષણ ડિજિટલ વિશ્વમાં પણ થઈ રહ્યું છે. આ ચિત્ર ખરેખર ભીષણ અને હચમચાવી નાખનારું છે. ઈન્ફોર્મેશન અને ટેક્નોલૉજીનો ઉપયોગ આજે અસંખ્ય સ્ત્રીઓ નેટવર્કિંગ, વ્યવસાય અથવા અભિવ્યક્તિ માટે કરી રહી છે, પણ એની સાથે જ એમના પર સાઈબર પીડિત થવાનું પ્રમાણ પણ ખાસ્સું વધી રહ્યું છે. સાઈબર ક્રાઈમનો ભોગ બનેલી સ્ત્રીએ જવું ક્યાં? શું કરવું? તથા પોતાની માનસિકતા કઈ રીતે જાળવવી? આ ત્રણ મોટા પ્રશ્ન આજે સમાજ સામે છે.

## આભાસી વિશ્વ

મારી અત્યાર સુધીની કારકિર્દીમાં મારી સામે અનેક કિસ્સાઓ આવ્યા છે, જ્યાં સ્ત્રીઓ ઑનલાઈન બદનામીને કારણે અથવા એમના પર ઑનલાઈન સ્વરૂપમાં થયેલા અત્યાચારને કારણે એમનું જીવન બરબાદ થઈ ગયું હોય. આમાં સૌથી મોટું જોખમ હોય છે કિશોરવયની છોકરીઓને. આ વિશ્વમાં એક તો એ સાવ નવી હોય છે અને આથી એમનો ગેરફાયદો લેવા માટે કેટલાક વિકૃત લોકો તૈયાર હોય છે. આથી કિશોરીઓને આ માધ્યમના ગેરફાયદા વિશેની જાણ પહેલેથી કરી દેવી મહત્ત્વની બાબત છે. સાઈબર ક્રાઈમનો ભોગ પુરુષો નથી બનતા એવું નથી, પણ આમાં ભોગ બનનારાઓમાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ હોય છે. સાઈબર સ્ટૉકિંગ, હૅકિંગ, ઑનલાઈન બદનામી, ઈલેક્ટ્રોનિક બ્લૅકમેઈલિંગ, મોર્ફ્ડ પોર્નોગ્રાફિક ઈમેજીસ, રિવેન્જ પોર્ન, વગેરેનો સમાવેશ થાય છે. સાઈબર ગુનાખોરીમાં વિવિધ યુક્તિઓનો ઉપયોગ કરી કોઈ સ્ત્રીના વ્યક્તિગત જીવન પર પોતાનું સદંતર નિયંત્રણ રાખવા માગતા હોય છે. એમને દમદાટી આપી એમનું શારીરિક, ભાવનાત્મક અને આર્થિક શોષણ કરે છે.

## સાઈબર સતામણી

સાઈબર ટેક્નોલૉજી ગુનેગારોને પોતાની ઓળખ છુપાવી વર્ચ્યુઅલ વિશ્વમાં ફરવાની છૂટ આપે છે. આ વર્ચ્યુઅલ વિશ્વમાં સ્ત્રીઓની જાતીય સતામણી રોજબરોજની બાબત બની ગઈ છે. વિવિધ પ્રકારે આ સતામણી કરવામાં આવે છે. ક્યારેક શાબ્દિક તો ક્યારેક ફોટા અથવા ગ્રાફિક્સના સ્વરૂપમાં હોય એવી આ સતામણી ઑનલાઈન અભિવ્યક્તિમાંની સક્રિય અને નિષ્ક્રિય એમ બન્ને પ્રકારની હોય છે. આમાંથી શાબ્દિક સક્રિય જાતીય સતામણી એટલે ઈ-મેઈલ અથવા ચૅટ-રૂમ્સ દ્વારા અશ્લીલ, શારીરિક દૃષ્ટિએ નીચાજોણું કરાવતા સંદેશા મોકલવા. આ સંદેશાની ટીકાઓ ગંભીર અથવા નોંધ લેવા યોગ્ય ત્યારે જ ગણાય છે, જ્યારે સામેની વ્યક્તિ એ ટીકાના વિરોધમાં હોય અથવા સંદેશ સ્વીકારતી નથી. નિષ્ક્રિય જાતીય સતામણી એક વ્યક્તિને બદલે અનેક વ્યક્તિઓને ઉદ્દેશીને ટીકા કરવામાં આવે

## આવી કાળજી રાખો...

પોલીસ, ન્યાયવ્યવસ્થા અને ડિટેક્શન એકમોએ અત્યાધુનિક વેબ-બેઝ્ડ ઍપ્લિકેશન્સમાં થનારા પરિવર્તન સાથે અપટેડ રહેવાની જરૂર છે. આને કારણે ખરા ગુનેગારને પકડીને એને શિક્ષા આપવાનું સરળ બનશે. સરકાર અને કાયદો સુવ્યવસ્થાએ ટેક્નોલૉજિક વિકાસ સાથે બે-બે હાથ કરી ટેક્નોલૉજિકલ ટૂલ્સનો ઉપયોગ શોષણ અને સતામણી કરવાના હેતુથી થાય નહીં એની ખાતરી કરવા માટે નક્કર પગલાં લેવાં જોઈએ. કાયદા દ્વારા ઉપભોક્તાના સંવર્ધનની સાથે એમને માર્ગદર્શક સૂચનાઓ કરવી જોઈએ. નાગરિકોને પણ એમનાં ઑનલાઈન અને ઑફલાઈન વર્તન અંગે સજાગતા રાખી, સતર્ક રહી સાઈબર વિશ્વમાં વિચરવું જોઈએ.

સાઈબરયુગ સર્વપરિચિત થયો હોવાથી સોશિયલ મિડિયાનો, ઈન્ટરનેટનો ઉપયોગ હવે સામાન્ય બન્યો છે. એનો ઉપયોગ કરતી વખતે પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી દરેક સ્ત્રીએ પોતાના જીવનમાં કોની સાથે મૈત્રી કરવી, કોની સાથે સંવાદ સાધવો એ નક્કી કરવાનું રહે છે અને જરૂર પડે તો વડીલોની સલાહ લેવી તેમ જ સાઈબર વિશ્વમાં પણ પોતાના વર્તનનું ધ્યાન રાખવું. તમારી સાથે સાઈબર ગુનો થાય એ પછી ધીરજપૂર્વક એનો સામનો કરવો તથા જરૂર પડે તો કાયદાની મદદ પણ લેવી.

છે. ગ્રાફિક્સના સ્વરૂપની જાતીય સતામણી એટલે પોર્નોગ્રાફિક તસવીરો, વિડિયો પ્રસારિત કરવા, વગેરેનો સમાવેશ થાય છે. આમાંનો નિષ્ક્રિય પ્રકાર એટલે પોર્નોગ્રાફિક તસવીરો અને વિડિયો ધરાવતી વેબસાઈટની લિન્ક મોકલવી અને એના દ્વારા સતામણી કરવી. સામાન્ય રીતે ગુનેગાર પોતાની સાચી ઓળખ સંતાડી આ ગુનો કરતો હોવાથી એના સુધી પહોંચવાનું મુશ્કેલ હોય છે.

## સાઈબર પોર્નોગ્રાફી

સ્ત્રીસંબંધી અશ્લીલ ચિત્રણ વેબસાઈટ પર પ્રદર્શિત કરવું એટલે સાઈબર પોર્નોગ્રાફી. મહિલાઓ માટે આ એક અલગ પ્રકારનો ભય છે, કેમ કે એમનું કોઈ પણ વર્તન કયા પ્રકારે રેકૉર્ડ કરવામાં આવ્યું છે અને છેવટે કયા પ્રકારે ઈન્ટરનેટ સુધી પહોંચ્યું ને પ્રદર્શિત થશે એ મોટા ભાગે તો સ્ત્રીના ધ્યાનમાં પણ આવતું નથી.

અન્ય સાઈબર ગુનાઓની સરખામણીએ સાઈબર પોર્નોગ્રાફીના ગુનાને અસાધારણ અપરાધ કહી શકાય, જેનો ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી કાયદાની કલમ ૬૭માં સમાવેશ કરવામાં આવ્યો છે.

## ઑનલાઈન બદનામી

બદનામી અને બદનક્ષી કરતી સામગ્રી ઑનલાઈન પ્રસિદ્ધ કરવી એ મહિલાઓ વિરુદ્ધ થતો સૌથી સામાન્ય સાઈબર અપરાધ છે. કમ્પ્યુટર અને ઈન્ટરનેટનો ઉપયોગ કરી કરવામાં આવતી બદનામીને 'ઑનલાઈન બદનામી' કહેવાય છે.

## મોર્ફિંગ

મોર્ફિંગ એટલે મૂળ તસવીરમાં ચોક્કસ પદ્ધતિથી એવા ફેરફાર કરવા, જેને કારણે એનો અર્થ પૂર્ણપણે અથવા સારાએવા અંશે બદલી નાખી કંઈક ભળતો જ નિષ્કર્ષ નીકળે. સામાન્ય રીતે સાઈબર અપરાધી સોશિયલ મિડિયા પરથી છોકરીઓના વિવિધ ફોટા ડાઉનલોડ કરે છે અને એને અન્ય ફોટામાં સમાવે છે અથવા ફેરફાર કરે છે, આ ફેરફાર એવા હોય છે જાણે એ વિશિષ્ટ સ્ત્રી એ તસવીરમાં જે કંઈ થઈ રહ્યું છે એમાં ખરેખર સામેલ છે. આવા ફોટા રૂપાંતરિત કર્યા બાદ સામાન્ય રીતે ગુનેગારો મહિલાને ખોટેખોટી ધમકીઓ આપીને એમની પાસેથી નાણાં ઉલેચી લેતા હોય છે.

## ઈ-મેઈલ સ્પૂફિંગ

આ ગુનામાં ઈ-મેઈલ મોકલનારાની માહિતી, ઈ-મેઈલમાંની ફૂટર અથવા અન્ય માહિતી જાણીજોઈને બદલી નાખી સાઈબર અપરાધી પોતાની ઓળખ સંતાડે છે અને જાણે કે એ ઈ-મેઈલ કોઈ ચોક્કસ વ્યક્તિએ મોકલ્યો છે એવું દેખાડે છે. ખરાબ ઉદ્દેશ મનમાં રાખીને ઈ-મેઈલનું રિટર્ન-પાથ, રિપ્લાય-ટુ ફીલ્ડ્ઝમાં ફેરફાર કરવામાં આવે છે. આવું કરનારા અપરાધીનું માનસ એટલે જેને ટાર્ગેટ કરવામાં આવી છે એવી સ્ત્રી વિશે વ્યક્તિગત માહિતી મેળવવી, એની અંગત તસવીરો મેળવવી અને એનો ઉપયોગ કરી સ્ત્રીને બ્લૅકમેઈલિંગ કરવું.

## સાયબર સ્ટોકિંગ

સાઈબર સ્ટૉકિંગ એટલે વિવિધ ઑનલાઈન માધ્યમ દ્વારા ચોક્કસ સ્ત્રીનો પીછો એની ઈચ્છા વિરુદ્ધ કરવો તથા એના દ્વારા એની માનસિક સતામણી કરવી. કોઈક મહિલાની મરજી વિરુદ્ધ એના સોશિયલ મિડિયા પરની પ્રોફાઈલ પર સતત મૈત્રીની માગણી કરવી, મેસેજનો જવાબ ન આપે તો સતત એને કંઈક ને કંઈક અસબદ્ધ સંદેશ અથવા સ્માઈલીઝ મોકલવાં. સોશિયલ મિડિયા પર કોઈક મહિલાને ફ્રેન્ડ્સ રિક્વેસ્ટ મોકલવી, એની સોશિયલ મિડિયા પ્રોફાઈલ પર સતત સતામણી થાય એવી પ્રતિક્રિયાઓ લખવી, એને ઈ-મેઈલ અથવા સોશિયલ મિડિયા દ્વારા મળવા માટેનો આગ્રહ કરવો. ફોન પર પ્રતિસાદ ન મળે તો વેબસાઈટ, ચૅટ-રૂમ્સ, ઑનલાઈન ડિસ્કશન ગ્રુપ્સ, ઓપન પબ્લિશિંગ વેબસાઈટ, વગેરે માધ્યમ દ્વારા સતત સંપર્ક કર્યા કરવો. સૌથી મહત્ત્વનું એટલે એ સ્ત્રીને ત્રાસ આપી એનું શોષણ કરવું, આને 'સાઈબર સ્ટોકિંગ' કહેવાય છે.

ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી કાયદાની કલમ ૭૨ અન્વયે પ્રાઈવસીનો ભંગ કરવાના વિરોધમાં આરોપી સામે ફરિયાદ નોંધાવી શકાય છે. એ સાથે જ ભારતીય દંડસંહિતાની કલમ ૫૦૯ અને ૪૪૧ અન્વયે આરોપીને શિક્ષા થઈ શકે છે.

**લેખક સાયબર કાયદો અને સુરક્ષા નિષ્ણાંત છે.**

**મહિલાઓ જો એક વાત નક્કી કરી લે તો એને પૂરી કરીને જ જંપે છે. માત્ર એની નિશ્ચિતતા પાક્કી હોવી જોઈએ. આનાં ઉદાહરણો મહાકાવ્યો, મહાકથાઓનાં ચરિત્રોથી લઈને આધુનિક મહિલાઓમાં જોવા મળે છે. દેશની રાજધાની દિલ્હીમાં પોતાની ફરજોથી મરાઠી મહિલાઓએ જુદી જ છાપ ઉપસાવી છે.**

# દિલ્હીમાં મરાઠી નારીશક્તિ

**અંજુ નિમસકર**

**દેશમાં** મહારાષ્ટ્રની ઓળખાણ અદ્યતન રાજ્યની છે. આ ઓળખાણ સ્ત્રી-પુરુષ સમાનતાને કારણે જ બની શકી છે. મહિલાઓ માટેનો માર્ગ જરા વધુ વિકટ હોય છે એ કોઈ નકારી શકે નહીં. કારણ સ્ત્રી જ્યારે પત્ની, માતાની ભૂમિકામાં હોય ત્યારે એણે પોતાને સાબિત કરવા માટે વધુ બળ નિર્માણ કરવું પડે છે. પોતાનું ગામ, જિલ્લો, રાજ્ય છોડી આવ્યા બાદ દિલ્હી જેવા સ્થળે પોતાને સાબિત કરવું વધુ અઘરું થઈ પડે છે. મહારાષ્ટ્રથી દિલ્હી પહોંચેલી મહિલાઓમાં કેટલીક લગ્ન બાદ પોતાના જીવન સાથી સાથે આવી છે તો કેટલીક નોકરીને કારણે તો કેટલીક સપનાં પૂરાં કરવા માટે. ઘર અને કાર્યાલયમાં ભૂમિકા ભજવતી વખતે એક જુદી ઓળખાણ બનાવવા માટે આ સૌને પ્રયત્નો અને સાતત્ય જાળવી રાખવું પડે છે. આવી કેટલીક મહિલાઓને કારણે મહારાષ્ટ્રનું માથું રાજધાનીમાં ઊંચું છે.

## સંવાદદાતા, સંપાદિકા, લેખિકા


નમિતા ભંડારે

નમિતા ભંડારે, પત્રકારિતા ક્ષેત્રનું એક મોટું નામ. એમનો જન્મ મુંબઈના બિનમરાઠી પરિવારમાં થયો તો વિવાહ મરાઠી પરિવારમાં થયા. પત્રકારિતા ક્ષેત્રમાં જે જમાનામાં એટલી મહિલાઓ નહોતી એ સમયમાં એમણે શરૂઆત કરી. રિપોર્ટિંગથી લઈને સંપાદિકા સુધીની એમની સફર રાજધાનીમાં થઈ. દેશની પ્રથમ જેન્ડર એડિટર તરીકે એમણે 'મિન્ટ' નામના સમાચારપત્રનું કામ કર્યું. હાલ એ વિવિધ દૈનિકોમાં સ્તંભ લેખિકા તરીકે લૈંગિક સમાનતા જાગૃતિ વિશે લખે છે.


અર્ચના મિરજકર

આંતરરાષ્ટ્રીય માધ્યમ ક્ષેત્રમાં પણ મરાઠી સ્ત્રીઓનો ઠસ્સો છે. કેનેડા દૂતાવાસમાં માધ્યમ સંયોજક તરીકેનું કામ જોનારાં અર્ચના મિરજકર મૂળ કોલ્હાપુરનાં છે. એ લેખિકા પણ છે.

પત્રકાર ક્ષેત્રનું વધુ એક નામ જેમણે દિલ્હીમાં આવ્યા બાદ નવેસરથી જીવનને વળાંક આપ્યો નિવેદિતા વૈશંપાયનમદાને. એ નાસિકનાં. દીકરાને માતા-પિતા બન્ને મળી રહે એ માટે નાસિક છોડી દિલ્હી આવ્યાં. અહીં આવ્યા બાદ એમનો લેખનપ્રવાસ નવેસરથી શરૂ થયો. 'ધ કોર' નામના મરાઠી માસિકનાં સંપાદિકા તરીકે કામ કરવાની એમને તક મળી.


નિવેદિતા મદાણે

## સલાહકાર

મૂળ નાસિકનાં ઍડ્વોકેટ રુચા માઈએ કાયદાનું શિક્ષણ લીધું, પરંતુ એક બ્લોગર તરીકે આજે એમની સ્વતંત્ર ઓળખાણ છે. લખાણના માધ્યમ દ્વારા ઓછામાં ઓછા શબ્દોમાં વધુમાં વધુ સલાહ આપવાનો એમનું અંતિમ ધ્યેય હોય છે.


ઍડ્. રુચા માઈ

## સામાજિક કાર્ય

૨૦૧૬માં ભારતીય પ્રશાસકીય સેવામાં પ્રથમ રહેલાં ટીના ડાબીનાં માતા હિમાલી ડાબી-કાંબળેનો જન્મ નાગપુરમાં. એ ભારતીય દૂરસંચાર સેવામાં અધિકારી હતાં. પોતાની દીકરીઓને યુપીએસસીનું પ્રશિક્ષણ આપતાં આપતાં એમનો પોતાનો જ એટલો બધો અભ્યાસ થઈ ગયો કે એ જુદા જુદા વર્ગોમાં સામાન્ય જ્ઞાન વિષય ભણાવે છે.

ઉસ્માનાબાદ જિલ્લાનાં શારદા ડોલારેએ દિલ્હીમાં શાળા શરૂ કરી. એમની 'મૉડર્ન પબ્લિક સ્કૂલ' પહેલીથી દસમી સુધીની છે. આ શાળામાં અત્યંત ઓછી ફી લેવામાં આવે છે.

દિલ્હીમાં અનેક જૂની-નવી મરાઠી સંસ્થાઓ છે. એમની એક 'ઑલ ઈન્ડિયા સિદ્ધાર્થ વેલ્ફેર સેન્ટર' ૪૫ વર્ષ જૂની સંસ્થા છે. આ સંસ્થાનાં પ્રથમ મહિલા અધ્યક્ષ થવાનું સન્માન મૂળ પરભણીનાં સુજાતા અંબોરેને મળ્યું. એમની અધ્યક્ષતા હેઠળ સંસ્થાનું સકારાત્મક માર્ગક્રમણ શરૂ છે.

નાંદેડનાં ડૉ. સંગીતા કસ્તુરે હાલ ભારત સરકારના વિજ્ઞાન અને તંત્રજ્ઞાન મંત્રાલયના જૈવતંત્રજ્ઞાન વિભાગમાં વિજ્ઞાની અને વ્યૂહ અધિકારી તરીકે કાર્યરત છે. ગ્રામીણ ભાગોને ૨૪ કલાક ઊર્જા મળે એ

માટે એમના પ્રયત્નો હોય છે. ચોખાનું પરાળ, ઘઉંનું પરાળ, કપાસની દાંડી, શેરડીના કૂચા જેવા કૃષિ અવશેષોમાંથી જૈવ-ઈંધણ તૈયાર કરવામાં આવે છે. ડૉ. સંગીતા સંશોધન કરનારી વિદ્યાપીઠોને, સંશોધક સંસ્થાઓને, મહાવિદ્યાલયોને અને સ્વયંસેવી સંસ્થાઓને મંત્રાલય દ્વારા અર્થસહાય કરે છે. ગત ૧૦ વર્ષમાં માત્ર રાષ્ટ્રીય જ નહીં તો આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રે કાર્ય કરતાં એમણે ૧૦૦૦થી વધુ વિજ્ઞાનીઓને જોડ્યા છે.

## સાંસ્કૃતિક વારસો

દિલ્હી કળાનગરી છે. મંડી હાઉસ નાટ્યકલાકારોનું કેન્દ્ર છે. અહીંના નાટ્યક્ષેત્રને સમૃદ્ધ કરવા પાછળ વર્ધાનાં ગૌરી દેવલ પોતાની ભૂમિકા નિભાવી રહ્યાં છે. ગત ૧૫ વર્ષથી વિવિધ નાટકોમાં અભિનય કરી પ્રેક્ષકો પર પોતાની એક આગવી છાપ છોડી છે. એમનાં 'લીલા', 'રૂપ-અરૂપ', 'આફ્ટર થર્ડ બેલ' નાટકો ખૂબ ગાજ્યાં.


**માયા કારંજકર**

ચિત્રકળાના ક્ષેત્રે યોગદાન આપવાનું કામ મૂળ સાતારાનાં માયા કારંજકર કરી રહ્યાં છે. એમનાં ચિત્રોનું પ્રદર્શન પણ ભરાય છે.

## ઉપહારગૃહ

રાજધાની દિલ્હીને મરાઠી વ્યંજનોથી મોહિત કરી વિભા ચિપલુણકરના મહારાષ્ટ્ર ફૂડે. અહીંના આઈએનએ ખાતેનું 'દિલ્હી હાટ' ગત ૨૫ વર્ષથી ખાદ્યરસિકોનું ગમતું સ્થળ છે.


**વિભા ચિપળૂણકર**

ચંદ્રપુરનાં ડૉ. જયા સૂર્યા કેન્દ્રીય કૃષિમંત્રાલયમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદમાં જ્યેષ્ઠ શાસ્ત્રજ્ઞ પદે કાર્યરત છે. અત્યાર સુધી એમની પચાસથી વધારે સંશોધનપત્રો પ્રકાશિત થયા છે. ડૉ. જયા સૂર્યા દેશનાં પ્રથમ મહિલા માટી સર્વેયર (સોઈલ પેડોલૉજી) છે. આ ક્ષેત્રમાં એમણે પોતાની આગવી છાપ છોડી છે. લેહ લદાખ પરિસરમાં એમણે સંશોધન કર્યું છે. એમણે ત્યાં લેહબેરી વનસ્પતિ શોધી છે.

## આરોગ્ય


**લીલા ભટકર**

ડૉ. રામમનોહર સરકારી રુગ્ણાલયમાં પરિચારિકા ઉપઅધીક્ષક પદ પર પહોંચનારાં પ્રથમ મરાઠી મહિલા લીલા ભટકર છે. બે વર્ષની વયમાં પિતા ગુજરી ગયા. માતાએ ભણાવી બાળકોને પોતાના પગ પર ઊભાં કર્યાં. એમનાં માતા-પિતા વર્ધા જિલ્લાનાં.


**સુજાતા નંદેશ્વર**

આ જ રુગ્ણાલયમાં વરિષ્ઠ પરિચારિકા અધિકારી તરીકે કામ કરનારાં સુજાતા નંદેશ્વર ગુણિયલ છે. આરોગ્ય ક્ષેત્ર સંબંધિત કંઈ મદદ જોઈતી હોય તો એ સદાય તૈયાર હોય છે. એ સામાજિક ક્ષેત્રે પણ એટલાં જ કાર્યરત છે. મરાઠી પરિચારિકાઓને લઈ એમણે 'રમાઈ' નામક સંસ્થા શરૂ કરી છે.


**નિલિમા શિંગાડે**

નીલિમા શિંગાડે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થામાં પરિચારિકા છે. એ મહિલાઓને થનારા કર્કરોગના પ્રતિબંધાત્મક ઉપાયો પ્રત્યે જાગૃત કરે છે. કર્કરોગ સંબંધિત આપતી અનેક સંસ્થાઓ સાથે એ જોડાયેલાં છે.


**શ્વેતા રાણા-કરંદીકર**

નાગપુરમાં જન્મેલાં હેમાંગી સિંહા-ભિસે દિલ્હીમાં 'અર્જુન ફાઉન્ડેશન'ના માધ્યમથી ગરીબ છોકરીઓને માસિક ઋતુની સ્વચ્છતા વિશે માહિતગાર કરી છોકરા-છોકરીઓને એકબીજા માટે આદર અને સમાન વર્તણૂક સંબંધે સલાહ આપે છે.

મૂળ મુંબઈનાં શ્વેતા રાણાકરંદીકર દિલ્હીમાં નાગાલૅન્ડસ્થિત એલિઝર બાળગૃહ માટે સ્વેચ્છા નિધિ મેળવી આપે છે. આ બાળગૃહમાં પાંચ છોકરીઓ અને ચાર છોકરાઓ છે. આ બધાંને પરિવારનાં સભ્યોની જેમ ખાવા-રહેવા મળે, એમનું શિક્ષણ યોગ્ય રીતે થાય એ માટે ટીનુ મેરેન વોઝુકૂમ અને ઓસેનલા ઈમચેનની જોડી કામ કરે છે. શ્રીમતી શ્વેતા રાણાકરંદીકરે અત્યાર સુધી વિવિધ માધ્યમોનો ઉપયોગ દ્વારા એક લાખ રૂપિયાથી વધુ નિધિ આ બાળગૃહ માટે ભેગો કરી આપ્યો છે.


**શાંતા વાઘ**

લાતુરના ઉદગીરમાં જન્મેલાં શાંતા વાઘ દિલ્હીની ઝૂંપડપટ્ટીના લોકોને પૂરતી સુખ-સુવિધાઓ મેળવવા માટે ગત ૨૫-૩૦ વર્ષથી કાર્ય કરે છે. એ અહીંની ભૂમિ આવાસ સંગઠનમાં સંયોજક તરીકે કાર્યરત છે.

**માહિતી અધિકારી,**
મહારાષ્ટ્ર પરિચય કેન્દ્ર, નવી દિલ્હી.

**મહિલાઓને પુરુષો કરતાં વધુ બંધન અને જવાબદારી હોય છે ને આ પરિસ્થિતિમાં એમણે પોતાની ક્ષિતિજ વિસ્તારવાની હોય છે. એ માટે કુટુંબીજનોનો સાથે મળે તો એને યશના શિખરે પહોંચવા માટે કોઈ રોકી શકતું નથી. બુલઢાણાના સામાન્ય કુટુંબની અર્ચના વાનખેડેએ લગ્ન પછી મોટા પગારની નોકરી છોડીને આઈએએસ થવાનું સપનું પૂરું કર્યું. ખરેખર આ યશ સુધી પહોંચવા માટે એણે લીધેલો શ્રમ એટલો જ કઠિન હતો.**

# જિદ્દને મળ્યો યશ

**યુપીએસસી** પરીક્ષા ખરી રીતે તો એક પડકાર જ છે. માત્ર આ પડકારથી હું માઈલો દૂર હતી. મારું મૂળ ગામ ડોંગરશેવલી (જિલ્લોઃ બુલઢાણા). પિતા 'રાજ્ય પરિવહન મંડળ'માં લિપિક પદ પર કાર્યરત હતા એથી અમે બુલઢાણા ખાતે જ સ્થાયી થયાં. ૧૨ વર્ષ સુધી શિક્ષણ ત્યાં જ થયું. પછી ચીખલી ખાતે 'અનુરાધા ટેક્નિકલ મહાવિદ્યાલય'માંથી પદવી તેમ જ પુણે ખાતે 'વિશ્વકર્મા ટેક્નિકલ મહાવિદ્યાલય'માંથી પોસ્ટ ગ્રૅજ્યુએટ પદવી શિક્ષણ પૂર્ણ કર્યું.

## ટર્નિંગ પૉઈન્ટ

પિતા લિપિક પદ પર નોકરીમાં જોડાયા છતાં પણ એ ખેડૂત હતા. ગામની થોડી ઘણી જમીન પર અમારો શરૂઆતનું ગુજરાન ચાલ્યું. ખેતીને લીધે ગામડાં સાથે ઘનિષ્ઠ સંકળાયેલાં હતાં. એથી ખેડૂત કુટુંબ તથા ખેતમજૂર કેવું મુશ્કેલી ભર્યું જીવન ગુજારતા હતા એ મેં નજીકથી જાણ્યું છે. સામાન્ય માનવી માટે આપણા હાથે કંઈ સારું કામ થાય એવી ઈચ્છા મનમાં ઠસી ગઈ હતી. મારા શિક્ષણનો ફાયદો દીન-ગરીબોને થાય એવી ઈચ્છા હતી. માત્ર શરૂઆતનાં અમુક વર્ષમાં આ ઈચ્છા પૂરી થઈ નહીં. લગ્ન થયાં, દીકરી થઈ. હું મુંબઈમાં 'સોમૈયા કૉલેજ'માં સહાયક પ્રોફેસર તરીકે નોકરીમાં જોડાઈ. મારું પદ સ્થાયી હોવાથી અને પતિ સૉફ્ટવેર એન્જિનિયર હોવાથી આર્થિક સ્થિરતા આવી હતી. મારી ઈચ્છા પૂરી થતી ન હતી એ હંમેશાં મનમાં



**અર્ચના પંઢરીનાથ વાનખેડે**
ભા.પ્ર.સે. ૨૦૧૮

ખટકતું હતું. આપણે સામાન્ય લોકો માટે કંઈ કરી શકતાં નથી એવી અપરાધભાવના મનમાં નિર્માણ થતી ગઈ અને મેં નક્કી કરી નાખ્યું કે યુપીએસસીના માધ્યમથી પ્રશાસકીય સેવામાં જવાનું.

## યશને પાંખ મળી

યુપીએસસીની પરીક્ષા આપવાનું નક્કી કર્યું એ પછી અભ્યાસની શરૂઆત કરી. ૨૦૧૧માં પ્રથમ પ્રયત્ન કર્યો. માત્ર આ પ્રયત્નના રિઝલ્ટ પછી વિશ્વાસ રહ્યો નહીં. દરમિયાન ૨૦૧૩માં દીકરી થઈ. દીકરી બે વર્ષની થયા પછી ૨૦૧૫માં ફરીથી ઉત્સાહથી અભ્યાસની શરૂઆત કરી. ચોથી વાર પરીક્ષા આપવા છતાં પૂર્વ પરીક્ષા પણ હું પાસ થઈ શકી નહીં. હું તૈયારી માટે ૧૦૦ ટકા સમય ફાળવી શકતી નથી એ ધ્યાનમાં આવ્યું. એથી છોકરીને સાસરિયે મુંબઈમાં રાખીને ૨૦૧૭માં 'યશદા'માં પ્રવેશ લીધો. મારી તૈયારીને યશ મળ્યો. ૨૦૧૭ની પરીક્ષામાં પાંચમા પ્રયત્નમાં પૂર્વ, મુખ્ય અને ઈન્ટરવ્યૂનો તબક્કો યશસ્વી રીતે પાર કર્યા પછી યશનો આખરી પડાવ કેવળ આઠ ગુણથી દૂર રહ્યો. છઠ્ઠા પ્રયત્નમાં પરીક્ષા માટે કેવળ ૨૦-૨૫ દિવસ રહ્યા હતા. આ વેળા મારા ભાઈનો મને આધાર મળ્યો. એ પણ એસઆઈસી સંસ્થામાં સ્પર્ધા પરીક્ષાની તૈયારી કરે છે. ૨૦૧૮માં હું આ સંસ્થા સાથે જોડાઈ. અહીં મને સારું માર્ગદર્શન મળ્યું. પુણેમાં હતાં એ વેળા પ્રવીણ ચવ્હાણ અમૂલ્ય માર્ગદર્શન મળ્યું. ફરીથી એ જ ઉત્સાહથી પરીક્ષાની તૈયારીમાં લાગી ગઈ અને ૨૦૧૮ની પરીક્ષામાં આઈએએસ થવાનું સપનું પૂર્ણ થયું. બુલઢાણા જિલ્લામાંથી પ્રથમ મહિલા આઈએએસ થવાનો સંતોષ મને છે.

## કુટુંબનો સાથ

પિતા પંઢરીનાથ અને માતા લક્ષ્મી કાયમ મારી પડખે ઊભાં રહ્યાં. એથી અમે ચારેય ભાઈ-બહેનો એન્જિનિયર થઈ શક્યાં. પિતાએ છોકરા-છોકરીનો ભેદ ન રાખતાં કરજ લઈને અમને શિક્ષણ અપાવ્યું. માતાએ અમારા અભ્યાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી. કૌટુંબિક જવાબદારીને લીધે એમણે શિક્ષક, લિપિક પદની તક છોડી તેમ જ નર્સ તરીકે નોકરી કરવાની તક હોવા છતાં એ અમારા માટે માત્ર

## યશનાં સૂત્રો

● એનસીઈઆરટીનાં પુસ્તકોનું વાંચન કરીને પાયો પાક્કો કરવો.

● જે વિષય અભ્યાસ કરવા માટે લઈએ એ વિષયનો અભ્યાસ પરીક્ષાનાં પ્રશ્નપેપર ધ્યાનમાં રાખીને કરો. મુખ્ય પરીક્ષા માટે આ જ પદ્ધતિ વાપરો. એથી તમને એ વિષયનો અભ્યાસ કેવી રીતે કરવાનો છે એની ખબર પડશે અને તૈયારીને દિશા મળશે.

● અભ્યાસની સંદર્ભ સામગ્રી મર્યાદિત રાખો. આ પરીક્ષાનો વ્યાપ મોટો છે અને એની તૈયારી માટે સમય ઘણો ઓછો હોય છે. પ્રત્યેક વિષયની તૈયારી કરવા માટે આપણે નકામાં પુસ્તકો લઈને વાંચીશું તો સમય પૂરો પડશે નહીં એથી સિનિયર્સનું માર્ગદર્શન લેવું.

● સારા માર્કથી યશસ્વી થયેલા ઉમેદવારોના 'યુટ્યૂબ' પર વિડિયો જોઈને અભ્યાસ માટેનું બુકલિસ્ટ પહેલાં નક્કી કરવું અને એ પ્રમાણે જ અભ્યાસ કરવો જોઈએ.

● કરેલા અભ્યાસનું રિવિઝન આવશ્યક છે, એથી પરીક્ષા પહેલાં જ્યાં સુધી સંતોષ ન થાય ત્યાં સુધી કરવો જોઈએ.

● આત્મવિશ્વાસ હંમેશાં જાગૃત રાખવો. પોતાના પર વિશ્વાસ હશે તો જ તમે આ પરીક્ષાની ઉત્તમ તૈયારી કરી શકશો.

● હંમેશાં સકારાત્મક વાતાવરણમાં વિચારો. નકારાત્મક વિચારોના લોકોથી દૂર રહીને સકારાત્મક વિચારોવાળાં મિત્ર-બહેનપણીઓની સંખ્યા અને સહવાસ વધારવો. સ્પર્ધા પરીક્ષાની તૈયારી દરમિયાન આપણે જેટલાં સકારાત્મક વાતાવરણમાં રહીશું એટલી જ તૈયારી સારી થશે અને નિરાશા નહીં આવે.

● ત્યાગ કરવાની તૈયારી રાખો. કારણ ત્યાગ સિવાય યશ મળતો નથી. જેટલો યશ મેળવવાની તમારી ઈચ્છા છે એટલી જ ત્યાગની પણ તૈયારી હોવી જોઈએ. આ એક આકર્ષણ હોય છે. યુપીએસસીનો અભ્યાસ કરતી વખતે તમને બીજી સેવામાં અથવા રાજ્ય સેવામાં એકાદ નોકરી મળી શકે છે.

આ તમને યશથી દૂર લઈને જનારી બાબત બની શકે છે. પ્લાન-બી તરીકે એકાદ નોકરી હોય તો એ નિરાશા ટાળવા માટે ઠીક છે. માત્ર પ્રસંગોપાત એનો ત્યાગ કરવાની તૈયારી રાખવી જોઈએ.

● તમે જો ગ્રામીણ ભાગમાંથી આવતો હો અને અંગ્રેજી વ્યવસ્થિત ફાવતું નથી, હવે મારા વિવાહ થયા છે અથવા નોકરી કરવી જરૂરી છે, વગેરે બાબતો આ પરીક્ષાની તૈયારી દરમિયાન ગૌણ ઠરે છે. તમે નક્કી કર્યું હશે તો ગમે તેટલી આડખીલી આવશે તો પણ એને માત કરી શકશો. ફક્ત તમારામાં જિદ્દ જોઈએ. પરિશ્રમ કરવાની અને ત્યાગની ભાવના હશે તો યશને પ્રાપ્ત કરવાનું સહેજે મુશ્કેલ નથી.

● ઑનલાઈન માધ્યમોનો તૈયારી દરમિયાન પ્રભાવી ઉપયોગ કરો.

● કોઈ પણ ફરિયાદ કે બહાનાંબાજી ન કરતાં મારે પ્રામાણિક રીતે પરિશ્રમ કરવાનો છે એવી મનમાં ગાંઠ વાળો.

ગૃહિણી તરીકે રહી. સાસુ-સસરા અને પતિનો મને આધાર પણ મળ્યો. દીકરી પણ એટલી જ સમજદાર હોવાથી મને બળ મળ્યું, છતાં એને મળવા માટે જતી રહેતી. પરીક્ષાના છેલ્લા પ્રયત્ન દરમિયાન પતિને નોકરી માટે વિદેશમાં જવાનું થયું. છોકરીની દેખભાળ માતા-પિતાએ જ કરી. એની શાળાની જવાબદારી પણ સંભાળી. દીકરી માટે પિતાએ ખેતીને બાજુએ મૂકી. કુટુંબના આધાર સિવાય આ યશ મેળવવો મશ્કેલ હતો.

## ગ્રુપ ચર્ચા

'યશદા'માં અમારું પાંચ-છ જણનું જૂથ હતું. અમારી ચર્ચા થતી, નાસ્તો, ચાના બ્રેક દરમિયાન અમે અભ્યાસની બાબત વિશે ચર્ચા કરીએ. સાંજે જમ્યા પછી પ્રાસંગિક ઘટના પર ચર્ચા કરતાં. આવા સકારાત્મક વાતાવરણમાં અમારી એક મિનિટ પણ નકામી ગઈ નહોતી. ઍકેડેમી, સ્ટડી આઈક્યૂ, વગેરે ઑનલાઈન પ્લૅટફૉર્મનો મેં ઉપયોગ કર્યો. સમય મળતો ત્યારે રાજ્યસભા ટીવી પર ચર્ચા, એકાદ વિષય પર યુટ્યૂબ ઉપર વિડિયો જોઈને સમયનો અપવ્યય ટાળ્યો.

## ઈન્ટરવ્યુ

પરીક્ષાની અરજી (ડિટેઈલ ઍપ્લિકેશન ફૉર્મ)માં એમાં ઉલ્લેખ હોય એવી બાબતો સંબંધે, જેમ કે જન્મસ્થળ, એ સ્થળનો ઈતિહાસ, ભૌગોલિક સ્થિતિ, ત્યાંના પ્રશ્ન, વગેરે બાબતના પ્રશ્ન ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવતા. એ સાથે સળગતા પ્રશ્ન, વર્તમાન ઘટનાઓ વિશે એમાં સમાવેશ થઈ શકે છે. 'યશદા', એસઆઈએસી અને મહારાષ્ટ્ર સદન ખાતે થયેલા પરિસર મુલાકાતનો મને ઘણો ફાયદો થયો.

## આદર્શ

વિલ સ્મિથના 'આઈ વૉન્ટ ટુ રિપ્રેઝેન્ટ પોસિબિલિટીઝ' વાક્યનો મારા પર ખાસ્સો પ્રભાવ રહ્યો છે. એકાદ અશક્ય લાગતું સપનું પૂરું કરીએ તો એ અન્યો માટે એક નવો આદર્શ બને છે એની મને જાણ હતી. એથી જ્યારે અનેક અડચણ હોવા છતાં મારે એક સીમાચિહ્ન તૈયાર કરવાનું હતું. એ માટે પરિશ્રમ કર્યો અને યશ મેળવ્યો. એથી કોઈ પણ ક્ષેત્રમાં આપણે પાક્કો વિચાર કરીને આગળ જઈએ તો યશ મેળવી શકાય છે એવું મને લાગ્યું.

**શબ્દાંકન: રાજારામ દેવકર**

■■

**ખેડૂતોના જીવનામાં આર્થિક પરિવર્તન લાવવાને સરકારે સર્વોચ્ચ પ્રાથમિકતા છે. પરિવર્તનની આ પ્રક્રિયામાં સહકાર અને માર્કેટિંગ વિભાગ મહત્વની ભૂમિકા ભજવવા સજ્જ થયો છે. ખેડૂતોને કરજ માફીથી કરજમુક્તિનો સુખદ અનુભવ કરાવવા માટે સરકારે સહજ-સુલભ અને ઓછામાં ઓછા દસ્તાવેજ માગતી પ્રક્રિયા અપનાવી છે.**

# ખેડૂતોના હિત માટે

**બાબાસાહેબ પાટીલ**
પ્રધાન, સહકાર અને માર્કેટિંગ

**રાજ્યને** આર્થિક રીતે સક્ષમ કરવું હોય તો ખેડૂતોનાં જીવનમાં આર્થિક પરિવર્તન થવું જરૂરી છે. સહકાર અને માર્કેટિંગ વિભાગો ખેડૂત સાથે સીધા સંકળાયેલા હોવાથી ખેડૂતને આર્થિક સક્ષમ કરવા માટે સરકાર પ્રયત્નશીલ છે. ગયાં ચાર વર્ષથી ખેડૂત કરજના વમળમાં ફસાયો છે એટલે ખેડૂતને ખરેખર કરજમુક્ત કરનારી સહજ, સરળ અને પારદર્શક એવી 'મહાત્મા જોતિરાવ ફૂલે ખેડૂત કરજમુક્તિ યોજના' સરકારે જાહેર કરી છે અને એનો અમલ શરૂ થઈ ગયો છે.

## કરજમુક્તિ

ખેડૂતોનો આધાર ખેતી પર હોવાથી એમને ખેતી માટે જિલ્લા મધ્યવર્તી બૅન્ક, સહકારી બૅન્ક અથવા કમર્શિયલ બૅન્કમાંથી કરજ લેવું પડે છે. ખેડૂતોને કરજમુક્ત કરીને ચિંતામુક્ત કરવા માટે 'મહાત્મા જોતિરાવ ફૂલે ખેડૂત કરજમુક્તિ યોજના' જાહેર કરવામાં આવી છે. આ યોજનામાં દરેક ખેડૂતનું બે લાખ સુધીનું પાક કરજ અને અલ્પમુદત પાક પુનર્ગઠન કરજ માફ થવાનું છે. આ કરજમુક્તિ યોજના સહજ, સરળ અને પારદર્શક હોવાથી ખેડૂતોને કોઈ પણ પરેશાની ન થાય એની તકેદારી લેવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોને અરજી કરવાની આવશ્યકતા નથી અને બાકીની રકમ ભરવાની શરત પણ આમાં નથી.

## પુનર્ગઠિત કરજ

આ યોજનામાં ૧ એપ્રિલ, ૨૦૧૫થી ૩૧ માર્ચ, ૨૦૧૯ના સમય દરમિયાન લીધેલું અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી બાકી અલ્પમુદત પાક કરજ અને અલ્પમુદત પાક પુનર્ગઠન કરજ માફ કરવામાં આવશે. રાષ્ટ્રીયકૃત બૅન્ક, કમર્શિયલ બૅન્ક, જિલ્લા મધ્યવર્તી, સહકારી બૅન્ક, ગ્રામીણ બૅન્ક, વિવિધ કાર્યકારી સહકારી સંસ્થા પાસેથી ખેડૂતોએ લીધેલાં કરજ માફ કરવામાં આવશે. એના લીધે ખેડૂત ખરીફ પાક ૨૦૨૦માં કરજ લેવા માટે પાત્ર ઠરશે.

બૅન્કના કમ્પ્યુટરાઈઝ્ડ પોર્ટલ પર કરજખાતાની માહિતી અપલોડ કરવાની શરૂઆત કરવામાં આવી છે. ખેડૂતોની આ યાદી ગામ મુજબ દરેક ગામડાંની ગ્રામપંચાયતમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રસિદ્ધ થયેલી યાદીમાં સમાવિષ્ટ ખેડૂતોએ નજીકના સરકાર સેવા કેન્દ્રમાં અથવા બૅન્કની શાખામાં જઈને પોતાનું આધાર પ્રમાણીકરણ કરવું જરૂરી છે. જે ખેડૂત પ્રમાણીકરણ કરતી વખતે એનો આધાર નંબર અને કરજખાતાની રકમ માન્ય કરશે એવા ખેડૂતોને આ યોજનાનો લાભ ત્વરિત મળશે અને જે ખેડૂતોને પોતાનો આધાર નંબર અથવા કરજખાતાની રકમ માન્ય નથી એવા ખેડૂતોએ પોર્ટલ દ્વારા સીધી જિલ્લાસ્તરે ફરિયાદ કરવી પડશે. જિલ્લાસ્તરીય સમિતિ આ બાબતનો નિર્ણય ખેડૂતોને જણાવશે.

## માર્કેટિંગ વિભાગનું મજબૂતીકરણ



બાળાસાહેબ પાટીલ

માર્કેટિંગ વિભાગ સીધો ખેડૂતો સાથે સંકળાયેલો છે. ખેડૂતોના ખેતમાલના વેચાણ માટે આવશ્યક પાયાભૂત સુવિધા પૂરી પાડવી અને ખેતમાલને યોગ્ય ભાવ મેળવી આપવો એ આ ખાતાનો મુખ્ય ઉદ્દેશ છે. કૃષિ ઉત્પન્ન બજાર સમિતિનાં ગોદામો, રસ્તાઓ, લિલામગૃહો, શીતગૃહો, લિલામ મંચ માટે અનુદાન આપવું પણ પણન વિભાગનું મુખ્ય કાર્ય છે. ખેડૂતોના કૃષિમાલને યોગ્ય ભાવ મેળવી આપવા માટે વિશ્વસ્તર પર સ્પર્ધાત્મક પાયાભૂત સુવિધાઓથી સુસજ્જ હોવા સંગઠિત માર્કેટિંગનાં જાળાં વિકસિત કરવાં એ આ વિભાગનું કાર્ય છે. ખેડૂત જે સમયે ખેતમાલ લઈને કૃષિ ઉત્પન્ન બજાર સમિતિમાં આવે છે ત્યારે માર્કેટિંગ કમિટી ખેડૂતોના ખેતમાલને યોગ્ય ભાવ ઉપલબ્ધ કરી આપવા સાથે સાથે જ એમનામાં વિશ્વાસ સ્થાપિત કરવાનું કામ કરે છે. આને લીધે ખેડૂતોને એક આધાર, વિશ્વાસ આ સ્થળે મળતો હોય છે.

એવી જ રીતે, ગ્રામીણ વિકાસને ગતિ આપવા ખેડૂતને કેન્દ્રબિંદુમાં રાખવા પડશે. જગતના તાત ગણાતા મારા ખેડૂતબાંધવો અધિક સમૃદ્ધ થવા જોઈએ. ખેડૂતોની ખુશીના દિવસો ફરી પાછા આવે, ખેડૂતબાંધવો આર્થિક રીતે સક્ષમ થાય એ જ મારી મહત્ત્વની ભૂમિકા છે.

## સાકર કારખાનાંની અડચણ

રાજ્યમાં સહકારી કારખાનાંને લીધે જે-તે ભાગના કેટલાક પ્રમાણમાં વિકાસ, સ્થાનિકોને રોજગાર અને ખેડૂતોનાં જીવનમાં આર્થિક પરિવર્તન લાવવામાં મદદ મળી છે. સાકર કારખાનાં અને શેરડી ઉત્પાદક ખેડૂત એક સાઈકલ છે. શેરડીનું પ્રમાણ ક્યારેક ઓછું તો ક્યારેક વધુ હોય છે. નૈસર્ગિક આપત્તિઓ આવતી રહે છે. ગયા વર્ષે પશ્ચિમ મહારાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં અતિવૃષ્ટિ થઈ. સાંગલી, કોલ્હાપુરના વિસ્તારો અસરગ્રસ્ત થયા. એના લીધે ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન થયું. આવા સમયે સાકર કારખાનાં અને ખેડૂતો તકલીફમાં આવે છે. આ અડચણમાં આવતાં સાકર કારખાનાં હોય કે ખેડૂતો, એમને મદદ કરવી જરૂરી છે. આવા સમયે ખેડૂતો બાકીની લોન સમયસર ભરપાઈ ન થવાથી એ તકલીફમાં આવે છે.



## એમને લાભ નહીં

ભૂતપૂર્વ-હાલના પ્રધાનો, રાજ્યકક્ષાના પ્રધાનો, લોકસભા-રાજ્યસભા સભ્યો, વિધાનસભા-વિધાનપરિષદના સભ્યો, કેન્દ્ર અને રાજ્ય સરકારના સર્વ અધિકારી, કર્મચારી (એકત્રિત માસિક વેતન રૂપિયા પચ્ચીસ હજારથી વધારેવાળા કર્મચારી. એમાં ચતુર્થ શ્રેણીના કર્મચારી બાકાત), રાજ્ય સાર્વજનિક ઉપક્રમ (ઉદાહરણ તરીકે, મહાવિતરણ, એસટી મહામંડળ, વગેરે) અને અનુદાનિત સંસ્થાના અધિકારી અને કર્મચારી, નિવૃત્ત વેતનધારક, કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ, સહકારી સાકર કારખાનાં, સહકારી કાપડમિલ, નાગરી સહકારી બૅન્કો, જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્કો અને સહકારી દૂધ સંઘના અધિકારી અને પદાધિકારી (અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સંચાલક મંડળ), જેમનું માસિક નિવૃત્તિવેતન રૂપિયા ૨૫,૦૦૦થી વધારે છે (માજી સૈનિક બાકાત), ખેતીબાહ્ય આવકમાંથી આયકર ભરનારી વ્યક્તિને આનો લાભ મળશે નહીં.

## કપાસ માટે ૧૮૦૦ કરોડની બાંયધરી

કપાસ માર્કેટિંગ મહાસંઘને આવશ્યક ૧૮૦૦ કરોડ રૂપિયાને સરકારી બાંયધરી આપવામાં આવી છે. 'મહારાષ્ટ્ર રાજ્ય સહકારી કપાસ ઉત્પાદક પણન મહાસંઘ' પાસેથી ૨૦૧૯-૨૦માં લઘુતમ ટેકાના ભાવમાં ખરીદી કરવામાં આવનારા કપાસની ચુકવણી ખેડૂતોને સમયસર કરવા માટે કપાસ પણન મહાસંઘે 'બૅન્ક ઑફ ઈન્ડિયા' પાસેથી ૭.૭૫ ટકાના વ્યાજદરે લીધેલા ૧૮૦૦ કરોડની લોનને સરકારે બાંયધરી આપી છે. આ સરકારી બાંયધરી પર મહાસંઘને આપવા પડનારું બાંયધરી શુલ્ક પણ માફ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૯-૨૦માં કપાસ પણન મહાસંઘ તરફથી કપાસ ખરીદવાની શરૂઆત થઈ છે. અત્યારે દરરોજ અંદાજે ૬૦થી ૮૦ હજાર ક્વિન્ટલ કપાસ ખરીદી થાય છે. મહાસંઘ દ્વારા આ સમયગાળામાં ૩૦થી ૩૫ લાખ ક્વિન્ટલ કપાસ ખરીદી અપેક્ષિત છે. આ માટે ૧૮૦૦ કરોડ રૂપિયા જોઈતા હતા. ખેડૂતોને પરેશાની ન થાય અને એમને સમયસર પૈસા મળે એ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## ખેડૂતોએ શું કરવું

જે ખેડૂતનાં નામો આ કરજ માફી યાદીમાં છે એમણે આ યોજનાનો લાભ લેવા માટે પોતાનો આધાર નંબર બૅન્ક ખાતા સાથે સંલગ્ન કરવો. આ યોજનાનો લાભ ફક્ત જરૂરતમંદ ખેડૂતોને મળવો જરૂરી છે એટલે જે ખેડૂતો એને લાયક છે એમણે આધાર નંબર બૅન્ક ખાતાને સંલગ્ન કરવો. આ પૂરી પ્રક્રિયા ઑનલાઈન થવાથી ખેડૂતોને પરેશાની થશે નહીં ને બૅન્કનાં ચક્કર મારવાં પડશે નહીં. આ કરજમુક્તિના લીધે ખેડૂતભાઈઓનાં માથાં પરનો કરજનો બોજો ઓછો થશે, એ પાછા કરજને પાત્ર ઠરશે અને એમને મોટો સધિયારો મળશે.

## સહકાર ક્ષેત્રને પ્રોત્સાહન

રાજ્યના વિકાસમાં સહકાર ક્ષેત્રનું યોગદાન મોટું છે. ગ્રામીણ વિસ્તારની અર્થવાહિની તરીકે સહકાર ક્ષેત્ર તરફ જોવામાં આવે છે. સહકારના માધ્યમથી વિકાસ સોસાયટી, વિવિધ કાર્યકારી સોસાયટી, બૅન્કો, સેવાભાવી સંસ્થા, સાકર કારખાનાં આવી અનેક સહકારી સંસ્થા સ્થાપિત થઈ છે. ખેડૂતોને મુશ્કેલીના સમયે આર્થિક મદદ મળી રહે એ માટેઆ સંસ્થાઓ કાર્ય કરે છે. એના લીધે કેટલાક પ્રમાણમાં નાણાં ધીરનારાઓને દૂર કરવામાં મદદ થઈ. આ ક્ષેત્રને વધુ પ્રોત્સાહન આપવું જરૂરી છે.

## કૃષિ પ્રક્રિયા ઉદ્યોગ

ભારતમાં રાજ્ય મુજબ પાક વિવિધતા હોવાથી કૃષિ પ્રક્રિયા ઉદ્યોગ માટે કાચા માલની પ્રાપ્તિ આસાનીથી થઈ શકે છે. એના માટે ખેડૂતોએ ખેતમાલ પ્રક્રિયા ઉદ્યોગ તરફ ધ્યાન આપવું જોઈએ. શેરડી ઉત્પાદક ખેડૂત સાકર કારખાનાને શેરડી આપે છે અને આ કારખાનાનું મુખ્ય શેરડીમાંથી સાકર તૈયાર કરવાનું છે, છતાં આજે ઈથેનોલની મોટા પ્રમાણમાં જરૂર છે. એને પ્રોત્સાહન આપવું જોઈએ. એ માટે કેન્દ્ર સરકારે આગળ આવવું જોઈએ. અનેક સ્થળે પ્રકલ્પ કાર્યાન્વિત થયા છે, પણ એનું પ્રમાણ ઓછું છે. એના લીધે સાકર કારખાનાંએ ઈથેનોલ ઉત્પાદન તરફ ધ્યાન આપવું જરૂરી છે. કેટલાક વિસ્તારમાં સેન્દ્રિય ગોળ પ્રકલ્પ તૈયાર કરવો, સેન્દ્રિય શેરડી તૈયાર કરવી એવા ઉદ્યોગ શરૂ છે. આવા કૃષિ પ્રક્રિયા ઉદ્યોગ તરફ ખેડૂતોએ ધ્યાન આપવું આવશ્યક છે..

**શબ્દાંકન : કાશીબાઈ થોરાત,**
વિભાગીય સંપર્ક અધિકારી

રાજ્યના હિતની અનેક યોજનાઓને પ્રધાનમંડળની બેઠકમાં માન્યતા આપવામાં આવે છે. આવા થોડા નિર્ણયોની સમીક્ષા...

# પ્રધાનમંડળમાં નક્કી થયું!

## મહારાષ્ટ્રનો હીરક મહોત્સવ

મહારાષ્ટ્ર રાજ્યના હીરક મહોત્સવ વર્ષ તરીકે રાજ્ય સરકાર તરફથી ઉત્સાહથી ઊજવવાનો નિર્ણય પ્રધાનમંડળની બેઠકમાં લેવામાં આવ્યો. આ નિમિત્તે સંપૂર્ણ વર્ષ વિવિધ કાર્યક્રમનાં આયોજન બાબત ચર્ચા



કરવામાં આવી. ૧ મે, ૨૦૨૦થી સંપૂર્ણ રાજ્યમાં કાર્યક્રમની શરૂઆત કરવાની મંજૂરી આપવામાં આવી.

રાજ્યના સાંસ્કૃતિક કાર્ય વિભાગ મારફત પ્રધાનમંડળની બેઠકમાં મહારાષ્ટ્ર રાજ્યના હીરક મહોત્સવ વર્ષ નિમિત્તે 'હીરક મહોત્સવી મહારાષ્ટ્ર' વિષય પર રજૂઆત કરવામાં આવી, જેમાં સંયુક્ત મહારાષ્ટ્ર ઝુંબેશ, મરાઠી નાટક, મરાઠી સિનેમા, લોકકળા, ગઢ-કિલ્લા પર વીરરસયુક્ત કાર્યક્રમ, છત્રપતિ શિવાજી મહારાજના જીવનચરિત્ર પર કાર્યક્રમ, સમાજ સુધારકોનું મહારાષ્ટ્ર, રાષ્ટ્રમાં મહારાષ્ટ્ર, વિશ્વમાં મહારાષ્ટ્ર, મહારાષ્ટ્રના સંતોની પરંપરા, શાસ્ત્રીય સંગીત મહોત્સવ, આદિવાસી સંસ્કૃતિ, લોકવાદ્ય મહોત્સવ, લોકકલાકારોનો મેળાવો, કવ્વાલી મહોત્સવ, દુર્ગા મહોત્સવ, સો વર્ષના મરાઠી સિનેમાની સફર, વગેરે વિવિધ સર્વસમાવેશક સાંસ્કૃતિક કાર્યક્રમ વિવિધ જિલ્લામાં આયોજિત કરવામાં આવશે.

એ જ રીતે, સંયુક્ત મહારાષ્ટ્ર ઝુંબેશની માહિતી દર્શાવતા કાર્યક્રમ, સંયુક્ત મહારાષ્ટ્ર ઝુંબેશમાં શહીદોની તેમ જ રાજ્યની ઐતિહાસિક, સામાજિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક વિશેષતાની સંપૂર્ણ માહિતી આપનારી સચિત્ર પુસ્તિકા (કૉફીટેબલ બુક) પ્રકાશિત કરવી, વિદેશમાં વસતા મહારાષ્ટ્રીયનો સહભાગવાળા કાર્યક્રમોનું આયોજન, મહારાષ્ટ્રની ગૌરવશાળી પરંપરાની ઝાંખી કરાવતી માહિતી ફિલ્મોની નિર્મિતી, રાજ્યના વિવિધાંગી પ્રગતિનું, સંસ્કૃતિનું ચિત્રણ કરનારી જાહેરાતોની નિર્મિતી કરીને વિવિધ રાજ્યમાં એ પ્રદર્શિત કરવી. હીરક મહોત્સવી મહારાષ્ટ્ર સંકલ્પના પર આધારિત દર્જેદાર ઑડિયો વિઝ્યુઅલ આશયનાં ગીતોની (થીમ સોન્ગ) નિર્મિતી કરવી એવા વિવિધ કાર્યક્રમનું આયોજન આ નિમિત્તે કરવામાં આવશે, જેનો નિર્ણય બેઠકમાં લેવામાં આવ્યો.

એ જ રીતે, દરેક વહીવટી વિભાગે હીરક મહોત્સવી મહારાષ્ટ્ર સંકલ્પના પર આધારિત માત્ર એક યોજના અથવા ઉપક્રમ તૈયાર કરીને હીરક મહોત્સવ વર્ષમાં એની અસરકારક અમલબજાવણી કરવી એવા નિર્દેશ પણ આ બેઠકમાં આપવામાં આવ્યા.

## ગંદા પાણી પર પ્રક્રિયા

રાજ્યના શહેરી ભાગમાં નિર્માણ થતા ગંદા વહેતા પાણી પર પ્રક્રિયા કરવા માટે તૈયાર કરવામાં આવેલા પ્રથમ તબક્કામાં વહેતાં પાણીની પ્રક્રિયા પ્રસ્તાવને પ્રધાનમંડળ બેઠકમાં માન્યતા આપવામાં આવી.

રાજ્યની ૩૯૧ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાંથી ૯૭૫૮.૫૩ એમએલડી વહેતું પાણી નિર્માણ થાય છે. આ ગંદા વહેતા પાણી પર પ્રક્રિયા કરવા માટે નિર્માણ થયેલી ક્ષમતા ૭૭૪૭.૨૪ એમએલડી જેટલી હોય નવેસરથી નિર્માણ કરવાની પ્રક્રિયા ક્ષમતા ૨૦૧૧.૯૧ જેટલી છે. વહેતા પાણીની પ્રક્રિયાક્ષમતાનું પ્રમાણ જે લગભગ ૭૯ ટકા જેટલું સમાધાનકારક છે. એમ હોય તો નૅશનલ ગ્રીન ટ્રિબ્યુનલે આપેલા આદેશ અનુસારે ગંદા વહેતા પાણી માટે આવશ્યક એવી ૨૦૧૧ એમએલડી મળ પ્રક્રિયાક્ષમતા બાંધવાનું બંધનકારક છે.

એ અનુસાર રાજ્યની મહાગરપાલિકા અને નગરપરિષદ ક્ષેત્રમાં તબક્કા-૧માં ઓછી હોય એવી મળ પ્રક્રિયાક્ષમતા નિર્માણ કરવા માટે આવશ્યક રૂપિયા ૨૮૨૦ કરોડ જેટલી નિધિ કેન્દ્ર સરકાર પુરસ્કૃત અમૃત અભિયાન-બે અથવા રાજ્ય સરકાર પુરસ્કૃત મહારાષ્ટ્ર સુવર્ણજયંતી નગરોત્થાન મહાભિયાનમાંથી ઊભી કરવામાં આવશે.

## કંપની એકત્રીકરણ દસ્તાવેજો

કંપની એકત્રીકરણ અથવા પુનર્રચના સંબંધના દસ્તાવેજો માટે લેવામાં આવતા મુદ્રાંક શુલ્ક પર આપેલી મહત્તમ મર્યાદા ૨૫ કરોડથી ૫૦ કરોડ સુધી વધારવા માટે પ્રધાનમંડળની બેઠકમાં માન્યતા આપવામાં આવી.

કંપની એકત્રીકરણ અથવા પુનર્રચના સંબંધના દસ્તાવેજો પર મહારાષ્ટ્ર મુદ્રાંક અધિનિયમની અનુસૂચિ-૧ના અનુચ્છેદ ૨૫મા આપેલા મુદ્રાંક શુલ્ક પર ૬ મે, ૨૦૦૨ના રોજના આદેશ અન્વયે ઉલ્લેખ કરેલી મહત્તમ મર્યાદા ૨૫ કરોડ રૂપિયાથી

## પાંચ દિવસનું અઠવાડિયું

રાજ્યના સરકારી કાર્યાલયો માટે પાંચ દિવસનું અઠવાડિયું લાગુ કરવાનો નિર્ણય પ્રધાનમંડળ બેઠકમાં લેવામાં આવ્યો. હવે કેન્દ્ર સરકાર પ્રમાણે રાજ્યનાં સરકારી કાર્યાલયોમાં પ્રત્યેક મહિનાના દરેક શનિવારે અને રવિવારે રજા રહેશે. એ સાથે જ દરરોજ ૪૫ મિનિટનું વધારે કામ અધિકારી અને કર્મચારીઓને કરવું પડશે. આ નિર્ણયની અમલબજાવણી ૨૯ ફેબ્રુઆરીથી થશે.

### તમામ કાર્યાલયો માટે એક જ સમય

હાલમાં બૃહદ મુંબઈનાં કાર્યાલયોનો કામકાજનો સમય સવારે ૯:૪૫થી સાંજે ૫:૩૦નો છે એ હવેથી ૯:૪૫થી સાંજે ૬:૧૫નો રહેશે. પટ્ટાવાળાઓના કામકાજનો સમય સવારે ૯:૩૦થી સાંજે ૬:૩૦ રહેશે. બૃહદ મુંબઈની બહારનાં સરકારી કાર્યાલયો માટે પણ આ સમય ૯:૪૫થી સાંજે ૬:૧૫ રહેશે. બૃહદ મુંબઈ બહારનાં સરકારી કાર્યાલયો માટે સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૪૫ કામનો સમય હાલમાં છે. માત્ર હવે પાંચ દિવસનું અઠવાડિયું થવાથી મુંબઈ અને મુંબઈબહારનાં દરેક કાર્યાલયોનો એક જ સમય નિશ્ચિત કરવામાં આવ્યો છે. હાલના આ કાર્યાલયના સમયમાં બપોરના ૧:૦૦થી ૨:૦૦ આ સમયમાં વધારેમાં વધારે અડધો કલાકના ભોજનના સમયનો પણ સમાવેશ છે.

### એમને લાગુ નથી

જે સરકારી કાર્યાલયને કારખાના અધિનિયમ અથવા ઔદ્યોગિક વિવાદ લાગુ છે, જેમની સેવા આવશ્યક સમજવામાં આવે છે એવાં કાર્યાલયોને, સરકારી કૉલેજો, ટેક્નિકલ શાળા, પોલીસદળ, અગ્નિશમન દળ, સફાઈ કામગારોને પાંચ દિવસનું અઠવાડિયું લાગુ નથી.

જે કાર્યાલયોને પાંચ દિવસનું અઠવાડિયું લાગુ નથી એમનાં નામો આ મુજબ છે -

**અત્યાવશ્યક સેવાઃ** સરકારી હૉસ્પિટલો, ચિકિત્સાલયો, પોલીસ, કારાગૃહો, પાણીપુરવઠો પ્રકલ્પ, અગ્નિશમન દળ, સફાઈ કામગાર.

**શૈક્ષણિક સંસ્થાઃ** સરકારી કૉલેજો. તબીબી કૉલેજો, શાળા, ટેક્નિકલ સંસ્થા.

**જળસંપદા વિભાગઃ** દાપોડી, સાતારા, વર્ધા, અકોલા, અહમદનગર, આષ્ટી, ખડકવાસલા, નાસિક અને નાંદેડ ખાતે કર્મશાળા. નાગપુર, ભંડારા ખાતે મધ્યવર્તી કર્મશાળા તેમ જ જળસંપદા અને સાર્વજનિક વિભાગ અંતર્ગત ક્ષેત્રીય કામો પર અને પ્રકલ્પો પર નિયમિત આસ્થાપના, સ્થાયી અને અસ્થાયી આસ્થાપના અને રોજદારી પરના ક્ષેત્રીય કામગાર અને કર્મચારી.

**જાહેર આરોગ્ય વિભાગઃ** વૅક્સિન ઈન્સ્ટિટ્યૂટ, નાગપુર.

**મહેસૂલ અને વનવિભાગઃ** બલ્લારશા પરતવાડા અને દહાણુ ખાતે એકાત્મીકકૃત ઘટક, અલાપલ્લી ખાતે સૉ મિલ, વિભાગીય વન અધિકારીના નિયંત્રણમાં પરતવાડા અને બલ્લારશા ખાતે વર્કશૉપ, સરકારી ફોટો નોંધણી કાર્યાલયો, પુણે.

**સામાન્ય પ્રશાસન વિભાગઃ** સરકારી પરિવહન સેવાના કારખાના વિભાગ.

**કૃષિ વિભાગઃ** દૂધ શાળા વિકાસ વિભાગ અંતર્ગત દૂધ યોજના.

**ઉદ્યોગ, ઊર્જા અને કામગાર વિભાગઃ** સરકારી મુદ્રાલયો.

**કૌશલ્ય અને ઉદ્યોગજકતા વિકાસઃ** દરેક આઈટીઆઈ.

કેન્દ્ર સરકાર પ્રમાણે રાજસ્થાન, બિહાર, પંજાબ, દિલ્હી, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ રાજ્યોમાં પાંચ દિવસનું અઠવાડિયું લાગુ છે. હાલમાં બીજા અને ચોથા શનિવારે કાર્યાલયની રજા હોય છે. પાંચ દિવસના અઠવાડિયાના પ્રસ્તાવને લીધે સરકારી કાર્યાલયમાં વીજળી, પાણી, વાહનોનું ડીઝલ, પેટ્રોલ જેવા ખર્ચમાં બચત થશે તેમ જ સરકારી કર્મચારીઓ કુટુંબોને સમય આપી શકશે.

### પ્રતિ વર્ષ કામના કલાકો વધશે

હાલના કાર્યાલયના સમયના લીધે વર્ષના સરેરાશ કાર્યાલયના દિવસ ૨૮૮ થાય છે. ભોજનનો સમય ૩૦ મિનિટનો સમય બાદ કરતાં પ્રતિ દિન ૭ કલાક ૧૫ મિનિટ કામના કલાકો થાય છે. એથી એક મહિનાના કામના કલાકો ૧૭૪ તેમ જ એક વર્ષના કામના કલાકો ૨૦૮૮ જેટલા થાય છે

પાંચ દિવસના અઠવાડિયાને લીધે વર્ષના સરેરાશે કામકાજના દિવસ ૨૬૪ થશે. માત્ર કામના કલાકો ૮ કલાક થશે. પરિણામે એક મહિનામાં કામના કલાકો ૧૭૬ તેમ જ વર્ષના કામના કલાકો ૨૧૧૨ જેટલા થશે. એટલે કે દરરોજ ૪૫ મિનિટ, દર મહિને ૨ કલાક અને દર વર્ષે ૨૪ કલાક જેટલા કામના કલાક વધશે.

૫૦ કરોડ રૂપિયા સુધી વધારવાનો નિર્ણય પ્રધાનમંડળની બેઠકમાં લેવામાં આવ્યો છે.

## બાળકોના કલ્યાણ માટે ન્યાય ભંડોળ


રાજ્યની બાળ સંસ્થાઓમાં બાળકોનું કલ્યાણ અને પુનર્વસન કરવા માટે રાજ્ય બાળ નિધિ નિર્માણ કરવામાં અને એ માટે બે કરોડ રૂપિયાની જોગવાઈ કરવાની પ્રધાનમંડળની બેઠકમાં માન્યતા આપવામાં આવી છે.

બાળન્યાય (બાળકોની કાળજી અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫ની કલમ ૧૦૫ અન્વયે, રાજ્ય સરકાર બાળન્યાય અધિનિયમ અંતર્ગત બાળકોનાં કલ્યાણ અને પુનર્વસન માટે રાજ્યને યોગ્ય લાગે એવા નામે ભંડોળ નિર્માણ કરવા બાબત જોગવાઈ છે અને મહારાષ્ટ્ર રાજ્ય બાળન્યાય નિયમ, ૨૦૧૮માં નિયમ ૮૫ અન્વયે રાજ્ય સરકાર 'રાજ્ય બાલ નિધિ' નામે નિધિ નિર્માણ કરશે એવી જોગવાઈ છે.

આ જોગવાઈનો વિનિયોગ બાળન્યાય (બાળકોની કાળજી અને સંરક્ષણ) નિયમ, ૨૦૧૮માં બાળકોના કલ્યાણ માટે વિવિધ પ્રયોજન માટે કરવામાં આવશે.

હાલમાં ૫૬૦ કરતાં વધારે બાળગૃહોમાં ૨૧ હજાર ૧૭૮ બાળક રહે છે. આ બાળકોની મોટી બીમારીઓ માટે તબીબી સહાય, કૌશલ્યવિકાસ પ્રશિક્ષણ અથવા વ્યવસાય પ્રશિક્ષણ તેમ જ ઉચ્ચ શિક્ષણ માટે સહાય કરવી શક્ય બનશે.

## નિરા ડાબી અને જમણી નહેરમાં પાણીની સમાન ફાળવણી



નિરા દેવઘર અને ગુંજવણી બંધની નહેરો કાર્યાન્વિત થઈ ન હોવાથી વપરાશ વગર પડેલું પાણી સમાન ધોરણે હાલ નિરા ડાબી અને જમણી નહેરના લાભક્ષેત્રમાં ફાળવણી કરવાનો નિર્ણય પ્રધાનમંડળની બેઠકમાં લેવામાં આવ્યો. આનો ફાયદો નહેરની બન્ને તરફ થયેલી શહેરીકરણ, ઔદ્યોગિકરણ, કૃષિપૂરક ઉદ્યોગ, સાકર કારખાનાં અને ફળબાગોને થશે. આ નિર્ણયની વધુ માહિતી નીચે પ્રમાણે છે.

નિરા દેવઘર બંધનું કામ ૨૦૦૭માં પૂર્ણ થયું. એમાં ૧૧.૭૩ ટીએમસી જેટલાં પાણીનો સંગ્રહ થયો છે તો ગુંજવણી બંધમાં ૨૦૧૮થી ૩.૬૯ ટીએમસી પાણીનો સંગ્રહ થયો છે. આ બન્ને યોજનાની નહેરનું કામ હજી અધૂરું હોવાથી નિયોજિત લાભક્ષેત્રને આ પાણીનો ફાયદો મળતો નથી. આ બાબતને ધ્યાનમાં રાખી અને પાણીના સંગ્રહનો યોગ્ય વપરાશ થાય એ માટે આ બન્ને બંધમાં ઉપલબ્ધ પાણી મૂળ પ્રકલ્પની જરૂરત બાદ બચેલું પાણી નિરા ડાબી અને જમણી નહેરમાં સમાન ધોરણે છોડવાનો નિર્ણય લેવામાં આવે. આ ફાળવણી નિરા ડાબી નહેરમાં ૫૫ ટકા અને જમણી નહેરમાં ૪૫ ટકા હશે.

આ નિર્ણયને લીધે બન્ને નહેરમાં લાભક્ષેત્રમાં સમન્યાયી ધોરણે ૨૪૨૭ હેક્ટર-ટીએમસી આ પ્રમાણમાં પાણી સીંચાઈ માટે ઉપલબ્ધ થશે. નિરા ડાબી નહેર પુરંદર અને બારામતી, ઈંદાપુર તાલુકાના ૩૭,૦૭૦ હેક્ટર લાભક્ષેત્રને જ્યારે જમણી નહેરથી ખંડાળા, ફલટણ, માળશિરસ, પંઢરપુર, સાંગોલા તાલુકાના ૬૫,૫૦૬ હેક્ટર લાભક્ષેત્રને ફાયદો થશે.

## અન્ય પછાતવર્ગ વિભાગનું નામ હવે બહુજન કલ્યાણ વિભાગ

અન્ય પછાતવર્ગ, સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ, વિમુક્ત જાતિ, ભટકતી જમાતી અને વિશેષ પછાત પ્રવર્ગ કલ્યાણ વિભાગનું નામ હવે બહુજન કલ્યાણ વિભાગ કરવાને પ્રધાનમંડળની બેઠકમાં માન્યતા આપવામાં આવી.

વિભાગનું હાલનું નામ ઘણું મોટું અને વિસ્તૃત છે. આ વિભાગને સોંપવામાં આવેલી યોજના અને વિભાગના નામે શરૂ યોજના તેમ જ ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ વિભાગ પાસેથી આ વિભાગ પાસે હસ્તાંતરણ કરેલી યોજનાનું સ્વરૂપ જોતાં વિભાગનું નામ સંક્ષિપ્ત હોવું એના પર એકમત થયા.

## શાળાકીય વિદ્યાર્થીઓને મફત ચશ્માં

રાજ્યની તમામ સરકારી અને અનુદાનિત શાળાઓમાં ૬થી ૧૮ વર્ષની ઉંમર ધરાવતાં બાળકોમાં દૃષ્ટિદોષ નિવારણ માટે એમને મફત ચશ્માં પૂરાં પાડવા માટે પ્રધાનમંડળની બેઠકમાં માન્યતા આપવામાં આવી. આ યોજના માટે આશરે ૨૦ કરોડ રૂપિયા અનાવર્તી અને ૫ કરોડ રૂપિયા આવર્તી ખર્ચ અપેક્ષિત છે.

તાજેતરમાં કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત શાળાકીય બાળકોની વર્ષમાં એક વાર આરોગ્ય તપાસણી કરવામાં આવે છે. આ વર્ષે ૧૧૯૫ તબીબી ટીમે એ માટે કાર્યરત છે. એમની તપાસણીમાં બાળકોમાં દૃષ્ટિદોષનું પ્રમાણ વધવાનું જણાયું છે. શાળામાં ૧ કરોડ ૨૧ લાખ ૬૭ હજાર ૫૮૫ જેટલાં બાળક ભણતાં હોય દૃષ્ટિદોષનું પ્રમાણ આઠ ટકા જેટલું છે. આ બાળકોને ચશ્માં ઉપલબ્ધ કરી આપવાથી એકંદરે એમની શૈક્ષણિક પ્રગતિમાં સુધારણા થશે.

સાર્વજનિક આરોગ્ય વિભાગ તરફથી દૃષ્ટિદોષ હોય એવાં બાળકોને નિશ્ચિત કરવામાં આવેલા સપ્લાયર પાસેથી એમના ઘેર અથવા શાળામાં મફત ચશ્માં પહોંચાડવામાં આવશે.

## ખેડૂત કરજમુક્તિ યોજના

'મહાત્મા જોતિબા ફૂલે ખેડૂત કરજમુક્તિ યોજના'ની અમલબજાવણી માટે ૧૦ હજાર કરોડ જેટલું ભંડોળ આકસ્મિક નિધિ અગ્રીમ દ્વારા ઉપલબ્ધ કરી આપવા માટે પ્રધાનમંડળની બેઠકમાં માન્યતા આપવામાં આવી. આ અંગેનો અધ્યાદેશ કાયદો અને ન્યાય વિભાગની સલાહ તેમ જ રાજ્યપાલની માન્યતાથી પ્રકાશિત કરવામાં આવશે.

હાલમાં આકસ્મિક નિધિની મર્યાદા ૧૫૦ કરોડ જેટલી છે. આ મર્યાદામાં ૧૦ હજાર કરોડનો વધારો કરીને એ હવે ૧૦,૧૫૦ કરોડ જેટલો કરવામાં આવશે. સરકારે ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૦થી આ યોજના કાર્યાન્વિત કરવાનું નક્કી કર્યું છે. ૫ માર્ચ સુધી આ યોજના માટે ૧૦ હજાર કરોડની આવશ્યકતા હોવાનું આકસ્મિક ભંડોળ અગ્રીમ લેવાનો નિર્ણય લેવામાં આવ્યો.

## નગરપરિષદ સંચાલનાલય

નગરપરિષદ વહીવટી સંચાલનાલયનું સુધારણા કરીને એનું મજબૂતીકરણ કરવાનો નિર્ણય પ્રધાનમંડળની બેઠકમાં લેવામાં આવ્યો. એ અનુસાર સંચાલનાલયનાં ૨૭૪ પદની પ્રચલિત આકૃતિબંધનાં ૧૩૮ પદ રદ કરીને ૫૫૦ પદને સુધારિત આકૃતિબંધને માન્યતા આપવામાં આવી.

એ અનુસાર ૧૦૮ પદ મુખ્યાલય સ્તરે, ૧૧૭ પદ વિભાગીય સ્તરે સહાયુક્ત અને ઉપયુક્ત આ વરિષ્ઠ પદ પર સંચાલનાલય અને મુખ્ય અધિકારી સંવર્ગના અધિકારીને પદોન્નતિ આપવામાં આવશે.

## ફેબ્રુઆરી, ૨૦૨૦ની મહત્ત્વની ઘટનાઓની સમીક્ષા...

### મ્હાડા તરફથી પાંચ લાખ ઘરનું નિર્માણ

આગામી ત્રણ વર્ષમાં મ્હાડા તરફથી પાંચ લાખ ઘરનું નિર્માણ કરવામાં આવશે. એમાંથી ૫૦ હજાર રહેઠાણ પોલીસ કર્મચારીને અને ૫૦ હજાર રહેઠાણ ચતુર્થ શ્રેણી સરકારી કર્મચારીઓને ઉપલબ્ધ થશે એમ ગૃહનિર્માણપ્રધાન જિતેન્દ્ર આવ્હાડે કહ્યું.



થાણે મહાનગરપાલિકા સીમામાં મ્હાડા ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રાધિકરણ અને રાજ્ય સરકારનો જમીન બાબતનો અહેવાલ તેમ જ થાણેસ્થિત સરકારી જમીન પર મહારાષ્ટ્ર ગૃહનિર્માણ અને ક્ષેત્ર વિકાસ પ્રાધિકરણ મારફત સર્વ સમાવેશક પ્રકલ્પ અમલમાં મૂકવા બાબત થયેલી બેઠકમાં પ્રધાન શ્રી આવ્હાડે માહિતી આપી.

શાસન પાસે હાલ દસ હજાર ઘરનો સંગ્રહ ઉપલબ્ધ છે. એમાંથી દસ ટકા ઘર પોલીસ કર્મચારીઓને અને દસ ટકા ઘર ચતુર્થ શ્રેણી સરકારી કર્મચારીઓને આપવાનો નિર્ણય થયો છે. આગામી બે મહિનામાં લોટરી કાઢી કુલ ૧૦ હજાર ઘરમાંથી એક હજાર ઘર પોલીસ કર્મચારીઓને અને એક હજાર ઘર ચતુર્થ શ્રેણી સરકારી કર્મચારીઓને ઉપલબ્ધ થશે તેમ જ ગરીબોને પરવડનારાં ઘરો સરકાર માટે જુદાં અને વિકાસ માટે જુદાં એમ અલગ ના બાંધતાં એકત્રિત રહેઠાણો બાંધવામાં આવશે અને એની ભેગી લોટરી કાઢવામાં આવશે.

થાણેના વર્તકનગર ભાગમાં મ્હાડાના દર્શનીય ભાગનાં મકાનોનો જ પુનર્વિકાસ થયો. સમાન ન્યાયના તત્ત્વ અનુસાર મ્હાડાનાં મકાનોનો પુનર્વિકાસ કરતી વખતે સંપૂર્ણ લેઆઉટનો સાથે પુનર્વિકાસ કરવામાં આવશે. એ તત્ત્વ અનુસાર કન્નમવારનગર, ટાગોરનગરનો વિકાસ કરવામાં આવશે. કળવા ખાતે ૭૨ એકર, ઉત્તર શિવ અને મોઘરપાડા ખાતે લગભગ ૧૦૦ એકર જગ્યા પર નવો ગૃહ પ્રકલ્પ ઊભા કરવામાં આવશે એ માહિતી પણ પ્રધાન શ્રી આવ્હાડે આપી.

### નવું ઊર્જા ધોરણ



રાજ્યના કૃષિ વીજળી ગ્રાહકોનાં વીજળી બિલ ઉધાર બાબત અને ઉદ્યોગવૃદ્ધિ માટે નવું ઊર્જા ધોરણ તૈયાર કરવામાં આવશે, એવી માહિતી ઊર્જાપ્રધાન ડૉ. નીતિન રાઉતે આપી. ખેડૂતવર્ગ મહત્ત્વનો ઘટક હોઈ એના હિતરક્ષણ માટે ઊર્જા વિભાગે કાર્ય કરવાનું છે. એમની લેણી નીકળતી રકમ ઓછામાં ઓછી થાય એ માટે નિશ્ચિત એવું ધોરણ તૈયાર કરવું એવો નિર્દેશ વિભાગને આપવામાં આવ્યો છે. ગ્રામ્યકક્ષાએ ઊર્જામિત્રો દ્વારા વીજળી બિલ ઠેઠ ખેડૂતોના હાથમાં આપવામાં આવશે. એમની નીકળતી લેણી રકમ બાબત અને એમને મળનારી છૂટ બાબત ઊર્જામિત્ર ખેડૂતો સાથે ચર્ચા કરશે. આ પ્રકારના મુદ્દાઓ આ ધોરણમાં હશે. એ જ પ્રમાણે રાજ્યમાં ઉદ્યોગપતિને મળનારી વીજળી એ

### મેટ્રો-થ્રીના ભૂગર્ભ માર્ગનો ૨૫મો તબક્કો પૂરો



કુલાબા-બાન્દ્રા સિપ્ઝનો મેટ્રો-થ્રીના ભૂગર્ભકરણનો ૨૫મો તબક્કો વરલી ખાતે પર્યટન અને પર્યાવરણપ્રધાન આદિત્ય ઠાકરેની મુખ્ય હાજરીમાં સંપન્ન થયો. કુલ સાત પૅકેજના આ માર્ગના પૅકેજ-ત્રીજાના ભૂગર્ભકરણનો આ પ્રથમ તબક્કો હતો. મેટ્રો-થ્રી માર્ગ પર પૅકેજ-થ્રી સૌથી લાંબો પૅકેજ હોઈ આ અંતર્ગત મુંબઈ સેન્ટ્રલ, મહાલક્ષ્મી, સાયન્સ મ્યુઝિયમ, આચાર્ય અત્રે ચોક અને વરલી આ સ્થાનકોનો સમાવેશ છે.

પૅકેજ-થ્રીની ટનલ બોઅરિંગ મશીન તાનસા-૧ સાયન્સ મ્યુઝિયમની ઉત્તર દિશાથી ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ કાર્યશીલ થઈ. અનેક ભૂગોલીય સમસ્યાઓનો સામનો કરી અપલાઈન ભોંયરાનું ૨ હજાર ૭૩ મીટર ભૂગર્ભકરણ પૂરું કર્યું છે. આ ભૂગર્ભકરણ માટે ૧ હજાર ૩૮૧ સેગ્મેન્ટ રિંગોનો વપરાશ કરવામાં આવ્યો છે. કુલ ૧૭ ટીબીએમ હાલ ૩૩.૫ કિલોમીટર લંબાઈના માર્ગ કાર્યશીલ છે. વાહનવ્યવહારની દૃષ્ટિએ કુલાબા-બાન્દ્રા સિપ્ઝ આ મેટ્રો માર્ગ ૩ મહત્ત્વનો પ્રકલ્પ છે. એથી મુંબઈગરાઓની રોજિંદા પ્રવાસની સમસ્યામાંથી છુટકારો થશે. પ્રકલ્પનું અત્યાર સુધી લગભગ ૭૮ ટકા ભૂગર્ભકરણ અને ૫૦ ટકાથી વધુ બાંધકામ પૂર્ણ થઈ ગયું છે.

## મહારાષ્ટ્રને જીએસટી રિફંડ



વસ્તુ અને સેવાકર (જીએસટી) રિફંડ મહારાષ્ટ્રને ઝડપથી મળવું તેમ જ પાક વીમા યોજનાનો લાભ રાજ્યના બધા ખેડૂતોને મળવો એવી વિનંતી મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને કરી.

મુખ્ય પ્રધાન તરીકેનો પદભાર સ્વીકાર્ય બાદ પહેલી વાર જ મુખ્ય પ્રધાન ઠાકરેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ૭, લોકકલ્યાણ માર્ગના નિવાસસ્થાને મુલાકાત લીધી. આ મુલાકાત બાદ એમને ખાસદાર સંજય રાઉતના ૧૫, સફદરજંગ લેનના નિવાસે પત્રકાર પરિષદમાં આ માહિતી આપી. એ સમયે પર્યાવરણ તથા રાજશિષ્ટાચારપ્રધાન આદિત્ય ઠાકરે, ખાસદાર સંજય રાઉત અને ખાસદાર હેમંત પાટીલ હાજર હતા.

મુખ્ય પ્રધાન ઠાકરેએ કહ્યું કે જીએસટીનું રાજ્યના ભાગે આવતું રિફંડ મળવા માટે વડા પ્રધાનને આ પહેલાં પત્ર પાઠવ્યો હતો. ત્યાર બાદ રાજ્યને આ રિફંડ મળ્યું, પરંતુ આ રિફંડ ઝડપી ગતિએ મળવું એવી વિનંતી વડા પ્રધાન નરેન્દ્ર મોદીને કરી છે. આ બાબત કેન્દ્ર સંપૂર્ણ સહકાર કરશે એવી બાંયધરી શ્રી મોદીએ આ સમયે આપી.

'પ્રધાન મંત્રી પાક વીમા યોજના'નો લાભ રાજ્યના તમામ ખેડૂતોને મળવો જોઈએ એ પર પણ ચર્ચા થઈ. હાલ રાજ્યના ૧૦ જિલ્લાઓમાં 'પ્રધાન મંત્રી પાક વીમો' ઉતરાવવા માટે કંપનીઓ આવી ના હોવાથી ખેડૂતો સામે સમસ્યાઓ ઊભી થઈ રહી હોવાનો ચિતાર પણ વડા પ્રધાનને આપ્યો હોવાનું એમણે કહ્યું. આ મુલાકાતમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સુભગ સમન્વય બાબત વડા પ્રધાન શ્રી મોદી સાથે સકારાત્મક ચર્ચા થઈ.

એની કિંમત બાબત પણ પુનર્વિચાર કરવામાં આવશે. રાજ્યમાં ઉદ્યોગપતિઓ આવે, ઉદ્યોગ વૃદ્ધિ પામે એ માટે ઉદ્યોગપૂરક એવું નવું ઊર્જા ધોરણ તૈયાર કરવામાં આવશે એમ ડૉ. રાઉતે કહ્યું.

**ગ્રામપંચાયતોની નિયુક્તિ**

વીજળી બિલ વસૂલી વિશે જે રીતે વિવિધ ખાનગી કંપનીઓની નિયુક્તિ કરવામાં આવી છે એ રીતે રાજ્યના ૬ વિભાગમાં દરેક ગ્રામપંચાયતોની પ્રાયોગિક સ્તરે વીજળી બિલ વસૂલાત માટે નિમણૂક કરવી.

## કર્ણબધિરો માટે સ્વતંત્ર માહિતી કક્ષ

રાજ્યના કર્ણબધિરો માટે એમની સમસ્યાનો નિવેડો લાવવા માટે તેમ જ સરકારે એમના માટે લીધેલા નિર્ણયોની માહિતી પૂરી પાડવા માટે સાંકેતિક ભાષાતજ્જ્ઞ સહિત મંત્રાલયમાં સ્વતંત્ર માહિતી કક્ષ સ્થાપન કરવામાં આવનારો હોવાની માહિતી સામાજિક ન્યાય અને વિશેષ સહાયપ્રધાન ધનંજય મુંડેએ આપી.



કર્ણબધિર ઍસોસિયેશનની વિવિધ માગણીઓ બાબત મંત્રાલયમાં આયોજિત બેઠકમાં શ્રી મુંડેએ આ માહિતી આપી. કર્ણબધિર વિદ્યાર્થીઓ માટે એમાં જ ઉચ્ચ શિક્ષણ લેવા માટે સાંકેતિક ભાષાતજ્જ્ઞની નિમણૂક કરવા બાબત નિર્ણય લેવામાં આવનારા છે. વિદ્યાર્થીઓની શાળાનો દરજ્જો વધારવો, કર્ણબધિર વિદ્યાર્થીઓ માટે આઈટીઆઈની ધરતી પર પ્રશિક્ષણ આપવા માટે તંત્રશિક્ષણ વિભાગ સાથે ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે. સાંકેતિક ભાષાનો ડિગ્રી કોર્સ શરૂ કરવા બાબત પણ સરકાર સકારાત્મક હોઈ દિવ્યાંગ સંબંધિત લેવામાં આવનારા સરકારી નિર્ણયોની પ્રતો કર્ણબધિર શાળાઓ અને કર્ણબધિરો માટે કામ કરનારી સંસ્થાઓને મોકલવામાં આવશે. કર્ણબધિરોની શાળાઓમાં પ્રશિક્ષિત શિક્ષકોની નિયુક્તિ કરવામાં આવનારા હોઈ કર્ણબધિરો માટે ભૌતિક સુવિધાઓ સહિત શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

## બહુજન કલ્યાણ વિભાગ તરફથી નવા ૧૬ શુલ્કનું અનુદાન

વિચરતી જાતિઓ, ભટકતી જમાતો, અન્ય પછાત પ્રવર્ગ અને વિશેષ પછાત પ્રવર્ગ વિદ્યાર્થીઓ માટે હવે ૧૬ અન્ય શુલ્કોનો સમાવેશ કર્યો હોઈ એનું અનુદાન અનુદાનિત અને બિનઅનુદાનિત-કાયમ બિનઅનુદાનિત મહાવિદ્યાલયોમાં વ્યવસાયી અથવા બિનવ્યવસાયી શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓને પણ મળવાનું હોવાની માહિતી બહુજન કલ્યાણ વિભાગના પ્રધાન વિજય વડેટ્ટીવારે આપી. ૨૦૦૫-૦૬ના સમયગાળા દરમિયાન મહાવિદ્યાલય તરફથી અમલમાં મૂકવામાં આવતા વિવિધતાપૂર્ણ ઉપક્રમોને કારણે અન્ય શુલ્કોની બાબતમાં મોટા પ્રમાણમાં વધારો થયો હોઈ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આજ સુધી આ લાભ માત્ર

અનુદાનિત અને બિનઅનુદાનિત મહાવિદ્યાલયોમાં કળા, વિજ્ઞાન અને વાણિજ્ય શાખાઓમાં શિક્ષણ લેનારા અભ્યાસક્રમોના વિમુક્ત જાતિ, ભટકી જમાતી, અન્ય પછાત વર્ગ અને વિશેષ પછાત પ્રવર્ગ વિદ્યાર્થીઓને મળતો હતો, પરંતુ આ ફાયદો અનુદાનિત અને બિનઅનુદાનિત-કાયમ બિનઅનુદાનિત મહાવિદ્યાલયોમાં વ્યવસાયી અભ્યાસક્રમોને મળતો નહોતો.

આમાં પ્રવેશ શુલ્ક, વિવિધ ગુણદર્શન ઉપક્રમ શુલ્ક, વિદ્યાપીઠ વિકાસ નિધિ, વિદ્યાપીઠ વિદ્યાર્થી સહાય નિધિ-કલ્યાણ નિધિ, પ્રયોગશાળા શુલ્ક, કૉલેજ મૅગેઝિન શુલ્ક, કમ્પ્યુટર પ્રશિક્ષણ શુલ્ક, વિદ્યાપીઠ અશ્વમેઘ નિધિ, યૂથ ફેસ્ટિવલ શુલ્ક, જિમખાના શુલ્ક, નોંધણી શુલ્ક, વિદ્યાપીઠ વૈદ્યકીય મદદ નિધિ, વિદ્યાર્થી ઓળખપત્ર શુલ્ક આવા ૧૬ શુલ્કનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## સ્પર્ધા પરીક્ષા પ્રશિક્ષણ યોજના

યુપીએસસી દ્વારા ચયન થનારી કેન્દ્રીય પ્રશાસકીય સેવાઓમાં અલ્પસંખ્યાંક સમાજની આગેવાની વધારવા માટે અલ્પસંખ્યાંક આયોગ દ્વારા હાલ પાંચ જિલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવેલી સ્પર્ધા પરીક્ષા પ્રશિક્ષણ યોજના હવે રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ અમલમાં મૂકવા માટે યોજના તૈયાર કરવા બાબત અલ્પસંખ્યાંક વિકાસ વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે. એ સિવાય હાલ આ પ્રશિક્ષણ યોજનામાં શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓનું માસિક વિદ્યાવેતન બે હજાર રૂપિયાથી ચાર હજાર રૂપિયા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમ જ સંબંધિત પ્રશિક્ષણ સંસ્થાઓને આપવામાં આવતા નિધિની રકમ પણ ૫૦ હજાર રૂપિયા સુધી વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે... એવી માહિતી અલ્પસંખ્યાંક વિકાસપ્રધાન નવાબ મલિકે આપી.

અલ્પસંખ્યાંક સમાજની શાસકીય નોકરીઓમાં આગેવાની વધારવા માટે અલ્પસંખ્યાંક આયોગ દ્વારા કેન્દ્રીય લોકસેવા આયોગની સ્પર્ધા પરીક્ષાઓની તૈયારી માટે સ્પર્ધા પરીક્ષા પ્રશિક્ષણ યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાજ્ય પ્રશાસકીય પ્રશિક્ષણ સંસ્થાના મુંબઈ, કોલ્હાપુર, નાગપુર અને ઔરંગાબાદ ખાતેનાં કેન્દ્રો તેમ જ પુણેના યશદાસ્થિત કેન્દ્રમાં ચુનંદા તેજસ્વી અલ્પસંખ્યાંક વિદ્યાર્થીઓને આ યોજના દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવે છે. દરેક કેન્દ્રમાં દસ વિદ્યાર્થીઓનું ચયન કરવામાં આવે છે. હવે આ યોજનાની વ્યાપ્તિ રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ વધારવા માટેની યોજનાની તૈયારી કરવામાં આવનારી છે.

## શિવ ભોજનઃ થાળીની સંખ્યા બમણી



'શિવ ભોજન યોજના'ને બહોળો પ્રતિસાદ મળતો હોવાથી આ યોજનાનો વિસ્તાર કરવાની સૂચના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ અન્ન અને નાગરી પુરવઠા વિભાગને આપી હતી એ અનુસાર હવે આ યોજનાની થાળીઓની સંખ્યામાં બમણો વધારો થયો હોઈ આ સંખ્યા હવે ૧૮ હજારથી વધીને ૩૬ હજાર થાળી જેટલી થઈ છે. અન્ન, નાગરી પુરવઠા અને ગ્રાહક સંરક્ષણ સંબંધે સરકાર નિર્ણય પ્રસારિત કર્યો છે એ અનુસાર હાલ દરેક શિવ ભોજન કેન્દ્ર માટે ઓછામાં ઓછી ૭૫ અને વધુમાં વધુ ૧૫૦ થાળીઓનો ઉદ્દેશ માગણી અનુસાર વધારી ઓછામાં ઓછી ૭૫ અને વધુમાં વધુ ૨૦૦ થાળી વધારવામાં આવશે.

## કૃષિપ્રધાન એક દિવસ ખેતરમાં

ખેડૂતોના પ્રશ્નો જાણી લેવા માટે 'કૃષિપ્રધાન એક દિવસ ખેતરની મુલાકાતે' આ ઉપક્રમ અમલમાં મૂકવાનો કૃષિપ્રધાન દાદાજી ભૂસેએ ૭ ફેબ્રુઆરીના રોજ નાગપુર ખાતે થયેલા કાર્યક્રમમાં જાહેર કર્યું હતું. એનો અમલ અઠવાડિયામાં જ કૃષિપ્રધાને કર્યો હોઈ એમણે માલેગાંવ તાલુકાના વળવાડે, અજંગ-વડેલ, ઝોડગે અને માળમાથા ભાગના ખેડૂતોનાં ખેતરે જઈ એમની સમસ્યાઓ જાણી લીધી. ગામમાં કૃષિ અધિકારી, કૃષિ સહાયક આવે છે કે એવી પૃચ્છા પણ કૃષિપ્રધાને આ સમયે ખેડૂતોને કરી.

ભૂમિપુત્રોને કૃષિ ઉત્પાદન વૃદ્ધિ માટે પ્રોત્સાહન આપતી વખતે જ એમની સમસ્યાઓ જાણી લેવા માટે 'એક દિવસ ખેતરની મુલાકાતે' આ ઉપક્રમ કૃષિપ્રધાન શ્રી ભૂસેએ શરૂ કર્યો હોઈ કૃષિ સચિવ, આયુક્તએ પંદર દિવસમાં એક વાર જિલ્લા કૃષિ અધિકારીઓએ દર અઠવાડિયે ખેડૂતોના ખેતરે જઈ એમની સાથે સંવાદ સાધવો એવી સૂચનાઓ કરી છે. આ મુલાકાતમાં પાકનું આયોજન, ઉત્પાદનક્ષમતા આ બાબતે ચર્ચા કરતી વખતે ઉપલબ્ધ બજાર અને વિવિધ કૃષિ યોજનાઓ વિશે ખેડૂતોને માહિતી આપવી, એમ પણ કૃષિપ્રધાન ભૂસેએ વિભાગને સૂચના આપી છે.

નાગપુરના ખેડૂત પુરસ્કાર સમારંભમાં આ ઘોષણા કરી કૃષિમંત્રીએ પ્રત્યક્ષ



અમલ શરૂ કર્યો. માલેગાંવ તાલુકાના વળવાડેસ્થિત શાંતારામ ગવળી ખેડૂતના ખેતરે જઈ એમની સાથે સંવાદ સાધ્યો અને સમસ્યાઓ જાણી લીધી. પાક વીમા યોજના, ડુંગળી ઉત્પાદન બાબત એમણે ખેડૂતો સાથે ચર્ચા કરી. તમારી સમસ્યાઓ જાણી લેવા માટે કૃષિ સહાયક, કૃષિ અધિકારી તમારી પાસે આવે છે કે એવી પૃચ્છા પણ કૃષિપ્રધાને આ સમયે કરી. શ્રી ભૂસેએ અજંગ-વડેલ, ઝોડગે અને માળમાથા ભાગનાં ગામડાંના ખેડૂતોનાં ખેતરે જઈ સંવાદ સાધ્યો.

## પુણે મેટ્રોઃ સમજૂતી કરાર

પુણે મેટ્રો પ્રકલ્પ માટે યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બૅન્ક ૬૦૦ દસ લક્ષ યુરોનો (લગભગ ૪૮૦૦ કરોડ રૂપિયા) નિધિ પૂરી પાડવાની હોઈ એનો પહેલો હપ્તો ૨૦૦ દસ લક્ષ યુરો (લગભગ ૧૬૦૦ કરોડ રૂપિયા) ચૂકવવા બાબત સામંજસ્ય કરાર પુણે મેટ્રો અને યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બૅન્કમાં મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં થયો. યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બૅન્કના સહકારને કારણે પુણે મેટ્રો પ્રકલ્પને ગતિ મળશે.

મુંબઈ મહાનગર પ્રદેશ વિકાસ પ્રાધિકરણ કાર્યાલયમાં થયેલા આ કાર્યક્રમમાં પુણે મેટ્રોના વ્યવસ્થાપન સંચાલક બ્રિજેશ દીક્ષિત અને બૅન્કના ઉપાધ્યક્ષ એન્ડ્ર્યુ મેકડોવેલે કરાર પર હસ્તાક્ષર કર્યા.

યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બૅન્કે કરેલા આ સહકારને કારણે પુણે મેટ્રો પ્રકલ્પને ગતિ મળવાની હોઈ એ જલદી કાર્યાન્વિત થવામાં મદદ મળશે. આ પ્રકલ્પને કારણે પુણે અને આસપાસના ભાગોના વાહનવ્યવહારમાં અસરકારક સુધારો થશે અને પુણેના વિકાસમાં ટેકો મળશે.

પુણે મેટ્રોની ભૌતિક પ્રગતિ હાલ ૩૭ ટકા તો આર્થિક પ્રગતિ ૨૯.૫૩ ટકા થઈ છે. બૅન્કે આપેલા નિધિનો વપરાશ મેટ્રોના ભૂગર્ભ માર્ગ, ડેપો અને અન્ય કાર્યો માટે કરવામાં આવશે. યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બૅન્કનું મહારાષ્ટ્રમાં વિવિધ ક્ષેત્રોમાં મૂડીરોકાણ વિકાસ આશાસ્પદ છે. પુણે મેટ્રો સહિત નાસિક મેટ્રો અને પર્યાવરણ સંવર્ધન પ્રકલ્પ માટે અર્થસહાય કરવાની વિનંતી પણ મુખ્ય પ્રધાને આ સમયે કરી.

**પુણે મેટ્રો સંક્ષિપ્તઃ** • પુણે મેટ્રો રેલ પ્રકલ્પ આ મહત્ત્વાકાંક્ષી નાગરિક પરિવહન સુવિધા પ્રકલ્પ • મહામેટ્રો મારફત ૫૦:૫૦ ટકા કેન્દ્ર સરકાર અને મહારાષ્ટ્ર સરકારની સંયુક્ત ભાગીદારીમાં પ્રકલ્પ અમલમાં મૂકવામાં આવ્યો છે. • ૨૩ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ પ્રકલ્પનું કામ શરૂ. • આ પ્રકલ્પ ૩૨.૫ કિલોમીટર માર્ગનો હોઈ એમાં ૩૦ સ્ટેશન છે. • પ્રકલ્પનો કુલ ખર્ચ રૂપિયા ૧૧,૪૨૦ કરોડ જેટલો અપેક્ષિત છે. • કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સહાયતાથી એ.એફ.ડી. ફ્રાન્સ અને યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બૅન્ક મારફત પ્રકલ્પને આર્થિક ઋણ પ્રાપ્તિ.




**પુણે પ્રકલ્પ માટે યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બૅન્ક સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યો. એ પ્રસંગે મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે, જાહેર બાંધકામપ્રધાન (સાર્વજનિક ઉપક્રમ) એકનાથ શિંદે, પુણે મેટ્રોના વ્યવસ્થાપકીય સંચાલક બ્રિજેશ દીક્ષિત અને બૅન્કના ઉપાધ્યક્ષ એન્ડ્ર્યુ મૅકડોવેલ**

**યોજનાને બહોળો પ્રતિસાદઃ** રાજ્યમાં પ્રજાસત્તાક દિવસનું શુકન લઈ શિવ ભોજન યોજનાનો અમલ શરૂ કરવામાં આવ્યો હતો. પહેલા દિવસથી જ યોજનાને રાજ્યની દીન-ગરીબ જનતાએ વિશાળ પ્રતિસાદ આપ્યો.

**કેન્દ્રની પસંદગી પહેલાંની જ પદ્ધતિઃ** પ્રમાણે રાજ્ય સરકારના અન્ન અને નાગરી પુરવઠા વિભાગે ૧ જાન્યુઆરી, ૨૦૨૦ના શાસન નિર્ણય પ્રમાણે કેન્દ્ર ચયન પદ્ધતિ નિશ્ચિત કરી આપી છે. આ જ પદ્ધતિ પ્રમાણે આગળ પણ કેન્દ્ર ચયન કરવાની સૂચના શાસન નિર્ણય પ્રમાણે આપવામાં આવી હોઈ કેન્દ્રની પ્રતિ દિન થાળીની સંખ્યા હવે જરૂરત પ્રમાણે ૨૦૦ની મર્યાદામાં વધારી શકાશે.

**શિવ ભોજન કેન્દ્રની મુલાકાતઃ** અન્ન અને નાગરી પુરવઠા વિભાગના અધિકારીઓ ઉપરાંત તહસીલદાર, ગટ વિકાસ અધિકારી અને સમકક્ષ અધિકારીઓ મારફત શિવ ભોજન કેન્દ્રની મુલાકાત અને તપાસ આયોજિત કરવાની સૂચનાઓ પણ એમાં આપવામાં આવી છે. આ મુલાકાત દરમિયાન એ શિવ ભોજન કેન્દ્રની સ્વચ્છતા, સુઘડતા, અન્ન ગુણવત્તા બાબતો પર ધ્યાન આપવાનું છે.

પહેલા તબક્કામાં માત્ર શાસકીય કાર્યાલયો, રુગ્ણાલયો, બસ અને રેલસ્થાનકો, બજાર જેવાં સાર્વજનિક સ્થળો પર જ યોજના અમલમાં મૂકવામાં આવી હોય તો પણ ભવિષ્યમાં યોજનાનો વધુ વિસ્તાર કરવાનું આયોજિત છે.

## દિશા કાયદાની માહિતી



મહિલાઓ પર થતા અત્યાચારને રોકવાના દૃષ્ટિકોણથી કઠોર કાયદો લાવવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આ પ્રયત્નના એક ભાગરૂપે આંધ્ર પ્રદેશ સરકારે બનાવેલા દિશા કાયદાની માહિતી લેવા માટે ગૃહ પ્રધાન અનિલ દેશમુખે આંધ્ર પ્રદેશની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન તેઓ મુખ્ય પ્રધાન વાય.એસ.જગન રેડ્ડી અને ગૃહ પ્રધાન શ્રીમતિ મેખાથોટી સુચરિતા અને ત્યાંના પોલીસ મહાસંચાલક સાથે ચર્ચા કરી દિશા કાયદાની માહિતી લીધી. મહિલાઓ પરના અત્યાચારના ખટલા ગતિથી ચાલે અને ઝડપથી ચૂકાદો આવે એ માટે આંધ્ર પ્રદેશ સરકારે દિશા કાયદો બનાવ્યો છે. લૈંગિક અત્યાચારના

ગુના માટે ઝડપથી ખટલો ચલાવવો, ૨૧ દિવસમાં ચૂકાદો આપવો અને ગુનેગારને ફાંસી આપવાની જોગવાઈ આ કાયદામાં છે. આને લીધે આવા પ્રકારના ગુનાઓને અટકાવવામાં સફળતા મળે એવી શક્યતા છે.

## મહિનાના પહેલા સોમવારે શિક્ષણ દિન

શાળા ન્યાયાધીકરણના અધિકાર ક્ષેત્રમાં ના આવતી તકરારો પર કાર્યવાહી કરવા માટે હાલની સ્થિતિમાં અપૌચારિક વ્યવસ્થા ના હોવાથી તકરારોનું હલ ત્વરિત નીકળે આ ઉદ્દેશ સાથે રાજ્ય સરકારે શાળા, જિલ્લા અને વિભાગીય સ્તરે તકરાર નિવારણ સમિતિ સ્થાપન કરવાનો નિર્ણય લીધો છે તેમ જ દરેક શાળાઓમાં તકરાર પેટી મૂકવાની હોઈ આ તકરારોનું ત્વરિત નિરાકરણ કરવા માટે લોકશાહી દિવસના ઉપલક્ષ્યે દર મહિનાના પહેલા સોમવારે શિક્ષણ દિનનું આયોજન કરવામાં આવશે. આ માહિતી શાળા શિક્ષણપ્રધાન વર્ષા ગાયકવાડએ આપી.

હાલમાં શાળામાંની અસુવિધાઓથી લઈને જુદાં જુદાં પ્રશાસકીય કામો બાબત તકરાર નિવારણ માટે કોઈ પણ યંત્રણા હાજર નથી. એથી ઘણી વખત ગ્રામીણ શાળાઓને શહેરમાં આવી તકરાર આપવી પડે છે તેમ જ આ તકરારોનું નિરાકરણ પણ આવતું ના હોવાથી સમસ્યાઓનું સમયસર હલ નીકળતું નહોતું. આ તકરારોનો ભવિષ્યમાં સમયસર નિકાલ થાય એ માટે 'તકરાર પેટી'ની યોજના આંકવામાં આવી છે. શાળાસ્તરે મુખ્યાધ્યાપક અને શિક્ષકો સમાવેશક તકરાર નિવારણ સમિતિ હશે. એમાં વિદ્યાર્થીઓએ કરેલી તકરારો, શિક્ષકોની તકરારોનું નિરાકરણ થશે.

જિલ્લાસ્તરે તકરાર નિવારણ સમિતિ હોઈ એમાં જિલ્લા શિક્ષણ અધિકારી-શિક્ષણ નિરીક્ષક, ગટ શિક્ષણ અધિકારી કાર્યરત હશે તેમ જ વિભાગીય સ્તરે ઉપસંચાલકની અધ્યક્ષતા હેઠળ તકરાર નિવારણ સમિતિ સ્થાપન કરવામાં આવશે. વિદ્યાર્થી, વાલીઓ, શાળા અને સંસ્થાઓની તકરારોનું નિવારણ કરવા માટે વિભાગીય શિક્ષણ મંડળના અધ્યક્ષ, વિભાગીય શિક્ષણ ઉપસંચાલક, શિક્ષણ ઉપનિરીક્ષકની એક સમિતિ હશે. આ સમિતિના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓએ કરેલી ગણવેશ ના મળવો, કોઈ પણ પ્રકારનું શોષણ, શિક્ષણ હક કાયદાનું ઉલ્લંઘન જેવી કોઈ પણ પ્રકારની તકરારોનું ત્વરિત નિરાકરણ કરવામાં આવશે. એટલું જ નહીં, તો સંસ્થાચાલકો પણ આમાં સંસ્થાત્મક ફરિયાદો બાબતની તકરાર કરી શકશે. ગુણપત્રકમાં આપવામાં આવેલા ગુણ બાબતની તકરાર તેમ જ અન્ય વિવાદો આ માધ્યમ દ્વારા નિવારવામાં આવશે. તકરાર કરવા માટે દર વખતે શિક્ષણ અધિકારી કાર્યાલયમાં ના જતાં સ્થાનિક સ્તરે હલ પામવા માટે આ યંત્રણા ઊભી કરવામાં આવી છે.



## મહારાષ્ટ્રને 'સ્ટેટ ઑફ ધ યર' પુરસ્કારનું સન્માન



કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનના હસ્તે અને મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની મુખ્ય ઉપસ્થિતિમાં મહારાષ્ટ્ર રાજ્યને 'સ્ટેટ ઑફ ધ યર' પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો. આ પુરસ્કાર ઉદ્યોગપ્રધાન સુભાષ દેસાઈએ સ્વીકાર્યો.

'સીએનબીસી ટીવી ૧૮ ઈન્ડિયા'એ આયોજિત કરેલા 'ઈન્ડિયન બિઝનેસ લીડર એવૉર્ડ' કાર્યક્રમમાં આ પુરસ્કાર આપવામાં આવ્યો. આ કાર્યક્રમમાં પર્યટન, પર્યાવરણ તથા રાજશિષ્ટાચાર પ્રધાન આદિત્ય ઠાકરે, ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, વગેરે ઉપસ્થિત હતા.

## માણગાવ પરિષદનો શતાબ્દી મહોત્સવ

રાજર્ષિ છત્રપતિ શાહુ મહારાજની ઉપસ્થિતિમાં અને ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની અધ્યક્ષતા હેઠળ માણગાવ (તાલુકોઃ હાતકણંગલે) ખાતે ૨૧ અને ૨૨ માર્ચ, ૧૯૨૦ના રોજ પ્રથમ ઐતિહાસિક પરિષદ ભરાઈ હતી. એનો શતાબ્દી મહોત્સવ સમારંભ ૨૧ માર્ચ, ૨૦૨૦ના રોજ માણગાવ (તાલુકોઃ હાતકણંગલે) ખાતે આયોજિત કરવામાં આવનારો છે એવી માહિતી સામાજિક ન્યાય અને વિશેષ સહાય વિભાગના પ્રધાન ધનંજય મુંડેએ આપી.

માણગાવ પરિષદનું ઐતિહાસિક મહત્ત્વ ધ્યાનમાં લઈ રાજ્ય સરકારના સામાજિક ન્યાય વિભાગ અને બાર્ટી મારફત માણગાવ પરિષદના શતાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવશે. એ માટે માણગાવ પરિષદના શતાબ્દી સમિતિ દ્વારા જુદા જુદા કાર્યક્રમોનું અને ઉપક્રમોનું આયોજન કરવામાં આવશે.

**મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેની નાસિક વિભાગની મુલાકાત સ્મરણીય અને સુખદ અનુભવ આપનારી હતી. લોકોને એમનામાં કુટુંબના વડીલ જેવાં દર્શન થયાં. એમના શાંત, સંયમી અને સંવેદનશીલ વ્યક્તિત્વનો લોકોએ નજીકથી અનુભવ કર્યો.**




**નાસિક જિલ્લા અધિકારી કાર્યાલયમાં વિભાગીય તમામ જિલ્લાની સમીક્ષા બેઠકમાં મુખ્ય પ્રધાન.**

# કુટુંબ પ્રમુખનું સુખદ દર્શન

**ડૉ. કિરણ મોઘે**

**નાસિક** જિલ્લા અધિકારી કાર્યાલયમાં વિભાગના તમામ જિલ્લાની સમીક્ષા બેઠક અલગ રીતે લેવામાં આવી. આ બેઠકમાં જિલ્લાના વિધાનસભા સભ્યોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સરકારી વહીવટના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં એમના મતદારસંઘોની સમસ્યા જાણી લીધી અને એ જ સ્થળે એ ઉકેલવા માટે તત્કાળ નિર્ણય લીધા. 'અમારું કહેવું શાંતિથી સાંભળીને ત્વરિત નિર્ણય લેનારો આ પહેલો અવસર છે. એ માટે તમને મનથી ધન્યવાદ આપવો જ રહ્યો.' મુખ્ય પ્રધાનને સંબોધતી આવી પ્રતિક્રિયા જાણે બેઠકની ફળશ્રુતિ કહેનારી હતી.

એક પછી એક સમસ્યા કહેવામાં આવતી હતી..., દરેક વિધાનસભા સભ્યોને બોલવાની તક..., પ્રશ્ન કહેતાં જ 'આના પર આપણે શું કરી શકીએ, એ નિશ્ચિત કરીએ' એવો અધિકારીઓને સવાલ..., વહીવટના સચિવસ્તરીય અધિકારી ઉપસ્થિત હોવાથી ઝડપી નિર્ણય... અને નિષ્કર્ષ કરતી વખતે બેથી ત્રણ મિનિટનું ભાષણમાં લીધેલા નિર્ણયોની માહિતી..., સાથે 'આ સંવાદ આવો જ આગળ શરૂ રહેશે, તમારી સૂચના જરૂરથી આપતા રહો' એવું આહ્‌વાન પણ... બેઠકમાંથી નીકળતા લોકપ્રતિનિધિઓના ચહેરા પરનું સમાધાન સ્પષ્ટરૂપે જોવા મળતું હતું.

## મુંબઈ-પુણે-નાસિક સુવર્ણ ત્રિકોણ

નાસિક જિલ્લાની બેઠકમાં મુંબઈ-પુણે-નાસિક સુવર્ણ ત્રિકોણ વિશે કાર્યવાહી કરવાની મુખ્ય પ્રધાને કહ્યું. સાથે માલેગાવના વિકાસ પર ભાર, કૃષિપંપોને વીજપુરવઠો, પ્રધાન મંત્રી આવાસ યોજનાનાં મકાનો માટે રેતી પુરવઠો, પર્યટન વિકાસ, નિફાડસ્થિત ડ્રાયપોર્ટ, નદી જોડાણ પ્રકલ્પ, મનમાડના પાણી પ્રશ્ન વિશેના મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા.

## નીળવંડે ડેમનાં કામ બે વર્ષમાં

અહમદનગર જિલ્લાની બેઠકમાં નીલવંડે ડેમનાં કામ બે વર્ષમાં પૂરાં કરવામાં આવશે અને એ માટે અગિયારસો કરોડ રૂપિયા ઉપલબ્ધ કરી આપવામાં આવશે એવું શ્રી ઠાકરેએ કહ્યું. પશ્ચિમ પ્રવાહી નદીનું પાણી ગોદાવરીમાં લાવવું, અહમદનગર એમઆઈડીસીનો વિસ્તાર, 'સાવિત્રીબાઈ ફૂલે પુણે વિદ્યાપીઠ'નું અહમદનગર અને નાસિકમાં ઉપકેન્દ્ર, શિરડી વિમાનમથક વિકાસ, શ્રીરામપુરમાં વિદ્યુત ઉપકેન્દ્ર શરૂ કરવું, કોપરગાંવમાં ન્યાયાલયની ઈમારત, વગેરે બાબતોના નિર્ણય એ વખતે લેવામાં આવ્યા.

## કૃષિપંપોને દિવસે વીજપુરવઠો

કૃષિપંપોને દિવસના વીજપુરવઠો આપવાની જળગાંવ જિલ્લાના ખેડૂતોની માગણી હોવાથી અહીંના લોકપ્રતિનિધિએ જણાવ્યા પછી એને તત્કાળ પ્રતિસાદ આપતાં મુખ્ય પ્રધાને ઊર્જા વિભાગને એ બાબતનું નિયોજન કરવાની સૂચના આપી. જિલ્લાના અધૂરા સીંચાઈ પ્રકલ્પો પૂરા કરવાને મહત્ત્વ આપવામાં આવશે એવું એમણે કહ્યું.

જિલ્લા ક્રીડા સંકુલના કામ માટે નાણાં આપવાનું આશ્વાસન એમણે આપ્યું. ચાલીસગાંવ-માલેગાંવ રસ્તાઓના સમારકામ, ચાલીસગાંવ સરકારી ઈમારત, અમળનેરમાં આધુનિક હૉસ્પિટલ, ધાનોરામાં સબસ્ટેશન બાંધવું, વગેરે વિશે નિર્ણય લેવામાં આવ્યા.

## ધુળેમા માલેગાંવ રોડ પર ફ્લાયઓવર

ધુળેની પરિવહન સમસ્યા હલ કરવા માટે માલેગાંવ રોડ પર ફ્લાયઓવર બ્રિજ બાંધવા માટે પ્રસ્તાવ રજૂ કરવાની સૂચનાઓ મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ અધિકારીઓને કરી. જળયુક્ત શિવાર યોજનાનાં શરૂ થયેલાં કામો પૂર્ણ કરવામાં આવશે એવું પણ એમણે કહ્યું. શિરપુરમાં આરોગ્ય કેન્દ્રની સમસ્યા છોડાવવાના નિર્દેશ પણ એમણે આપ્યા. આદિવાસી આશ્રમશાળા અને છાત્રાલય બાંધકામ, જિલ્લા હૉસ્પિટલમાં ૧૦૦ ખાટલાની સુવિધા, આરોગ્ય વિભાગનાં ખાલી પદો, ગ્રામીણ હૉસ્પિટલ, આ વિશે પણ મુખ્ય પ્રધાને સકારાત્મક નિર્ણય લીધા.

## નંદુરબાર સૌંદર્યવાળો જિલ્લો

નંદુરબાર નૈસર્ગિક સૌંદર્યથી સર્જેલો જિલ્લો હોવાથી આ પરિસરનું આકર્ષણ હોવાનું મુખ્ય પ્રધાને જણાવ્યું. આ ભાગમાં આવવા માટે જવાબદારી વધી હોવાથી સમય મળતો નથી તો પણ દુર્ગમ ભાગની સમસ્યા દૂર કરીશ જ એવી જુબાની એમણે આપી. સુસરી પ્રકલ્પ માટે ૧.૭૫ કરોડ તો ધનપુર પ્રકલ્પ માટે ૧.૫ કરોડ આપવાની જાહેરાતથી જનતા ખુશ થઈ ગઈ. દુર્ગમ ભાગમાં મોબાઈલ નેટવર્ક માટે કેન્દ્ર પાસે તપાસ માટે છે એવું એમણે કહ્યું.

## ન્યાયમૂર્તિ બનાવનારી પહેલી વિદ્યાપીઠ

મહારાષ્ટ્ર અને ગોવા વકીલ પરિષદ દ્વારા આયોજિત 'વકીલ પરિષદ ૨૦૨૦'માં મુખ્ય પ્રધાન ઉપસ્થિત રહ્યા. એમની ઉપસ્થિતિમાં જિલ્લા ન્યાયાલયની નૂતન ઈમારતના પાયાના પથ્થરની ભરણી કરીને સમારંભ સંપન્ન થયો. મુખ્ય પ્રધાને જિલ્લા ન્યાયાલયની હેરિટેજ ગૅલરીની પણ મુલાકાત લીધી.

પરિષદમાં 'જલદ અને આધુનિક ન્યાયની દિશામાં' આ વિષય પર ચર્ચાસત્રમાં બોલતી વખતે બદલતા સમય અનુસાર સમાજની જરૂરતો ધ્યાનમાં લઈને બ્રિટિશકાળના કાયદાઓમાં ફેરફાર કરવાની જરૂર છે. ન્યાયમૂર્તિ તૈયાર કરનારી પહેલી વિદ્યાપીઠ મહારાષ્ટ્રમાં ઊભી કરવા માટે તમામ સહકાર્ય કરવામાં આવશે. જનતાને ઓછા સમયમાં ન્યાય મળે એ માટે સારા ન્યાયમૂર્તિની પરંપરા આગળ લઈ જનારા ન્યાયમૂર્તિ તૈયાર થાય અને રામશાસ્ત્રી પ્રભુણે જેવા ન્યાયાધીશ વિદ્યાપીઠમાંથી ઘડાય એવી અપેક્ષા એમણે વ્યક્ત કરી.

## સંતોષ થયો!



મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ વડાળા નાકા પરિસરમાં દ્વારકામાઈ બચતજૂથે શરૂ કરેલા 'શિવ ભોજન કેન્દ્ર'ની મુલાકાત લીધી અને લાભાર્થીઓ સાથે સંવાદ સાધ્યો. 'શિવ ભોજન થાળી બાબત સંતોષ છે કે?' આ એમના એક પ્રશ્નથી તુકારામ નાડે નામના લાભાર્થીની આંખમાં આંસુ આવ્યાં. મુખ્ય પ્રધાનને આટલી આસ્થાથી પુછ્યું એ તેમના અને બીજા માટે પણ સુખદ અનુભવ હતો. 'શાંતિથી જમો, જમવાનું સારું છે ને' એવો કૌટુંબિક ઘનિષ્ઠનો સંવાદ લાભાર્થીઓ માટે જમવા કરતાં વધુ મીઠો સ્વાદ આપનારો હતો.

## ખેડૂત એ જ મહારાષ્ટ્રનું કેન્દ્રબિંદુ


મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ જળગાંવ જિલ્લાના પ્રવાસમાં જૈન ઈરિગેશન લિમિટેડ તરફથી આપવામાં આવનારા પદ્મશ્રી ડૉ. અપ્પાસાહેબ પવાર આધુનિક કૃષિ ઉચ્ચ-તંત્ર પુરસ્કાર'નું વિતરણ કરવા આવ્યું હતું. આ કાર્યક્રમમાં માજી કેન્દ્રીય કૃષિપ્રધાન શરદ પવાર, કામગાર કલ્યાણપ્રધાન દિલીપ વળસે-પાટીલ, રાજ્યના કૃષિપ્રધાન દાદાજી ભુસે, પાણીપુરવઠા અને સ્વચ્છતા પ્રધાન ગુલાબરાવ પાટીલ ઉપસ્થિત હતા.

રાજ્યનો ખૂડેત એ જ મહારાષ્ટ્રનું કેન્દ્રબિંદુ છે. ખેડૂતોને કરજમુક્તિના વમળમાંથી બહાર કાઢવા માટે 'મહાત્મા જોતિરાવ ફૂલે ખેડૂત કરજમુક્તિ યોજના' એ પ્રથમ ઉપાય હોવાથી ખેડૂતોને વીજ, પાણી અને એમના ખેતમાલને ગૅરન્ટેડ ભાવ મેળવી આપવા માટે રાજ્ય સરકાર વચનબદ્ધ હોવાનું મુખ્ય પ્રધાને આ સમયે કહ્યું. શ્રી ઠાકરેના હસ્તે જૈન હિલ્સમાં કૃષિ જૈવ તંત્રજ્ઞાન સંશોધન અને વિકાસ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

## મુખ્ય પ્રધાનપદની મોટી જવાબદારી

મુક્તાઈ નગરમાં મુખ્ય પ્રધાનની ઉપસ્થિતિમાં થયેલા ખેડૂત મેળામાં ખેડૂતોને સારો પ્રતિસાદ મળ્યો. મને જનતાના આશીર્વાદથી મુખ્ય પ્રધાનપદની મોટી જવાબદારી મળી હોવાથી આ જવાબદારી લેતાં ખેડૂત, બેરોજગાર યુવાન, મહિલાઓ માટે કામ કરવાની શરૂઆત સરકાર કરતી હોવાનું એમણે કહ્યું.

**પ્ર. ઉપસંચાલક (માહિતી), નાસિક**



નિસર્ગરમ્ય ગણપતિપુળે

**આંકડાઓની વાત કરવાને બદલે આપણી સરકાર ઍક્શનને વધુ મહત્ત્વ આપે છે. કોંકણના વિકાસાર્થે નિધિની ઘટ પડવા દેવામાં આવશે નહીં. ગણપતિપુળે જ નહીં તો કોંકણ સહિત નવું મહારાષ્ટ્ર ઘડવાનું કાર્ય આપણે સૌ મળીને કરશું એવું મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કોંકણની મુલાકાત દરમિયાન કહ્યું.**

# કોંકણ સહિત નવું મહારાષ્ટ્ર ઘડીએ

**સિંધુદુર્ગ** જિલ્લાના વિષયો બાબત વિસ્તૃત અવલોકન ઉદ્ધવ ઠાકરેએ કર્યું. તિલારી પ્રકલ્પ ક્ષેત્રમાં પર્યટન વિકાસાર્થે વન સંવર્ધન આરક્ષિત કરી પર્યટનની સુવિધાઓ ઊભી કરવા બાબત એકત્રિત પ્રસ્તાવ તૈયાર કરવો, એલઈડી માછીમારી વિરોધમાં રાજ્યમાં કડક કાયદો બનાવવામાં આવશે, જિલ્લાનાં તમામ ખાલી પડેલાં પદો ભરવા વિશેની કાર્યવાહી ત્વરિત શરૂ કરવી એમ મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ એમની મુલાકાત દરમિયાન કહ્યું.

કબુલાયતદાર ગાવકાર પ્રકરણમાં જિલ્લામાં મહારાષ્ટ્ર સરકારના નામે ૬૫૮ હેક્ટર જમીન બાબત એકત્રિત બેઠક લઈ નિર્ણય લેવામાં આવશે. જિલ્લામાં બાંધવામાં આવનારા ધોવાણ પ્રતિરોધક બંધો પથ્થરના બાંધવા માટે સંબંધિત વિભાગને પ્રસ્તાવ કરવો, દરિયાઈ મહામાર્ગના કૉન્ક્રીટકરણ કરતાં ઓછા ખર્ચમાં ટકાઉ રસ્તાઓ બનાવવા માટે બેચ મિક્સનો વપરાશ કરવો, રેડી અને આરોંદા બંદર ફરીથી શાસન પાસે લેવા બાબત વિચાર કરવામાં આવશે, સબમરીન પ્રકલ્પ વિશે સકારાત્મક વિચાર કરીશું, જિલ્લામાં અદ્યતન ક્રીડા સંકુલ ઊભું કરવામાં આવશે, કવિ મંગેશ પાડગાંવકર સહિત અન્ય મહાન વ્યક્તિઓનાં સ્મારકો ઊભાં કરવા બાબત પ્રસ્તાવો આપવા, એમાં એ વ્યક્તિવિશેષનો સમાવેશ રહેશે એની કાળજી લેવી, એક મહિનામાં પર્યટન વિકાસ મહામંડળને જિલ્લાનો પૂરેપૂરો પર્યટન પ્લાન રજૂ કરવો એવી વિવિધ સૂચનાઓ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ આ સમયે કરી.

## માછીમારો માટે ઋણમાફીનો વિચાર

રાજ્યમાં ખેડૂતોને બે લાખ રૂપિયા સુધીની ઋણમાફી જાહેર કરવામાં આવી છે. આ જ પ્રમાણે માછીમારોને ઋણમાફી આપવા બાબત રાજ્ય સરકાર વિચારી રહી છે. એવા માછીમારો વિશે સર્વેક્ષણ કરી એમની વર્ગવારી તૈયાર કરવી. માછીમારોનું કરજ કયા પ્રકારનું છે અને કેટલું છે, કયા સમૂહના માછીમારો એને પાત્ર ઠરી શકે છે એની વિસ્તૃત માહિતી રજૂ કરવી. એનો અભ્યાસ કરી માછીમારોની ઋણમાફી વિશે વિચાર કરવામાં આવશે.

## કણકવલી ટ્રોમા કેર

કણકવલીસ્થિત ટ્રોમા કેર સેન્ટર જલદી જ શરૂ થઈ રહ્યું છે તેમ જ વાઈરોલૉજી લૅબ એપ્રિલ સુધી શરૂ થઈ જશે, માકડ તાપ (મંકી ફીવર)ની નવી રસી મેળવવા બાબતે કેન્દ્ર સમક્ષ પ્રસ્તાવ મોકલવો, વેંગુર્લાસ્થિત ઉપજિલ્લા રુગ્ણાલયનું કાર્ય પૂરું થઈ ગયું છે, એપ્રિલમાં આ રુગ્ણાલય શરૂ થઈ જશે, કુડાળ ખાતેના મહિલા અને બાળરુગ્ણાલય માટે લાગનારું ભંડોળ આપવાની વ્યવસ્થા ત્વરિત કરવી, જિલ્લાની આરોગ્યયંત્રણા મજબૂત રહેવા માટે આરોગ્ય વિભાગે યોગ્ય કાળજી લેવી એવી સૂચના પણ મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ આપી.

## અપૂર્ણ અને પ્રલંબિત પ્રસ્તાવો માર્ગે

જિલ્લાના અરુણા, નરડવે, સી-વર્લ્ડ જેવા રખડી પડેલા પ્રકલ્પો જલદી પાટા પર ચડાવીશું. સી-વર્લ્ડ જેવા પ્રકલ્પો માટે ખાનગી રોકાણકારો આગળ આવે તો એ માટે મૂડી અનુદાન આપી પ્રકલ્પ જલદી પૂરા કરવાના પ્રયત્નો કરવામાં આવશે. રખડી પડેલા સીંચાઈ પ્રકલ્પ પૂરા કરવા માટે આવતી સમસ્યાઓ હલ કરી એને માર્ગે લગાવવામાં આવશે તેમ જ ૨૨

કરોડ ૧૨ લાખ ખર્ચનો મસૂરે (આંગણાવાડી)ની લઘુસીંચાઈ યોજનાને પ્રશાસકીય માન્યતા આપવામાં આવી હોય એવો પત્ર મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ પાલકપ્રધાન ઉદય સામંતને સુપરત કર્યો. આ યોજનાની શિલારોપણવિધિ પણ મુખ્ય પ્રધાનના હસ્તે કરવામાં આવી.

## સિંધુદુર્ગ કિલ્લાનું સર્વેક્ષણ

મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સિંધુદુર્ગ કિલ્લાની મુલાકાત લઈ કોટનું સર્વેક્ષણ કર્યું. આ સમયે મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સિંધુદુર્ગ કિલ્લા પરના છત્રપતિ શિવાજી મહારાજના મંદિરે જઈ શિવછત્રપતિનાં દર્શન કર્યાં. કોટ પરનાં ભવાનીમાતાના પણ એમણે દર્શન કર્યાં.

## નવા ઉદ્યોગપતિઓને મંજૂરીપત્રોની ફાળવણી

મુખ્ય પ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્રમ હેઠળ સિંધુદુર્ગ જિલ્લાના પાંચ નવા ઉદ્યોજકોને ઉદ્યોગપ્રધાન સુભાષ દેસાઈની હાજરીમાં મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના હસ્તે મંજૂરીપત્રોની ફાળવણી કરવામાં આવી. સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ ઊભા કરવાનું પ્રોત્સાહન મળવું અને એમાંથી રોજગારની તકો નિર્મિત થવી આ ઉદ્દેશથી મુખ્ય પ્રધાન રોજગાર નિર્મિતી કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ અંતર્ગત જિલ્લાના ૧૦૨ પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે.

## દેવસ્થાન સમિતિઓની જમીનો

રાજ્યસ્થિત દેવસ્થાન સમિતિઓની જમીનોનું હસ્તાંતરણ સહજ થાય એ માટે મહિનામાં વ્યૂહાત્મક નિર્ણય લેવામાં આવશે એવી જાહેરાત મુખ્ય પ્રધાને કરી. રત્નાગિરિ જિલ્લાના વિવિધ વિષયો બાબત વિસ્તૃત અહેવાલ મુખ્ય પ્રધાન ઠાકરેએ લીધો.

## પૂર અવરોધકને મંજૂરી

હાલના વરસાદમાં રાજાપુર શહેરમાં પૂરનાં પાણી ફરી વળ્યાં અને બે માળનાં મકાનો ડૂબ્યાં તેમ જ ચિપળુણમાં પણ દસ ફૂટ ઊંચાઈ સુધી મુખ્ય બજારમાં પાણી ઘૂસી ગયાં હતાં. આ બન્ને સ્થળે પૂર અવરોધવા માટે નદીને લાગીને સંરક્ષણ ભીંત ઊભી કરવા મુખ્ય પ્રધાને માન્યતા આપી.

> “ મુંબઈમાં પણ દરિયો છે અને કોંકણમાં પણ, પરંતુ કોંકણનો દરિયો સ્વચ્છ અને સુંવાળો છે એ મેં કિલ્લાઓનાં છાયાચિત્રો લેતી વખતે જોયું છે. અહીંની માટીના માણસો પણ એવા જ નિર્મળ છે. આવા કોંકણનો વિકાસ કરવામાં નિધિની ઊણપ ક્યારેય પડવા દઈશ નહીં.
>
> **– શ્રી ઉદ્ધવ ઠાકરે, મુખ્ય પ્રધાન** ”

## પદ ભરતીની ચક્રાકાર પદ્ધતિ

રત્નાગિરિ અને સિંધુદુર્ગ જિલ્લાઓમાં મોટા પ્રમાણમાં ખાલી પદોની સમસ્યા છે. એ માટે વ્યૂહાત્મક નિર્ણય લેવામાં આવ્યો હોઈ તમામ પદ ભરવામાં આવશે. પદ ભરતી માટે ચક્રાકાર પદ્ધતિમાં આ બે જિલ્લાઓનો પ્રાથમિકતા ક્રમ હશે એમ મુખ્ય પ્રધાને કહ્યું.

રત્નાગિરિ જિલ્લાને રાયગઢ સાથે જોડતો પુલ મેરી ટાઈમ બોર્ડ વતીએ સાર્વજનિક બાંધકામ વિભાગના નિધિમાંથી પૂર્ણ કરવામાં આવશે. તદુપરાંત રત્નાગિરિ નજીકના નિવળી ઘાટ તેમ જ અન્ય રસ્તાઓનાં કામોને પ્રાથમિકતા આપવામાં આવશે એમ મુખ્ય પ્રધાને કહ્યું.

**ટીમ લોકરાજ્ય**

■■

## ગણપતિપુળેનો વિકાસ પ્લાન

ગણપતિપુળે ખાતે ૧૦૨ કરોડના વિકાસપ્લાનનું ભૂમિપૂજન મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેના હસ્તે કરવામાં આવ્યું.



આવો છે પ્લાન **તબક્કો-૧:** ■ શ્રીક્ષેત્ર ગણપતિપુળે ગણેશમંદિરનું તેમ જ પરિસર વિભાગ સંબંધિત પ્લાનનાં કાર્યો. ■ શ્રીક્ષેત્ર ગણપતિપુળે ખાતે આવનારા ભક્તજનોને માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધિ. ■ પાણીપુરવઠા યોજના અને સ્વચ્છતા બાબતનાં કાર્યો. ■ વધુ ક્ષમતાધારક સ્નાનાઘરો અને શૌચાલય બાંધણી. ■ પર્યટકો અને ભક્તજનોને સમુદ્રસ્નાન માટે સુરક્ષિત દરિયાકિનારે જગ્યાઓ આરક્ષિત કરવી.

**તબક્કો ૨:** ■ ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા, ઘનકચરાની વ્યવસ્થા. ■ વાહનમથક, સૌરઊર્જાનાં કાર્યો.

**તબક્કો ૩:** ■ શ્રીક્ષેત્ર ગણપતિપુળે ગામ અને પરિસરના રસ્તાઓ, આ પ્લાન ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી પૂરો કરવાનો ઉદ્દેશ નક્કી કરવામાં આવ્યો છે.

# મહારાષ્ટ્રનું અભિમાન રાયગઢ

**છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકનો સાક્ષીદાર રાયગઢ આજે પણ મહારાષ્ટ્રના દૈદીપ્યમાન ઈતિહાસની જુબાની આપે છે. રાયગઢ કેવળ ગઢ નહીં તો એ મહારાષ્ટ્રની અસ્મિતા અને અભિમાનનું પ્રતીક છે. અહીંનો હિરકણી બુરજ મહારાષ્ટ્રની ધૈર્યવાન મહિલાની શૌર્ય ગાથા કહેતો ઊભો છે. શિવાજીના સમયમાં અનેક ચડતી-પડતી અનુભવનારો, બાંધકામનો સુંદર નમૂનાવાળો આ ગઢ શિવપ્રેમી, ડુંગરપ્રેમી માટે તીર્થસ્થળ જ છે.**

**સારંગ ખાનાપૂરકર**

**ભારતભૂમિ** પર રાજ કરતા પાંચ શાહના નાક નીચે હિંદુ સામ્રાજ્યનું નિર્માણ કરનારા છત્રપતિ શિવાજી મહારાજ જે સ્થળે સિંહાસનાધિશ્વર થયા એ આ રાયગઢ. સ્વરાજ્યની બીજી રાજધાની. રાજગઢ પરથી પચ્ચીસ વર્ષ કારભાર કર્યા પછી મહારાજે સુરક્ષાની દૃષ્ટિથી રાજધાની રાયગઢને બનાવી. સમુદ્રની પાસે અને અત્યંત દુર્ગમ રાયરી ડુંગરનો શિવાજીએ ૧૬૫૬માં જાવળીના મોરે પાસેથી કબ્જે લીધો. એનો આકાર અને જગા જોઈને જ એમણે



ગાદી માટે આ જ ગઢ કરવો એવું નક્કી કર્યું. વીજાપુર તરફ નીકળેલા કલ્યાણના સૂબેદારનો ખજાનો લૂંટીને એ પૈસામાંથી રાયગઢ બાંધવામાં આવ્યો. આ ગઢ પર સરોવરો, કૂવાઓ, કારખાનાં, વાડાઓ, મંદિરોની બાંધણી કરવામાં આવતાં એ ખૂબ જ સુંદર બન્યો. ઊંચા ખડકાળ ડુંગર પર આવેલો, દુશ્મનને અભેદ લાગનારો આ ગઢ જોનારાને આશ્ચર્યમાં નાખે છે. હિરકણીએ આ ગઢને એક વાર અચંબિત કરી નાખ્યો હતો. (શિવાજીના રાજ્યાભિષેકનો સૌથી આનંદની પળ જોનારા આ ગઢના નસીબમાં એમનું મહાનિર્વાણ જોવાનુંય હતું.)

## ભૌગોલિક સ્થાન

ગિરિદુર્ગ પ્રકાર પ્રમાણેના રાયગઢની ઊંચાઈ સમુદ્રસપાટીથી ૨૮૫૧ ફૂટ છે. આ ગઢની પૂર્વમાં લિંગાણા, દક્ષિણમાં મકરંદગઢ, પ્રતાપગઢ અને વાસોટા આવેલા છે. ઉત્તરમાં કોંકણદીવા તો અગ્નિ દિશામાં રાજગઢ અને તોરણા છે. રાયગઢ જિલ્લામાં મહાડથી પચ્ચીસ કિલોમીટરના અંતર પર આ ગઢ આવેલો છે.

## ગઢ ઉપર જોવા જેવાં સ્થળો

**પાચાડસ્થિત જીજામાતાનો વાડો:** રાયગઢ પર સ્વરાજ્યની રાજધાની સ્થાપિત થઈ ત્યાં સુધી રાજમાતા જીજા સાહેબા વયોવૃદ્ધ ઉંમરમાં અહીં જ હતાં. ગઢ ઉપરની હવા, પાણી એમને માફક ન આવતાં શિવાજીએ એમના માટે રાયગઢની તળેટીમાં આવેલા પાચાડ ગામમાં એક વાડો બાંધી આપ્યો. જીજામાતા ઘણો સમય અહીં જ રહેતાં. આ વાડામાં એક વાવ છે. જીજામાતાને બેસવા માટે પથ્થરનું આસન પણ અહીં જોવા મળે છે. આ વાવને 'તક્ક્યાની વાવ' કહે છે.

**ખુબલઢા બુરજ:** પગથિયાં ચડીને ગઢની નજીક પહોંચતાં જ શરૂઆતમાં એક બુરજ દેખાય છે. 'ખુબલઢા' એવું આ બુરજનું નામ છે. બુરજની પાસે એક સમયે ચિત દરવાજો હતો, જે હવે પૂરી રીતે ધ્વસ્ત થયો છે.

**નાનો દરવાજો:** નાના ઉર્ફે નાણે દરવાજો એટલે નાનો દરવાજો. બે કમાનવાળો આ દરવાજાની અંદરની બાજુ બે ઓરડા છે. ચોકીદારોના આ ઓરડાને 'દેવડ્યા' કહે છે.

**મસ્જિદમોરચા:** ચિત દરવાજાના રસ્તે આગળ ગયા પછી એક સપાટ જગા આવે છે. આ સપાટ જગાની એક બાજુમાં મદનશહા નામના સાધુની સમાધિ છે. બાજુમાં બે ઈમારત પણ છે. આમાંથી એક ધાન્યનો કોઠાર હોવાથી બીજી ઈમારત ચોકીદારો માટે હતી. અહીં જ તોપ માટેની જગા પણ છે. થોડા આગળ જતાં પથ્થરમાં કોતરેલી ત્રણ ગુફા જોવા મળે છે.

**મહાદરવાજો:** રાયગઢના મહાદરવાજાને બે મોટા બુરજ છે. એમાંના એકની ઊંચાઈ ૭૫ ફૂટ તો બીજાની ઊંચાઈ ૬૫ ફૂટ છે. દરવાજા પર બન્ને બાજુએ કમળાકૃતિ કોતરેલી જોવા મળે છે. આ કમળાકૃતિ એટલે લક્ષ્મી અને સરસ્વતીનું પ્રતીક માનવામાં આવે છે. દરવાજાને લાગીને જ આવેલી દીવાલની જગ્યામાં એટલે જ દુશ્મન પર મારો

## ગઢનો ઈતિહાસ

'રાયરી' આ રાયગઢનું જૂનું નામ. આ ગઢને 'નંદાદીપ', 'જંબુદ્વીપ', 'રાયગિરિ', 'શિવલંકા', 'ભિવગઢ', 'ઈસ્લામગઢ' જેવાં અનેક નામ મળ્યા છે. આ ગઢનું શાંત વાતાવરણ જોઈને પશ્ચિમના લોકોએ એને પૂર્વનો 'જિબ્રાલ્ટર' એવું પણ નામ આપ્યું છે. પાંચમી સદીથી શિર્કે ઘરાણા પાસે આ ગઢ હતો. ત્યારે કિલ્લાનું આવું સ્વરૂપ નહોતું. નિઝામશાહીમાં કેદીઓને રાખવા માટે આ ગઢનો ઉપયોગ થતો હશે. પછી શિવાજીએ એપ્રિલ, ૧૬૫૬માં ગઢને ઘેરો ઘાલીને એ પોતાના કબજે કરી લીધો. આ ગઢ પર શિવાજી રાજાનો ૬ જૂન, ૧૬૭૪ના રોજ રાજ્યાભિષેક થયો. રાજ્યાભિષેક પહેલાં રાજાએ દેવી માટે ત્રણ મણ સોનાનું છત્ર બનાવ્યું હતું. છેલ્લાં શ્વાસ સુધી સ્વરાજ્ય માટે લડનાર શિવાજીએ આ જ ગઢ પર દેહ છોડ્યો હતો. ૧૬૮૯માં છત્રપતિ રાજારામ મહારાજના શાસનમાં કિલ્લેદાર સૂર્યાજી પિસાળેએ રાજદ્રોહ કરવાથી આ સ્વરાજ્યનો મુકુટમણિ મોગલોના હાથમાં પડ્યો. એ પછી લગભગ ૪૪ વર્ષ પછી શાહુ મહારાજના શાસનમાં ૧૭૩૩માં મરાઠાઓએ આ ગઢ પાછો જીતી લીધો.

ચલાવવા માટે મૂકેલાં બાકોરાં. આ દીવાલ જમણી તરફ ટકમક ટોચ સુધી છે તો ડાબી તરફ હિરકણી ધાર સુધીની છે. મહાદરવાજામાંથી અંદર જતાં દેરું દેખાય છે. મહાદરવાજાથી ટકમક ટોચ પર દીવાલ પર ચાલતાં જતાં દીવાલ પૂરી થવાના થોડા અંતર પહેલા બુરજમાં ચોરદરવાજો છે.

**હાથી તળાવ-ગંગાસાગર તળાવઃ** મહાદરવાજાથી થોડા અંદર આવો કે સામે જ હાથી તળાવ દૃષ્ટિગોચર થાય છે. રાયગઢ પર ગજશાળા હતી. આ ગજશાળાના હાથીઓના સ્નાન અને પીવા માટે આ તળાવનાં પાણીનો ઉપયોગ થતો હતો. તળાવથી થોડા આગળ જતાં ગંગાસાગર તળાવ જોવા મળે છે. ગંગાસાગર તળાવની દક્ષિણ બાજુમાં બે ઊંચા થાંભલા છે, એને 'સ્તંભ' કહે છે.

**પાલખી દરવાજોઃ** ઉપરના બન્ને સ્તંભની પશ્ચિમમાં એક દીવાલ છે ત્યાં પગથિયાં ચઢી લીધા પછી પાલખી દરવાજો આવે છે. પાલખી દરવાજાથી ઉપર જતાં ચઢ-ઊતરવાળો એક રસ્તો છે. આ માર્ગ પર આગળ 'મેણા દરવાજો' છે. મેણા દરવાજાની જમણા હાથ તરફ રાણી મહેલ હતો. હવે એના અવશેષ જોવા મળે છે.

**રાજભવનઃ** આ અવશેષની પાછળ એક સમાંતર જનારી દીવાલ છે. આ દીવાલના મધ્ય ભાગમાં આવેલા દરવાજાથી નાના કિલ્લા પર જતાં સામે જ પ્રશસ્ત ઓટલો આવે છે. પાસે મહારાજનો રાજભવન છે. આ ઓટલો ૮૬ ફૂટ લાંબો અને ૩૩ ફૂટ પહોળો છે. રાજભવનની પૂર્વ તરફ ખુલ્લી જમીન પર એક તળઘર છે. એ જાગીરખાનું છે.

**રાજસભાઃ** ૨૨૦ ફૂટ લાંબો અને ૧૨૪ ફૂટ પહોળો એવો આ વિસ્તાર એ રાજસભા છે. પાંચથી છ હજાર વ્યક્તિઓ અહીં બેસી શકે. પૂર્વામુખી આ રાજસભામાં જ શિવાજીનો રાજ્યાભિષેક થયો હતો. આ સમયે બત્તીસ મણ સોનાનો સિંહાસન તૈયાર કરવામાં આવ્યો હતો એવું 'સભાસદ બખર'માં કહ્યું છે. આ સ્થળે હવે શિવાજીનું પૂતળું છે. સિંહાસનના સ્થળેથી થયેલું સંભાષણ બધે સંભળાય એવું ધ્વનિતંત્ર આશ્ચર્યચક્તિ કરનારું છે.

**નગારખાનુંઃ** સિંહાસનની સામે જ તમને ભવ્ય પ્રવેશદ્વાર દેખાશે. એ જ એ નગારખાનું. આ નાના કિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર છે.

**બજારઃ** નગારખાનામાંથી બહાર આવતાં ડાબી બાજુ 'હોળીનો માળ' લાગે છે. અહીં પણ શિવાજીનું પૂતળું છે. આ પૂતળાની સામે જ પથ્થરના ચોતરાની બે લાઈન દેખાય છે. બન્ને લાઈનમાં ચાલીસ ફૂટના રસ્તા છે.

**શિરકાઈ મંદિરઃ** શિવાજી મહારાજના પૂતળાની જમણી બાજુમાં શિરકાઈમાતાનું મંદિર છે. અનેક સદીથી શિર્કે પાસે આ ગઢ હોવાથી એમનાં કુળસ્વામિનીનું આ મંદિર છે. હમણાંનું મંદિર એ મૂળ નથી. માત્ર અંદરની મૂર્તિ પ્રાચીન છે. મૂળ મંદિર હોળીના માળ પર હતું. ત્યાં મંદિરનો ચબૂતરો જોવા મળે છે.

**જગદીશ્વર મંદિરઃ** બજારપેઠની નીચેની બાજુમાં પૂર્વ તરફ ઢોળાવ પર બ્રાહ્મણ વસતિ, બ્રાહ્મણ તળાવ પાછળ રહી જતાં સામે જે ભવ્ય મંદિર દેખાય છે એ જગદીશ્વરનું છે. અહીં નંદિની અત્યંત સુઘડ અને ભવ્ય મૂર્તિ છે. હમણાં એ ભગ્નાવસ્થામાં છે. મંદિરને સભામંડપ છે. અંદરની દીવાલ પર હનુમાનની ભવ્ય મૂર્તિ કોતરેલી છે. મંદિરના પ્રવેશદ્વારનાં પગથિયાં નીચે એક શિલાલેખ છે. એના પર 'સેવેચે ઠાયી તત્પર, હિરોજી ઈંદુલકર' એવું વાક્ય કોતર્યું છે. હિરોજી એ રાયગઢના સ્થાપત્યવિશારદ હતા એવું આ ઉપરથી સાબિત થાય છે.

**મહારાજની સમાધિઃ** મંદિરના પૂર્વ દરવાજાથી થોડા અંતર પર જ અષ્ટકોણ ચોતરો એટલે જ છત્રપતિ શિવાજી મહારાજની સમાધિ છે. હિંદ સામ્રાજ્યના પ્રતાપસૂર્યના સમાધિસ્થળે આપણે આપોઆપ નતમસ્તક થઈ જઈએ છીએ.

**વાઘ દરવાજોઃ** હોળીના માળની જમણી દિશામાં આવેલા કુશાવર્ત તળાવની નજીકથી જનારા રસ્તા પરથી નીચે ઊતરતાં વાઘ દરવાજા પહોંચી શકાય. મુશ્કેલ સમયની પરિસ્થિતિમાં વપરાશમાં લેનારા માર્ગોમાંથી આ એક છે.

**ટકમક ટોચઃ** બજારપેઠની સામેના રસ્તાથી 'ટકમક ટોચ' જઈ શકાય છે. આગળ જતી વખતે રસ્તો સાંકળો થતો જાય છે. આ ટોચ પરથી ગુનેગારોને નીચે ફંગોળી દેવામાં આવતા. અઢી હજાર ફૂટથી પણ વધારે ઊંચાઈવાળી આ ધાર પરથી નીચે પડતાં અવશેષ શોધવાનું કામ બહુ બાકી રહેતું નથી.

**હિરકણી ટોચઃ** ગંગાસાગર તળાવની જમણી બાજુમાં જનારો રસ્તો હિરકણી ટોચ જાય છે. અહીં તોપો છે. આ તોપના નાળમાં મોટો પ્રદેશ આવતો હોવાથી શિવાજીના સમયમાં આ ભાગ ઘણો મહત્ત્વનો હતો.

આ ઉપરાંત, પાચાડ માર્ગથી ઉપર જતાં ડાબી બાજુનો ડુંગર પર વાઘની આંખ જેવી દેખાતી 'નાચણટેપાની ગુફા' છે. આ ગુફા પાષાણયુગથી હોવી જોઈએ એવો અંદાજ છે. અહીંથી દેખાતો રાજગઢ, સૂસવાટા મારતો જોરદાર પવન અહીં આવ્યાનું સાર્થક કરે છે.

**લેખક દૈનિક 'સકાળ'માં પત્રકાર છે**

## રાયગઢ પર કેવી રીતે જશો?

રાયગઢ એ પુણે-મુંબઈ અને સાતારાથી લગભગ સરખા જ અંતર પર છે. રાયગઢને ત્રણ સ્થળેથી ટુ-વ્હીલર, ફોર-વ્હીલર અથવા બસથી જઈ શકાય.

**મુંબઈથીઃ** મુંબઈ-ગોવા મહામાર્ગ પર મહાડથી ૨૪ કિલોમીટરના અંતર પર રાયગઢ છે.

**પુણેથીઃ** તામ્હિણી ઘાટથી નીચે ઊતરતી વખતે એક રસ્તો કોલાડ ગામ તરફ જાય છે. માત્ર સરળ ન જતાં ઘાટ પૂરો થતાં જ ડાબી બાજુ નિજાપુરમાં જનારા રસ્તાથી આશરે પચ્ચીસ કિલોમીટર જતા પાચાડ માર્ગે રાયગઢ આવે છે.

રાયગઢ પર જવા માટે બે મુખ્ય માર્ગ છે

**૧) રોપ-વેઃ** રાયગઢનાં પગથિયાં પાસે જ હવે રોપ-વેની વ્યવસ્થા છે. આ માર્ગથી કેવળ ચાર મિનિટમાં ગઢ પર પહોંચી શકાય છે. ગઢ ચઢીને જવું શક્ય ન હોવાથી પગથિયાં પાસે રોપ-વેની ટિકિટ લઈને ગઢ પર જઈ શકાય.

**૨) પગથિયાં ચઢાણઃ** પાચાડ ખિંડીથી રાયગઢ પર જવા માટે રસ્તો છે. લગભગ ચૌદસો પગથિયાં ચઢ્યા પછી આપણે ગઢ પર પહોંચી શકીએ છીએ. ગઢ પર પહોંચવા માટે લગભગ બે કલાક લાગે છે. માત્ર ગઢ સારી રીતે જોવો હોય તો ઓછામાં ઓછી એક રાત તો ગઢ પર રહેઠાણ કરવું જરૂરી છે. ગઢ પર રહેવાની વ્યવસ્થા છે.

**‘સાહેબ, કરજમુક્તિની રકમ જમા થવાથી હવે દીકરીનાં લગ્નની ચિંતા નથી.... તમે પણ લગ્નમાં આવો’ આવું સ્નેહાળ આમંત્રણ પરભણી જિલ્લાના ખેડૂત વિઠ્ઠલરાવ ગરુડે મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને આપ્યું... તો કરજમુક્તિ માટે પહેલી વાર ધક્કા ખાવા પડ્યા નહીં એવી ભાવના અહમદનગર જિલ્લાના ખેડૂત પોપટ મુકટેએ મુખ્ય પ્રધાન સમક્ષ વ્યક્ત કરી. આ બન્ને પ્રાતિનિધીક પ્રતિક્રિયા ‘મહાત્મા જોતિરાવ ફૂલે કરજમુક્તિ યોજના’ની સફળ અમલબજાવણીની સફળતા પુરવાર કરનારી છે.**

# કરજ માફ થયું... સાહેબ, હવે દીકરીનાં લગ્નમાં પધારો!

**અજય જાધવ**

**‘મહાત્મા** જોતિરાવ ફૂલે કરજમુક્તિ યોજના’નો લાભ આપવાનો શુભારંભ મુખ્ય પ્રધાન શ્રી ઠાકરે અને નાયબ મુખ્ય પ્રમુખ શ્રી પવારના હસ્તે થયો. એ નિમિત્તે પરભણી, અહમદનગર અને અમરાવતી જિલ્લાના લાભાર્થી ખેડૂતો સાથે મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનને વિડિયો કૉન્ફરન્સિંગ દ્વારા સંવાદ સાધ્યો. આ સમયે ખેડૂતોની પહેલી યાદી પણ પ્રસિદ્ધ કરવામાં આવી.



**‘મહાત્મા જોતિરાવ ફૂલે કરજમુક્તિ યોજના’નો લાભ આપવાનો શુભારંભ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, સહકાર પ્રધાન બાળાસાહેબ પાટીલ, સાર્વજિનક બાંધકામપ્રધાન અશોક ચવ્હાણ, મહેસૂલપ્રધાન બાળાસાહેબ થોરાત, કૃષિપ્રધાન દાદાજી ભુસેના હસ્તે કરવામાં આવ્યો.**

## ધક્કા ખાવા પડ્યા કે?

આ યોજનાનો લાભ લેતી વખતે પરેશાની થઈ કે... કેટલા ધક્કા ખાવા પડ્યા, કેટલું કરજ હતું, કેટલા પાકનું કરજ લીધું હતું, પહેલાંની અને અત્યારની કરજમુક્તિ યોજનામાં શું ફરક જણાયો. આ પ્રશ્ન મુખ્ય પ્રધાન અને ઉપ-મુખ્ય પ્રધાને લાભાર્થીઓને પૂછ્યા. એના પર યોજના બાબત સો ટકા સમાધાની હોવાની ભાવના અહમદનગર જિલ્લાના પોપટ મુકટેએ વ્યક્ત કરતી વખતે ‘પહેલાંના સમયે ૫-૬ વખત ચક્કર મારવાં પડતાં હતાં. હવે કેવળ એક અંગૂઠા પર જ કામ થયું’ એવું કહ્યું.

## દીકરી અને જમાઈને લગ્નની શુભેચ્છા

પરભણીના પિંગળીમાં વિઠ્ઠલરાવ ગરુડને કરજમુક્તિની રકમ મળવાની હોવાથી ચિંતા દૂર થઈ હોવાની ભાવના વ્યક્ત કરી અને ‘દીકરીનાં લગ્ન નક્કી થયાં’ એવા આનંદના સમાચાર એમણે મુખ્ય પ્રધાન અને ઉપ-મુખ્ય પ્રધાનને આપ્યા. એના પર ઉપ-મુખ્ય પ્રધાન અજિત પવારે દીકરીને ક્યાં આપી એવી સ્નેહાળ પૂછપરછ કરતી વખતે જ દીકરી અને જમાઈને લગ્નની શુભેચ્છા પણ આપી. આ સંવાદ સાંભળતાં હરખાઈ ગયેલા વિઠ્ઠલરાવે મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનને દીકરીનાં લગ્નામાં પધારવાનું આમંત્રણ પણ આપ્યું.

## યોજનાની સફળતાનું શ્રેય યંત્રણાને

રાજ્યમાં ખેડૂતોને કરજમુક્તિમાંથી ચિંતામુક્ત કરનારી  મોટી યોજનાની અમલબજાવણી કેવળ ૬૦ દિવસમાં થઈ. આનું શ્રેય યંત્રણાને છે. આ યોજના અમલમાં મુકીને આપણે ખેડૂતો પર કંઈ ઉપકાર કરીએ છીએ એવી ભાવના રાખતા નહીં. ખેડૂતોના આશીર્વાદ આપણે આ માધ્યમથી લઈએ છીએ એના લીધે આપણે લાભાર્થી છીએ. કેટલીક જગ્યાએ અમલબજાવણી કરતી વખતે ઊણપ જણાઈ આવે તો ખેડૂતોએ નારાજ થવું નહીં. યંત્રણામાં કાર્ય કરનારા બધાએ ખેડૂતોના પ્રશ્ન સમજી લેતાં સંયમ છોડવો નહીં, બલિરાજાને દુ:ખી કરવા નહીં. એવી સૂચના પણ મુખ્ય પ્રધાને આ વખતે કરી.

## કરજમુક્તિ માટે યોજના

ખેડૂત કરજમુક્ત થવો એ માટે અમારા પ્રયત્ન છે. એ જ ભાવનામાંથી આ યોજના શરૂ કરી છે. કરજમુક્ત થઈને ખેડૂતો પાછા કાળી માતાની સેવા કરી શકે, ખેતીમાંથી સારું ઉત્પાદન મેળી શકે, એ માટે સરકારી આ યોજના લાવી છે. ખેડૂત આનંદમાં રહે, એમનાં સંતાનોનું શિક્ષણ સારા પદ્ધતિથી થાય એવી અમારી ભૂમિકા છે. એવું નાયબ મુખ્ય પ્રધાન શ્રી પવારે કહ્યું.

## ૩૫ દિવસમાં ૩૫ લાખ કરજખાતાંની માહિતી ભેગી

આ વખતે અમરાવતીમાં સુરેશ કોટેકર, સરીતા ગાઢવે, બાબારાવ દામોદર સાથે પણ મુખ્ય પ્રધાન અને નાયબ-મુખ્ય પ્રધાનને સંવાદ સાધ્યો. યોજના અંતર્ગત ૩૪ લાખ ૮૩ હજાર ૯૦૮ ખેડૂતખાતાંની માહિતી પ્રાપ્ત થઈ છે. ૧૫ હજાર ૩૫૮ ખેડૂતોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. યોજના અંતર્ગત ૩૫ દિવસમાં ૩૫ લાખ કરજખાતાંની માહિતી ભેગી કરવામાં આવી છે અને ૧૫ દિવસની અંદર આ માહિતીનું ઑડિટ થયું છે. આ યોજનાની બધી અમલબજાવણી કમ્પ્યુટર પદ્ધતિથી થાય છે. ખેડૂતોની માન્યતા પછી જ કરજમુક્તિની રકમ ખાતાંમાં જમા થવાની છે. આધાર પ્રામાણિકરણ પછી ખેડૂતોને નોંધ પાવતી આપવામાં આવશે.

**વિભાગીય સંપર્ક અધિકારી**



सत्यमेव जयते

મહારાષ્ટ્ર સરકાર

સહકાર વિભાગ




# મહાત્મા જોતિરાવ ફૂલે ખેડૂત કરજમુક્તિ યોજના ૨૦૧૯

## જાહેર આહ્વાન

કરજમુક્તિ યોજના હેઠળ ખેડૂતોની યાદી જલદી જ જાહેર કરવામાં આવશે. જે ખેડૂતોનાં નામ આ યાદીમાં છે એમણે આ યોજનાનો લાભ લેવા માટે આધાર પ્રમાણીકરણ કરી લેવું. યોજનાનો લાભ ફક્ત જરૂરતમંદ ખેડૂતોને મળવો જોઈએ. એટલે નીચેના માપદંડ મુજબ લાભ પાત્ર ન હોય એવી વ્યક્તિઓનાં નામ જાહેર કરવામાં આવેલી યાદીમાં સમાવિષ્ટ હોય તો એમણે આ યોજનાનો લાભ લેવો નહીં, એવું જાહેર આહ્વાન કરવામાં આવે છે.

### નીચેની વ્યક્તિઓ આ યોજનાને લાભપાત્ર નથી...

- મહારાષ્ટ્ર રાજ્યના આજી-માજી પ્રધાન-રાજ્યકક્ષાના પ્રધાન/આજી-માજી લોકસભા-રાજ્યસભા સભ્ય/આજી-માજી વિધાનસભા-વિધાનપરિષદના સભ્ય.
- કેન્દ્ર અને રાજ્ય સરકારના બધા અધિકારી-કર્મચારી. (કુલ માસિક આવક રૂપિયા ૨૫,૦૦૦થી વધુવાળા માત્ર ચતુર્થ શ્રેણી કર્મચારી બાકાત)
- રાજ્ય સાર્વજનિક ઉપક્રમ (ઉદાહરણ મહાવિતરણ, એસટી મહામંડળ, વગેરે) અને અનુદાનિત સંસ્થાના અધિકારી અને કર્મચારી (કુલ માસિક આવક રૂપિયા ૨૫,૦૦૦થી વધારેવાળા)
- ખેતીબાહ્ય આવકમાંથી ટેક્સ ભરનારી વ્યક્તિ.
- નિવૃત્તિ આવકધારક વ્યક્તિ, જેની માસિક નિવૃત્તિ આવક રૂપિયા ૨૫,૦૦૦થી વધારે છે. (માજી સૈનિક બાકાત)
- કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ, સહકારી સાકાર કારખાના, સરકારી કાપડ મિલ, નાગરી સહકારી બૅન્કો, જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્કો અને સહકારી દૂધ સંઘના અધિકારી (કુલ માસિક આવક ૨૫,૦૦૦થી વધારેવાળા) અને પદાધિકારી (અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સંચાલક મંડળ)



**શ્રી ઉદ્ધવ ઠાકરે**


મુખ્ય પ્રધાન

# દેશનું સર્વાધિક વેચાતું માસિક

મહારાષ્ટ્ર સરકાર
સહકાર વિભાગ

# લોકરાજ્ય

અધિકૃત અને અચૂક માહિતી




‘એબીસીની અધિકૃત મોહર’

**લોકરાજ્ય (મરાઠી)**

**૬,૨૯,૭૯૨**

અન્નદાતા (તેલુગૂ)
૩,૪૩,૩૬૬

વનિતા (મલ્યાલમ)
૩,૪૦,૯૮૦

ગૃહલક્ષ્મી (હિંદી)
૩,૦૪,૨૦૩

મલ્યાલમ મનોરમા (મલ્યાલમ)
૨,૪૧,૧૯૩

માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય, મહારાષ્ટ્ર સરકાર

**Visit: www.mahanews.gov.in | Follow Us: /MahaDGIPR | Like Us: /MahaDGIPR | Subscribe Us: /MaharashtraDGIPR**


RNI No. 31910/77
O.I.G.S. ભારત સરકારની સેવામાં


**લોકરાજ્ય**

If undelivered, please return to:


**અનિલ આલૂરકર**
ઉપસંચાલક (પ્રકાશન)
માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય મહારાષ્ટ્ર સરકાર,
ઠાકરસી હાઉસ, બીજે માળે, મુંબઈ પોર્ટ ટ્રસ્ટ હાઉસ,
શુરજી વલ્લભભાઈ માર્ગ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ-૪૦૦૦૦૧


પ્રતિ/ To,


Lokrajya monthly magazine is printed and published on behalf of Government of Maharashtra by Anil Aloorkar, Deputy Director (Publication) Director, Directorate General of Information and Public Releations, Mantralaya, Mumbai. Printed ad Vrushaali printers, Jyoti Industrial Estate, Nooribaug Dargah Road, Thane (West), Published ad Directroate General of Information and Public Relations, Mantralaya, Mumbai 400 032 Editor-In-Chief: **Dr. Dilip Pandharpatte**

લોકરાજ્ય માસિક પત્રિકા માહિતી અને જનસંપર્ક મહાનિર્દેશનાલય, મહારાષ્ટ્ર સરકાર, મંત્રાલય, મુંબઈ વતીથી મુદ્રક અને પ્રકાશક શ્રી અનિલ આલૂરકર, ઉપસંચાલક (પ્રકાશન)એ વૃષાલી પ્રિન્ટર્સ, જ્યોતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નુરીબાગ દરગાહ રોડ, થાણે (પ) ૪૦૦ ૬૦૧થી છાપીને માહિતી અને જનસંપર્ક મહાનિર્દેશનાલય, મહારાષ્ટ્ર સરકાર, મંત્રાલય, મુંબઈ ૪૦૦ ૦૩૨થી પ્રકાશિત કર્યું.
– મુખ્ય સંપાદક: ડૉ. દિલીપ પાંઢરપટ્ટે